અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

08 MAY-2026 FRIDAY | Vol. : 17 | Issue : 305 | Page: 06 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886




સોમનાથ ભારતની અજેય સંસ્કૃતિનું પ્રતીક છે.
૧000 વર્ષના વિનાશકારી પ્રહારો બાદ પણ સોમનાથ આજે આપણાં આત્મ-સન્માન અને સાહસનું ઉદાહરણ બની ઊભું છે.
૭૫ વર્ષ પહેલાં લોહપુરુષ સરદાર વલલભભાઇ પટેલના સંકલ્પના કારણે આધુનિક સોમનાથનો માર્ગ પ્રશસ્ત થયો.
માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આજે આ પાવનભૂમિ ભારતના સાંસ્કૃતિક પુનરુત્થાનનો ઉદઘોષ કરી રહી છે.

**આ સ્વર્ણિમ અવસરના સાક્ષી બનો**

**મુખ્ય કાર્યક્રમો**

કળશ યાત્રા | ભજન સંધ્યા | ઓમકાર મંત્રના જાપ | સોમનાથ પુસ્તિકામાં મંત્રલેખન
સોમનાથ સાથે જોડાયેલી કથાઓનું વાંચન

“સોમનાથ આશાનું એ ગીત જે આપણને શીખવાડે છે કે વિનાશની શક્તિ કરતાં સર્જનની શક્તિ ખૂબ જ પ્રબળ હોય છે.”
શ્રી નરેન્દ્ર મોદી, માનનીય વડાપ્રધાન (અધ્યક્ષ, શ્રી સોમનાથ ટ્રસ્ટ)

**શ્રી સોમનાથ મંદિર પરિસર, પ્રભાસ પાટણ | ૮થી ૧૧ મે, ૨૦૨૬**

“સોમનાથ એ આપણી અજેય સાંસ્કૃતિક ઓળખનું પ્રતીક છે. આવો, આ દિવ્ય વિરાસતના ૭૫ વર્ષની ઉજવણીમાં સહભાગી થઈએ.”
— હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી


સોમનાથની દિવ્યતા અને ભવ્યતામાં યોગદાન આપો અને
ગૌરવશાળી ઈતિહાસનો ભાગ બનો.
**સ્કેન કરો.**

3

સાઉદી અરેબિયાનો અમેરિકાને એરસ્પેસ આપવાનો ઇનકાર : ક્રાઉન પ્રિન્સની નારાજગી પછી ટ્રમ્પે હોર્મુઝમાંથી જહાજોનું રેસ્ક્યુ રોક્યું

4

કઠ ઉપનિષદનો ઋષિ પુત્ર નચિકેતા આપણને ભોગ વિષય પાછળની દોડમાં થોભવા કહે છે!

6

નોરા ફતેહીએ અશ્લીલ ગીત પર માફી માંગી, મહિલા આયોગને કહ્યું- હવે આવા આઈટમ સોંગ નહીં કરું; અશ્લીલતા ફેલાવવાનો ઈરાદો નહોતો

7

આ વર્ષે સોનું ₹21 હજાર મોંઘું થયું, અત્યારે 10 ગ્રામનો ભાવ ₹1.51 લાખે પહોંચ્યો, ચાંદી ₹2318 વધીને ₹2.51 લાખ પ્રતિ કિલો પર પહોંચી

## ઓપરેશન સિંદૂર પર ત્રણેય સેનાઓએ કર્યો નવો ખુલાસો, કહ્યું- આતંકવાદ સામે લડતા રહીશું

# ભારતે 13 પાકિસ્તાની એરક્રાફ્ટ અને 11 બેઝ તબાહ કર્યા

### સંદેશ બિલકુલ સ્પષ્ટ હતો કે કોઈપણ દુસ્સાહસનો જવાબ આપવામાં આવશે અને આતંકવાદી ગતિવિધિઓની કિંમત ચૂકવવી પડશે








**જયપુર, તા.07**

ઓપરેશન સિંદૂરની પ્રથમ વર્ષગાંઠ પર ભારતીય સેનાએ કહ્યું કે ઓપરેશન સિંદૂરે સ્પષ્ટ સંદેશ આપ્યો કે પાકિસ્તાનમાં કોઈ પણ આતંકવાદી ઠેકાણું સુરક્ષિત નથી. સેનાએ એમ પણ કહ્યું કે આ અભિયાન અંત નહોતું, પરંતુ શરૂઆત હતી. ભારત આતંકવાદ સામે લડતું રહેશે. ગુરુવારે ભારતીય વાયુસેના, નૌકાદળ અને થલસેનાના સૈન્ય અભિયાનોના પ્રમુખો જયપુરના સાઉથ વેસ્ટર્ન કમાન્ડમાં એકઠા થયા. અહીં પ્રેસ કોન્ફરન્સ કરીને સૈન્ય અભિયાનના વિવિધ પાસાઓની માહિતી આપવામાં આવી. આ અભિયાનને પાકિસ્તાન પ્રાયોજિત સરહદ પાર આતંકવાદ સામે છેલ્લા ઘણા દાયકાઓમાં ભારતનું સૌથી વ્યાપક સૈન્ય અભિયાન ગણાવવામાં આવ્યું. પહેલગામ હુમલામાં માર્યા ગયેલા આપણા ભાઈ-બહેનોને આપણે પાછા લાવી શકતા નથી, પરંતુ એ સુનિશ્ચિત કરી શકીએ છીએ કે આવો હુમલો ફરીથી ન થાય. અમારો ઉદ્દેશ્ય સ્પષ્ટ હતો અને ઓપરેશન માટે સંપૂર્ણ છૂટ આપવામાં આવી હતી.

બીજી તરફ, સાંજે 5 વાગ્યે ઓપરેશન સિંદૂર સંબંધિત ફિલ્મ પણ રિલીઝ કરવામાં આવશે. આ દરમિયાન રક્ષા મંત્રી રાજનાથ સિંહ પણ હાજર રહેશે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે ત્રણેય સેનાના વડાઓ પણ પહોંચી ગયા છે.ગુરૂવારે બપોરે સાઉથ વેસ્ટર્ન કમાન્ડમાં સેનાની પ્રેસ કોન્ફરન્સ યોજાઈ રહી છે. જેમાં લેફ્ટનન્ટ જનરલ ઝુબિન એ મિનવાલા, લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘાઈ, એર માર્શલ અવધેશ કુમાર અને વાઈસ એડમિરલ એ એન પ્રમોદ સહિત સેનાના અનેક અધિકારીઓ હાજર છે.

ઝુબિન એ. મિનવાલા ઈન્ટિગ્રેટેડ ડિફેન્સ સ્ટાફ (ઓપરેશન્સ) ના ડેપ્યુટી ચીફ છે, રાજીવ ઘાઈ મિલિટરી ઓપરેશન્સ અને ડેપ્યુટી ચીફ ઓફ આર્મી સ્ટાફના ડિરેક્ટર જનરલ છે, એર માર્શલ અવદેશ કુમાર એર ઓપરેશન્સ ના ડિરેક્ટર જનરલ છે, અને વાઈસ એડમિરલ એ. એન. પ્રમોદ નેવલ ઓપરેશન્સના ડિરેક્ટર જનરલ છે.

**સિર્ફ હંગામા કરના મેરા મકસદ નહીં**

ડિરેક્ટર જનરલ ઑફ મિલિટરી ઑપરેશન અને ડેપ્યુટી ચીફ ઑફ આર્મી સ્ટાફ રાજીવ ઘઈ એ કહ્યું- 65% હથિયારો હવે આપણા દેશમાં બની રહ્યા છે. સેના તે જ હથિયારોનો ઉપયોગ કરી રહી છે.

ઓપરેશન સિંદૂર હજુ પૂરું થયું નથી, હજુ તો શરૂઆત છે. ઘઈ એ દુષ્યંત કુમારના શેર સંભળાવ્યા. કહ્યું- સિર્ફ હંગામા કરના મેરા મકસદ નહીં, મેરી કોશિશ હૈ કિ યે સૂરત બદલની ચાહિએ.. ભારત આતંકવાદ સામે લડતું રહેશે. ભારત પોતાની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે દરેક પગલું ભરશે. 7 મે 2025 ના રોજ ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતીય સેનાએ 7 લક્ષ્યોને અને ભારતીય વાયુસેનાએ 2 લક્ષ્યોને નિશાન બનાવ્યા હતા. ભારતે 13 પાકિસ્તાની વિમાનો તોડી પાડ્યા, 11 બેઝ નષ્ટ કર્યા. પાકિસ્તાનના 100 થી વધુ જવાનો અને ટેરરિસ્ટ કેમ્પમાં 100 થી વધુ આતંકવાદીઓના મોત થયા છે.

સખત માર ખાધા પછી વિરોધી પક્ષને સમજ આવી અને તેમણે યુદ્ધવિરામની માગ કરી. જ્યારે આ વિનંતી આવી, ત્યારે અમે કાર્યવાહી રોકી. અમે પાછા હટ્યા, પરંતુ અમે નબળાઈ બતાવી નહીં. અમે અમારો સંદેશ આપી ચૂક્યા હતા અને તે સંદેશ બિલકુલ સ્પષ્ટ હતો કે કોઈપણ દુસ્સાહસનો જવાબ આપવામાં આવશે અને આતંકવાદી ગતિવિધિઓની કિંમત ચૂકવવી પડશે.

**અસીમ મુનીર સાથે જોડાયેલા સવાલ પર શું બોલ્યા લેફ્ટનન્ટ જનરલ**

લેફ્ટનન્ટ જનરલે પાકિસ્તાન આર્મી ચીફ અસીમ મુનીરના પોતાને ફિલ્ડ માર્શલ તરીકે પ્રમોટ કરવા સંબંધિત સવાલ પર કહ્યું- તેના પર અમે શું પ્રતિક્રિયા આપીએ. હું આ પ્રક્રિયાને મનોરંજન તરીકે જોઉં છું.

# અપગ્રેડેડ યાત્રી આરક્ષણ સિસ્ટમ (Passenger Reservation System) માં ઓગસ્ટથી રેલગાડીઓનું થશે શિફ્ટિંગ

### 40 વર્ષ જૂની આ સિસ્ટમથી અપગ્રેડેડ સિસ્ટમ પર ટ્રેનોના શિફ્ટિંગ થતી વખતે યાત્રીઓને તકલીફ ન થાય એ માટે રેલવે મંત્રીએ અધિકારીઓને આપ્યા નિર્દેશ

**અમદાવાદ રેલવે, તા.07**

આજે રેલવે ભવનમાં રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ એ અધિકારીઓની સાથે સમીક્ષા બેઠકમાં 40 વર્ષ જૂની આરક્ષણ સિસ્ટમમાં અપગ્રેડેડ સિસ્ટમ પર ટ્રેનોના શિફ્ટિંગ થતી વખતે યાત્રીઓને તકલીફ ન થાય એ માટે અધિકારીઓને નિર્દેશ આપ્યા. આ બેઠકમાં રેલવે રાજ્ય મંત્રી વી. સોમન્ના અને રવનીત સિંહ બિટ્ટૂ પણ ઉપસ્થિત હતા. 1986 માં શરૂ થયેલ આ સિસ્ટમમાં પાછલા 40 વર્ષોમાં કેટલાય નાના મોટા ફેરફાર કરવામાં આવ્યા. પરંતુ હવે આમાં આમૂલ પરિવર્તન કરવામાં આવ્યું છે. અત્યાધુનિક ટેકનિકનો ઉપયોગ કરીને એની ક્ષમતાનું વિસ્તરણ કરવામાં આવ્યું છે. રેલવે આરક્ષણ સિસ્ટમે કેટલાય મહત્વપૂર્ણ તબક્કાઓ જોયા છે. વર્ષ 2002 માં ભારતીય રેલવે એ ticketing માં internet નો પ્રયોગ શરૂ કર્યો. આજે આ સિસ્ટમ એટલી લોકપ્રિય છે કે દેશની મોટાભાગની વસ્તી બારી તરફ જતી નથી. દેશમાં આજે જેટલી પણ ticketing ની માંગ છે તેનો મોટો ભાગ (₹88%) online મારફતે થાય છે. ભારતીય રેલવેની મોબાઈલ એપ રેલવન યાત્રીઓ વચ્ચે ખૂબ ઝડપથી લોકપ્રિય થઈ રહી છે. રેલવન એપની શરૂઆત ગયા વર્ષે જુલાઈમાં થઈ હતી. એક વર્ષમાં ઓછા સમયમાં જ દેશભરમાં અત્યાર સુધી 3.5 કરોડ ડાઉનલોડ થઈ ગયા છે. આ એપના લોકપ્રિય થવાના કેટલાક કારણોમાં સૌથી મોટુ કારણ એ છે કે આ એપ દેશના સામાન્ય માણસને રેલવે સંબંધિત તમામ માહિતી તો આપે જ છે, ટિકિટીંગ તથા અન્ય સેવાઓથી જોડાયેલી ફરિયાદોનું પણ નિવારણ કરે છે. આજે જ્યારે આપ પોતાની ટિકિટ બનાવો છે, તે રેલવન એપ આપને જણાવે છે કે આપની વેઈટીંગમાં દેખાતી ટિકિટ કન્ફર્મ થશે કે નહી. ટિકિટના કન્ફર્મ થવાની સચોટ શક્યતા પણ હવે આપને એઆઈ મારફતે રેલવન એપ બતાવવા લાગી છે. આ નવી સુવિધા આ વર્ષની શરૂઆતથી લાગુ કરવામાં આવી છે, જેને લોકો ખૂબ પસંદ કરી રહ્યા છે. રેલવન એપ પર વેઈટીંગ ટિકિટના કન્ફર્મ થવાના અનુમાનની સચોટતા અગાઉ કરતાં 53 ટકા વધીને હવે 94 ટકા સુધી પહોંચી ગઈ છે.

રેલવન એપમાં આ પ્રકારની કેટલીય એકિકૃત અને આધુનિક સુવિધાઓ છે, જે રેલવે સંબંધિત અન્ય તમામ સેવાઓને પણ પોતાનામાં સમાવે છે. જેમ કે - આરક્ષિત, અનારક્ષિત તથા પ્લેટફોર્મ વગેરે વિવિધ પ્રકારની ટિકિટોનું બુકિંગ, કેન્સલેશન તથા રિફન્ડ. આની સાથે સાથે આપના હાલના ટિકિટનાં વેઈટીંગના status ની નવી સ્થિતિ, ટ્રેનના આવવા જવાનો સમય, ટ્રેનની હાલની સ્થિતિ, ટ્રેનના આવવા-જવાના platform, આપના coach ની position, રેલવે મદદ જેવી મહત્વપૂર્ણ માહિતી રેલવન (RailOne) app પર છે. પોતાની યાત્રા દરમિયાન આપ પોતાનું food પણ રેલવન (RailOne) app પર order કરી શકો છો. App આપને એ વિકલ્પ આપે છે કે આપની seat સુધી આપનું મનપસંદ ભોજન પહોંચી શકે. આરામદાયક અને સેવાકારક સુવિધાઓથી સજ્જ આ રેલવન (RailOne) app ઝડપથી લોકપ્રિય થઈ રહી છે. આની સાથે-સાથે આપની હાલની ટિકિટની વેઈટીંગની સ્થિતિની નવીન માહિતી, ટ્રેનના આવવા-જવાનો સમય, ટ્રેનની હાલની સ્થિતિ, ટ્રેનના આવવા-જવાના પ્લેટફોર્મ, આપના કોચની સ્થિતિ જેવી મહત્વપૂર્ણ માહિતીઓ પણ રેલવન એપ પર ઉપલબ્ધ છે. આપની યાત્રા દરમિયાન આપ રેલવન એપ પર ભોજન પણ ઓર્ડર કરી શકો છે. આ એપ આપને એ સુવિધા આપે છે કે આપની સીટ સુધી આપનું મનપસંદ ભોજન પહોચી શકે. આરામદાયક અને સેવાકારક સુવિધાઓથી સજ્જ આ રેલવન ઝડપથી લોકપ્રિય થઈ રહી છે.

રોજેરોજ આ app મારફતે દેશભરમાં 9.29 લાખ ટિકિટો book થઈ રહી છે. આમાં 7.2 લાખ ટિકિટો અનારક્ષિત તથા અન્ય 2.09 લાખ આરક્ષિત ટિકિટો છે. અનારક્ષિત ટિકિટોમાં platform ટિકિટ પણ સામેલ છે. Android તથા IOS પર રેલવન (RailOne) app નો લોકો ખૂબ પસંદ કરી રહ્યા છે.

# સરકારે ઘર તોડ્યું, દીકરીએ તંબુમાં રહી SSCમાં 94 ટકા મેળવ્યા, વિપરીત સંજોગો હોવા છતા અમદાવાદની વિદ્યાર્થિનીએ હિંમત ન હારી

### એપ્રિલ 2025થી સમગ્ર પરિવાર માટે ટેન્ટ જ હવે તેમનું નવું ઘર હતું

**અમદાવાદ, તા.07**

અમદાવાદના અમરાઈવાડી વિસ્તારમાં રહેતી ધોરણ 10ની વિદ્યાર્થિનીએ જિંદગીમાં અનેક મુશ્કેલીઓ હોવા છતા નોંધપાત્ર સફળતા મેળવી છે. વર્ષ 2025માં વસ્ત્રાલ વિસ્તારમાં બે જૂથ વચ્ચે મારામારીના બનાવ બાદ સરકારે આરોપીના ઘર તોડી નાખ્યા હતા. જેમાં અમરાઈવાડીમાં રહેતા અલ્કેશ યાદવના ઘરનું પણ ડીમોલીશન કરાયું હતું. જેના કારણે ધોરણ 10માં અભ્યાસ કરતી અલ્કેશની બહેન શ્વેતાની મુશ્કેલી વધી ગઈ હતી. પરંતુ, શ્વેતાએ હિંમત હારી નહીં અને તંબુમાં રહીને મહેનત કરી. બુધવારે જ્યારે SSCનું રિઝલ્ટ જાહેર થયું ત્યારે શ્વેતા અને તેના પરિવારજનોનો ખુશીઓનો પાર નહોતો. કારણ કે, વિપરીત સંજોગોમાં પણ શ્વેતાએ A1 ગ્રેડ સાથે 94 ટકા ટકા મેળવ્યા છે. શ્વેતાનું હવે UPSC પાસ કરવાનું સપનું છે. માર્ચ, 2025માં અમદાવાદના વસ્ત્રાલ વિસ્તારમાં બે ગેંગની બબાલમાં અસામાજિક તત્વોએ જાહેરમાં હથિયારો લઈ તોડફોડ અને મારામારી કરી હતી. જેનો વીડિયો વાઈરલ થતા જ પોલીસ હરકતમાં આવી હતી અને વીડિયોમાં દેખાતા શખસો સામે ફરિયાદ નોંધી ધરપકડ કરી હતી. આરોપીઓની ધરપકડ કરાયા બાદ તેના ઘરનું ડિમોલીશન કરાયું હતું. અમરાઈવાડી વિસ્તારમાં રહેતો અલ્કેશ યાદવ પણ આ ગુનાનો આરોપી હતો. જેથી પોલીસે અલકેશ જે ઘરમાં રહેતો હતો તે ઘર તોડાવ્યું હતું.આ ઘર તૂટતા અલ્કેશના પરિવારની છત જતી રહી હતી. અલ્કેશની બે બહેનો જે અભ્યાસ કરતી હતી તેમને મોટી સમસ્યા ઉભી થઈ હતી. જેમાં મોટી બહેન એકતા યાદવ જે TATની પરીક્ષાની તૈયારી કરતી હતી તેના સપના પણ પાણી ફરી વળ્યું. જ્યારે નાની બહેન શ્વેતા યાદવ ધોરણ 10માં અભ્યાસ કરતી હતી તેના પર પણ આફત આવી ગઈ હતી. બંને બહેનોનો અભ્યાસ ચાલતો હતો.આ દરમિયાન જ છત છિનવાઈ ગઈ તો બંને માટે પ્રશ્ન હતો કે અભ્યાસ કેવી રીતે કરશે.છતાં બંને બહેનોએ હાર માની ન્હોતી.માથેથી છત જતી રહી પરંતુ કોઈ સામાજિક કાર્યકરે તેમને રહેવા માટે પોર્ટેબલ ટેન્ટ આપ્યું હતું.એપ્રિલ 2025થી સમગ્ર પરિવાર માટે ટેન્ટ જ હવે તેમનું નવું ઘર હતું.પોતાના તૂટેલા ઘરની બહાર જ પરિવાર ટેન્ટ બાંધીને રહેવા લાગ્યો હતો. નાની બહેન શ્વેતા યાદવ ધોરણ 10માં હતી જેથી કરી તેની કાળજી રાખીને પરિવારે તેને પ્રાથમિકતા આપી હતી.શ્વેતા દિવસ દરમિયાન તડકો હોય તો ટેન્ટની અંદર બેસીને અભ્યાસ કરતી હતી અને રાતના સમયે શ્વેતા ઘરની બહાર સ્ટ્રીટ લાઈટ નીચે બેસીને અભ્યાસ કરતી હતી.રાતના સમયે સમગ્ર પરિવાર ટેન્ટમાં જ સૂઈ જતો હતો.સતત એક વર્ષ સુધી પરિવાર આ સ્થિતિમાં જ રહ્યો હતો.તૂટેલા ઘરની બહાર ગરમી,ઠંડી અને વરસાદમાં ટેન્ટ પરિવારે આશ્રય બન્યું હતું.

# લેઉવા પાટીદાર સમાજમાં વર્ચસ્વની લડાઈ? ધીરુ ગજેરાએ સુરતમાં અલગ ખોડલધામના વિચારને 'સમાજ વિરોધી' ગણાવ્યો

**ખોડલધામ, તા.07**



લેઉવા પટેલ સમાજની સર્વોચ્ચ સંસ્થા ખોડલધામ અને સમાજની એકતાને લઈને જાણીતા પાટીદાર અગ્રણી ધીરુ ગજેરાનું એક સનસનાટીભર્યું નિવેદન સામે આવ્યું છે. સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા વીડિયોમાં ધીરુ ગજેરાએ સુરતના અમુક ઉદ્યોગપતિઓ દ્વારા અલગ 'ખોડલધામ' ઊભું કરવાના પ્રસ્તાવ સામે લાલ આંખ કરી છે. તેમણે આ પ્રયાસને સમાજમાં ભાગલા પડાવનારું અને અત્યંત જોખમી પગલું ગણાવ્યું છે.

આ સમગ્ર વિવાદ એટલા માટે સર્જાયો છે કે, ગઈકાલે જ ખોડલધામ ટ્રસ્ટના નરેશ પટેલ દ્વારા સુરતના અંત્રોલી ખાતે 40 વીઘામાં ખોડલધામ મંદિર અને સંકુલ બનાવવાની જાહેરાત કરવામાં આવી છે. આ સાથે સુરતના કેટલાક મોટા ગજાના ઉદ્યોગપતિઓ પણ ખોડલધામ જેવું સંકુલ બનાવવાની તજવીજ કરતા હોય તે પ્રકારની ચર્ચાઓ પણ થવા ઉઠી છે. જેને લઈને આ વિવાદ સર્જાયો છે. ધીરુ ગજેરાએ આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, સુરતના ઉદ્યોગપતિઓ જે ઊંચી વગ અને આર્થિક શક્તિ ધરાવે છે, તેમણે પોતાની શક્તિનો ઉપયોગ સમાજને જોડવા માટે કરવો જોઈએ, તોડવા માટે નહીં. પૈસા હોવા એ સારી વાત છે, પણ એ પૈસાના જોરે આસ્થાના કેન્દ્રોના ભાગલા પાડવા એ નિંદનીય છે. તેમણે વધુમાં ઉમેર્યું કે કરોડોના ખર્ચે બનેલા હીરા બુર્સ જેવા પ્રોજેક્ટ્સ આજે ખાલી પડ્યા છે, ત્યારે સમાજની એકતાના ભોગે આવા નવા સાહસો માત્ર આર્થિક વેડફાટ સાબિત થશે. તેમણે યાદ અપાવ્યું હતું કે કાગવડ ખાતેનું ખોડલધામ એ કેશુભાઈ પટેલ અને નરેશ પટેલ જેવા અનેક દિગ્ગજોના પરિશ્રમ અને એકતાનું પ્રતીક છે. ધીરુ ગજેરાએ કહ્યું કે, કડવા પાટીદાર સમાજે જે રીતે 'ઉમિયાધામ'ને એક રાખીને સંગઠન શક્તિ બતાવી છે, તેવી જ રીતે લેઉવા પટેલોએ પણ કાગવડને જ સર્વોપરી માનવું જોઈએ. નવા ધામ બનાવવાનો વિચાર એ નરેશ પટેલ અને અન્ય આગેવાનોના વર્ષોના સપનાને ઠેસ પહોંચાડવા સમાન છે.

**સામાન્ય પાટીદારોના પ્રશ્નો પર ધ્યાન આપવા ટકોર**

વીડિયોમાં તેમણે સમાજના ગરીબ અને મધ્યમ વર્ગની પીડાને વાચા આપતા કહ્યું કે, આજે સમાજનો સામાન્ય માણસ મોંઘી શિક્ષણ ફી, આરોગ્યના ખર્ચા અને બેરોજગારીથી પરેશાન છે. ઉદ્યોગપતિઓએ જો ખરેખર સમાજસેવા કરવી હોય તો વિધવા બહેનોના બાળકોની ફી ભરે અથવા હોસ્પિટલોમાં મદદ કરે. માત્ર ભવનો બનાવવા કે શક્તિ પ્રદર્શન કરવાથી સમાજનું ભલું નથી થવાનું.

# જેની હત્યા થઈ તે ચંદ્રનાથ રથ કોણ હતા? : એરફોર્સમાંથી VRS લઈને સુવેન્દુ સાથે જોડાયા, અપરિણીત રહ્યા; હત્યા કરનારા પ્રોફેશનલ કિલર

**બંગાળ, તા.07**

બંગાળમાં ભાજપ નેતા સુવેન્દુ અધિકારીના પીએ ચંદ્રનાથ રથની હત્યા અંગે પછી ઘણા સવાલો ઊભા થઈ રહ્યા છે. પોલીસ એક્શનમાં આવી ગઈ છે અને શંકાસ્પદોને રાઉન્ડઅપ કરાયા છે પણ એવું કહેવાય છે કે આ ઘટનાને પ્રોફેશનલ શાર્પશૂટરોએ અંજામ આપ્યો હતો. પોલીસને ઘટના સ્થળ પરથી નાની બ્રાઉન કલરની શંકાસ્પદ કાર મળી હતી પણ તેની નંબર પ્લેટ નકલી હોવાનું સામે આવ્યું છે. બંગાળમાં વિધાનસભા ચૂંટણીના પરિણામોના બે દિવસ પછી ભાજપના વરિષ્ઠ નેતા સુવેન્દુ અધિકારીના પર્સનલ આસિસ્ટન્ટ (પીએ) ચંદ્રનાથ રથની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. બંગાળમાં નવી સરકારની રચના પહેલા તેમની હત્યાથી નવો હોબાળો મચી ગયો છે. ઉત્તર 24 પરગણા જિલ્લાના મધ્યગ્રામ (બારાસત પ્રદેશ) માં બુધવારે રાત્રે ચંદ્રનાથને ગોળી મારી દેવામાં




આવી હતી. તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઘટના પછી તરત જ સ્થાનિક લોકોની મદદથી તેમને નજીકના ડાયવર્સિટી નર્સિંગ હોમમાં લઈ જવામાં આવ્યા હતા, પરંતુ રસ્તામાં જ તેમનું મોત નીપજ્યું હતું.

ચંદ્રનાથની હત્યાનો આરોપ ટીએમસી કાર્યકરો પર લગાવવામાં આવ્યો છે. ઘટનાની માહિતી મળતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને તપાસ શરૂ કરી હતી. પોલીસ વિસ્તારમાં સીસીટીવી ફૂટેજની સમીક્ષા કરી રહી છે અને હુમલાખોરોની શોધ કરી રહી છે. ગુરુવારે સવારે ભાજપના નેતા સુવેન્દુ અધિકારીના અંગત સહાયક ચંદ્રનાથ રથના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે બારાસત હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો. પીએ ચંદ્રનાથ રથની હત્યા અંગે ભાજપના નેતા સુવેન્દુ અધિકારીએ જણાવ્યું હતું કે તે એક પ્લાન્ડ મર્ડર છે અને ડીજીપીએ પણ આવું જ કહ્યું હતું. આ ઘટના પહેલા 2-3 દિવસ સુધી રેકી કરવામાં આવી હોય તેવી પૂરી શક્યતા છે. ભાજપ નેતાએ વધુમાં જણાવ્યું કે દિલ્હી હાઈકમાન્ડે આ બાબતે પૂછપરછ કરી છે. કેન્દ્રીય મંત્રી સુકાંત મજુમદારે મૃતકના પરિવાર અને પોલીસ સાથે વાત કરી છે. વિવિધ નેતાઓ અને ચૂંટાયેલા ધારાસભ્યો પોતપોતાના મતવિસ્તારમાંથી મળવા આવ્યા છે. પોલીસને કેટલાક મહત્વના પુરાવા મળ્યા છે અને તેના આધારે તપાસ કરશે. સુવેન્દુના પીએ ચંદ્રનાથ રથ અગાઉ એરફોર્સમાં સેવા આપી ચૂક્યા છે. સ્વૈચ્છિક નિવૃત્તિ (VRS) પછી તેમણે થોડા સમય માટે કોર્પોરેટ ક્ષેત્રમાં કામ કર્યું. ત્યારબાદ તેઓ ધીમે ધીમે રાજકીય સંકલન અને વહીવટી જવાબદારીઓમાં આગળ વધ્યા. ચંદ્રનાથ રથ 2019 માં સુવેન્દુ અધિકારીની ટીમમાં જોડાયા જ્યારે સુવેન્દુ મમતા બેનર્જી સરકારમાં મંત્રી હતા. ચંદ્રનાથે શરૂઆતમાં અધિકારીના મંત્રી પદ સાથે સંકળાયેલી જવાબદારીઓ સંભાળી હતી અને બાદમાં સુવેન્દુ ભાજપમાં ગયા પછી પણ સુવેન્દુની સાથે જ રહ્યા.

સુવેન્દુ અધિકારીના પરિવારની જેમ ચંદ્રનાથ રથનો પરિવાર પણ અગાઉ તૃણમૂલ કોંગ્રેસ સાથે સંકળાયેલો હતો. તેમની માતા, હસિરાની રથ, ટીએમસીના કાર્યકાળ દરમિયાન પૂર્વ મેદિનીપુરમાં સ્થાનિક પંચાયત સંસ્થામાં પદ સંભાળતી હતી. બાદમાં જ્યારે સુવેન્દુ ટીએમસી છોડીને ભાજપમાં જોડાયા, ત્યારે ચંદ્રનાથ રથનો પરિવાર પણ ભાજપમાં જોડાયો. પોલીસને ઘટના સ્થળ નજીકથી શંકાસ્પદ કાર મળી છે. તપાસ કરતાં આ કારની નંબર પ્લેટ ખોટી નીકળી છે. ચંદ્રનાથ રથ લગભગ બે દાયકા સુધી સુવેન્દુ અધિકારી સાથે રહ્યા. આ સમય દરમિયાન તેમણે સંગઠનાત્મક કાર્ય, લોજિસ્ટિક્સનું સંચાલન કર્યું.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮

# સાઉદી અરેબિયાનો અમેરિકાને એરસ્પેસ આપવાનો ઇનકાર : ક્રાઉન પ્રિન્સની નારાજગી પછી ટ્રમ્પે હોર્મુઝમાંથી જહાજોનું રેસ્ક્યુ રોક્યું




■ તેહરાનમાં એક મહિલા અમેરિકા વિરોધી બિલબોર્ડની આગળ ઈરાની ઝંડો લહેરાવતી

**અમેરિકા, તા.07**

અમેરિકાએ 4 મેના રોજ હોર્મુઝ સ્ટ્રેટમાં જહાજોની અવરજવર શરૂ કરવા માટે 'પ્રોજેક્ટ ફ્રીડમ' શરૂ કર્યો હતો. જોકે, એક દિવસ પછી જ ટ્રમ્પે તેને રોકવાનો આદેશ આપ્યો. ત્યારે ટ્રમ્પે કહ્યું હતું કે પાકિસ્તાનના કહેવા પર તેમણે આ ઓપરેશન રોક્યું છે. જોકે, હવે એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે સાઉદી અરેબિયાના કારણે અમેરિકાને આ પગલું ભરવું પડ્યું. એનબીસી ન્યૂઝ અનુસાર, સાઉદી અરેબિયાએ આ મિશનમાં સામેલ અમેરિકી વિમાનોને તેના એરસ્પેસ અને એરબેઝનો ઉપયોગ કરવાની મંજૂરી આપવાનો ઈનકાર કર્યો હતો. અમેરિકી અધિકારીઓને ટાંકીને રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ટ્રમ્પે અચાનક સોશિયલ મીડિયા પર આ ઓપરેશનની જાહેરાત કરી દીધી હતી. તેનાથી ખાડીના સહયોગી દેશો ચોંકી ગયા. સાઉદી નેતૃત્વ તેનાથી નારાજ થઈ ગયું. ટ્રમ્પે સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન સાથે વાતચીત પણ કરી, પરંતુ સહમતિ બની શકી નહીં. અમેરિકા 2 દિવસમાં માત્ર 3 જહાજ પાર કરાવી શક્યું અને આખરે ટ્રમ્પને આ ઓપરેશન રોકવું પડ્યું. અમેરિકા-ઈરાન સમજૂતી આગળ વધી: રિપોર્ટ્સ અનુસાર બંને દેશો વચ્ચે 14 મુદ્દાનો કરાર (MOU) તૈયાર છે. જોકે, તે હજુ અંતિમ નથી, પરંતુ વાતચીત પહેલા કરતા ઘણી આગળ વધી છે. અમેરિકાએ UNSCમાં પ્રસ્તાવ રજૂ કર્યો: અમેરિકાએ હોર્મુઝ સ્ટ્રેટમાં જહાજોની અવરજવર પુનઃસ્થાપિત કરવા માટે UNSCમાં નવો પ્રસ્તાવ રજૂ કર્યો છે. બીજી તરફ, ઈરાને સભ્ય દેશોને આ પ્રસ્તાવને નકારવાની અપીલ કરી. ચીન-ઈરાન વચ્ચે બેઠક: ચીન અને ઈરાન વચ્ચે બેઈજિંગમાં ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ. ચીને યુદ્ધ તાત્કાલિક રોકવાની વાત કરી અને ઈરાનને સમર્થનનો ભરોસો આપ્યો. જ્યારે ઈરાન ઈચ્છે છે કે ટ્રમ્પની ચીન યાત્રા દરમિયાન બેઈજિંગ અમેરિકાના દબાણમાં કોઈ એવો નિર્ણય ન લે જેનાથી તેહરાનને નુકસાન થાય. ટ્રમ્પ બોલ્યા- સ્થિતિ નિયંત્રણમાં છે: ટ્રમ્પે દાવો કર્યો કે અમેરિકી સૈન્ય કાર્યવાહી પછી ઈરાનની નૌકાદળ, વાયુસેના, મિસાઈલ સિસ્ટમ અને રડાર નેટવર્કને ભારે નુકસાન થયું છે. તેમણે કહ્યું કે સ્થિતિ અમારા નિયંત્રણમાં છે અને જો સમજૂતી નહીં થાય તો અમેરિકા પહેલા કરતા મોટા હુમલા કરશે. હોર્મુઝમાં ફ્રેન્ચ જહાજ પર હુમલો: ફ્રાન્સની શિપિંગ કંપની CMA CGM એ જણાવ્યું કે તેના એક કાર્ગો જહાજ પર મિસાઈલ કે ડ્રોનથી હુમલો થયો, જેમાં કેટલાક ક્રૂ મેમ્બર ઘાયલ થયા. લેબનાન અને ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલી વાતચીતનો બીજો તબક્કો આગામી અઠવાડિયે વોશિંગ્ટનમાં યોજાવા જઈ રહ્યો છે. અલ જઝીરા અરબી સાથેની વાતચીતમાં એક લેબનાની અધિકારીએ જણાવ્યું કે અમેરિકાએ તાજેતરના દિવસોમાં લેબનાનમાં ઈઝરાયેલી કાર્યવાહીઓને ઓછી કરવાનો પ્રયાસ કર્યો છે. અધિકારીના જણાવ્યા અનુસાર, આગામી તબક્કાની વાતચીતમાં સુરક્ષા અને રાજકીય મુદ્દાઓ પર ચર્ચા થશે. જેમાં લેબનાનમાંથી ઈઝરાયેલી સૈનિકોની સંપૂર્ણ વાપસી, કેદીઓની મુક્તિ અને યુદ્ધ પછીના પુનઃનિર્માણ જેવા મુદ્દાઓ સામેલ રહેશે. લેબનાની અધિકારીએ સ્પષ્ટ કર્યું કે દેશ ઈઝરાયેલ સાથે શાંતિ કરાર તરફ આગળ વધી રહ્યો નથી. તેમનું કહેવું હતું કે લેબનાન માત્ર પોતાના અધિકારોની પુનઃસ્થાપના અને 'હુમલો ન કરવા' જેવા કરારની વાત કરી રહ્યું છે. તેમણે એમ પણ કહ્યું કે જો ઈરાનના પ્રયાસોથી યુદ્ધવિરામ થાય છે તો લેબનાન તેને આવકારશે, પરંતુ કોઈપણ ઉકેલમાં લેબનાનની સરકારી સંસ્થાઓની ભૂમિકા અનિવાર્ય હોવી જોઈએ. તેહરાનના નિષ્ણાત અલી અકબર દરેઈનીએ જણાવ્યું છે કે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ હવે ઈરાન સાથે એવી સમજૂતી ઈચ્છે છે, જેનાથી તેઓ અમેરિકન જનતા સામે પોતાની છબી બચાવી શકે. તેમનું કહેવું છે કે અમેરિકા અત્યાર સુધી હોર્મુઝને ફરીથી સંપૂર્ણપણે ખોલાવવામાં સફળ થયું નથી. દરેઈનીના જણાવ્યા અનુસાર, ટ્રમ્પને આશા હતી કે ચીન પ્રવાસ પહેલા તેઓ કોઈ મોટી સફળતા મેળવી લેશે, પરંતુ ઈરાન પર દબાણ લાવવાની કોશિશ સફળ રહી નથી. તેમણે કહ્યું કે અમેરિકા અને ઈઝરાયેલને લાગતું હતું કે હુમલો કર્યા પછી ઈરાન પીછેહઠ કરશે, પરંતુ એવું થયું નહીં. નિષ્ણાતે દાવો કર્યો કે ઈરાન કોઈ પણ સંજોગોમાં આત્મસમર્પણ કરશે નહીં. તેમના મતે, ઈઝરાયેલ અને તેના સમર્થકોએ ટ્રમ્પને એવો ભરોસો અપાવ્યો હતો કે સૈન્ય દબાણથી ઈરાન ઝૂકી જશે, પરંતુ અત્યાર સુધી ઈરાન પોતાના વલણ પર મક્કમ છે. કતારના વડાપ્રધાન અને વિદેશ મંત્રી શેખ મોહમ્મદ બિન અબ્દુલરહમાન બિન જાસિમ અલ થાનીએ જણાવ્યું છે કે અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા તણાવનો રાજદ્વારી ઉકેલ આવવાની સારી સંભાવના છે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે અમેરિકા અને ઈઝરાયેલ મધ્ય પૂર્વના વર્તમાન સંકટને ખતમ કરવાની દિશામાં પગલાં ભરશે.

# કેનેડા છોડીને અલગ દેશ બની શકે છે આલ્બર્ટા

## ઓક્ટોબરમાં મતદાન શક્ય, અલગતાવાદીઓએ 3 લાખ હસ્તાક્ષર એકત્ર કર્યા




**ઓટાવા, તા.07**

કેનેડાના પશ્ચિમી પ્રાંત અલ્બર્ટાને અલગ દેશ બનાવવાની માંગ વધુ તેજ બની ગઈ છે. અલગતાવાદીઓએ બુધવારે દાવો કર્યો છે કે તેમણે એટલું સમર્થન મેળવી લીધું છે કે હવે સ્વતંત્રતા પર જનમત સંગ્રહ (રેફરન્ડમ) કરાવી શકાય છે. અલગતાવાદી નેતાઓ અનુસાર, તેમણે લગભગ 3 લાખ હસ્તાક્ષર ચૂંટણી અધિકારીઓને સોંપ્યા છે. જ્યારે આ માટે 1.78 લાખ હસ્તાક્ષરની જરૂર હતી. આંદોલનના નેતા મિચ સિલવેસ્ટ્રેએ તેને ઐતિહાસિક દિવસ ગણાવ્યો અને કહ્યું કે હવે આ લડાઈ આગલા તબક્કામાં પહોંચી ગઈ છે. જોકે, આટલો ટેકો એકત્ર કરી લેવાનો અર્થ એ નથી કે રેફરન્ડમ પાક્કો થઈ ગયો છે. ચૂંટણી પંચે પહેલા આ હસ્તાક્ષરોની તપાસ કરવી પડશે. આ પ્રક્રિયા પર હાલમાં કોર્ટના આદેશને કારણે રોક પણ લાગેલી છે. જો મતદાન અલ્બર્ટાની તરફેણમાં ગયું તો આ પ્રાંત કેનેડા છોડીને અલગ દેશ બની શકે છે. અલ જઝીરા અનુસાર, જો બધી કાનૂની અડચણો દૂર થઈ જાય છે તો પ્રાંતમાં 19 ઓક્ટોબરે પ્રસ્તાવિત મોટા જનમત સંગ્રહ સાથે અલગતા પર પણ મતદાન કરાવી શકાય છે. તે જ દિવસે બંધારણ અને ઈમિગ્રેશન જેવા બીજા મુદ્દાઓ પર પણ મતદાનની યોજના છે. જો આ પ્રસ્તાવ વોટિંગ સુધી પહોંચે છે. તો લોકોને સીધો સવાલ પૂછવામાં આવશે કે શું અલ્બર્ટા કેનેડાથી અલગ થઈને એક સ્વતંત્ર દેશ બનવો જોઈએ. પરંતુ સર્વે દર્શાવે છે કે હાલમાં માત્ર લગભગ 30 ટકા લોકો જ તેના સમર્થનમાં છે એટલે કે જનમત સંગ્રહ પાસ થવો પણ સરળ નથી. જોકે, અલગતાવાદીઓનું માનવું છે કે આ આંકડો વોટિંગ દરમિયાન વધવાનો છે. અલ્બર્ટાના પ્રીમિયર ડેનિયલ સ્મિથે કહ્યું છે કે જો જરૂરી હસ્તાક્ષર પૂરા થાય છે તો તેઓ વોટિંગ આગળ વધારશે, પરંતુ તેઓ પોતે કેનેડાથી અલગ થવાના પક્ષમાં નથી. આ અલગતાવાદી આંદોલનના મૂળ ઘણા જૂના છે. અલ્બર્ટા, જ્યાં લગભગ 50 લાખ લોકો રહે છે, લાંબા સમયથી પોતાને કેનેડાના બાકીના ભાગોથી અલગ માને છે. અહીંના લોકો માને છે કે તેમની સંસ્કૃતિ, અર્થતંત્ર અને રાજકારણ અલગ છે, પરંતુ નિર્ણયો ઓટાવામાં બેસીને લેવાય છે. કેનેડાના અલ્બર્ટામાં અલગ દેશ બનવાની માંગ અચાનક ઉભી થઈ નથી. તેની પાછળ ઘણા વર્ષોથી ચાલી રહેલી નારાજગી અને અલગ ઓળખની ભાવના કામ કરી રહી છે. સૌથી મોટું કારણ આર્થિક છે. અલ્બર્ટા ઓઈલ અને ગેસથી ભરપૂર રાજ્ય છે. અહીં કેનેડાના કુલ તેલ ઉત્પાદનનો લગભગ 84% હિસ્સો નીકળે છે. અહીંના લોકોને લાગે છે કે તેઓ વધુ કમાય છે પરંતુ ફાયદો બાકીના કેનેડાને વધુ મળે છે. તેમને ફરિયાદ છે કે ટેક્સના પૈસા ઓટાવા જઈને ખર્ચ થાય છે, જ્યારે નિર્ણયો લેતી વખતે તેમની વાત ઓછી સાંભળવામાં આવે છે.



એપ્રિલના રોજ ચેન્નાઈમાં તમિલનાડુ રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં આશ્ચર્યજનક રીતે સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવ્યા બાદ, અભિનેતા અને તમિલગા વેત્રી કઝગમ (ટીવીકે) ના પ્રમુખ ચંદ્રશેખરન જોસેફ વિજયના બેનર પાસેથી એક મહિલા પસાર થઈ રહી છે.

# ચીનના બે પૂર્વ રક્ષા મંત્રીઓને મૃત્યુદંડ

## ભ્રષ્ટાચાર કેસમાં વેઈ ફેંગહે અને લી શાંગફુ દોષિત ઠેરવવામાં આવ્યા, તમામ સંપત્તિ પણ જપ્ત

**બીજિંગ, તા.07**

ચીને ભ્રષ્ટાચારના કેસોમાં બે પૂર્વ સંરક્ષણ મંત્રી લી શાંગફુ અને વેઈ ફેંગહેને મૃત્યુદંડની સજા ફટકારી છે. સરકારી સમાચાર એજન્સી શિન્હુઆ અનુસાર, બંનેને પહેલા 2 વર્ષ જેલમાં રાખવામાં આવશે. જો તેઓ બે વર્ષ સુધી કોઈ નવો ગુનો નહીં કરે તો સજાને આજીવન કેદમાં બદલી શકાય છે. લી શાંગફુને ગયા વર્ષે અચાનક પદ પરથી હટાવવામાં આવ્યા હતા, જ્યારે વેઈ ફેંગહે પણ સૈન્ય ભ્રષ્ટાચાર તપાસના દાયરામાં આવ્યા હતા. ત્યારબાદ બંનેને 2024માં ચીનની સત્તાધારી કમ્યુનિસ્ટ પાર્ટીમાંથી હાંકી કાઢવામાં આવ્યા હતા. નિષ્ણાતોના મતે, આ કાર્યવાહી રાષ્ટ્રપતિ શી જિનપિંગના ભ્રષ્ટાચાર વિરોધી અભિયાનનો એક ભાગ છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ચીનની સેના અને



સંરક્ષણ સાથે સંકળાયેલા ઘણા વરિષ્ઠ અધિકારીઓ સામે કાર્યવાહી કરવામાં આવી છે.

**લી શાંગફુ પર લાંચ અને અનુશાસન ભંગના આરોપો**


ચીનના પૂર્વ રક્ષા મંત્રી લી શાંગફુને ગયા વર્ષે ઓક્ટોબરમાં અચાનક પદ પરથી હટાવી દેવામાં આવ્યા હતા. તેઓ લગભગ બે મહિના સુધી જાહેરમાં દેખાયા ન હતા, જેના કારણે અનેક પ્રકારની અટકળો શરૂ થઈ ગઈ હતી. હવે પહેલીવાર ચીની અધિકારીઓએ સત્તાવાર રીતે સ્વીકાર્યું છે કે તેમની વિરુદ્ધ ભ્રષ્ટાચાર સંબંધિત તપાસ ચાલી રહી હતી. CCTVના રિપોર્ટ અનુસાર, સૈન્ય અનુશાસન તપાસ એજન્સીએ શોધી કાઢ્યું કે લીએ ગંભીર રીતે પાર્ટી અનુશાસન અને કાયદાનું ઉલ્લંઘન કર્યું. તેમના પર મોટા પાયે લાંચ લેવા, અન્યોને લાંચ આપવા અને પદનો દુરુપયોગ કરવાના આરોપો લગાવવામાં આવ્યા છે. રિપોર્ટમાં જણાવાયું છે કે લીની ગતિવિધિઓથી સેનાના હથિયાર વિકાસ અને મિલિટરી ઈક્વિપમેન્ટની છબીને ભારે નુકસાન થયું.

**પૂર્વ રક્ષા મંત્રી વેઈ ફેંગહે પર પણ કાર્યવાહી**

ચીનના પૂર્વ રક્ષા મંત્રી વેઈ ફેંગહે પર લાંચ લેવા અને પોતાના પદનો ખોટો ઉપયોગ કરવાના આરોપો લગાવવામાં આવ્યા છે. ચીનની સૈન્ય અદાલતે તેમને ભ્રષ્ટાચારના દોષી ઠેરવ્યા છે.

# CNNના સ્થાપક ટેડ ટર્નરનું નિધન

## સ્પષ્ટવક્તા સ્વભાવને કારણે "ધ માઉથ ઓફ ધ સાઉથ" તરીકે જાણીતા હતા, ટ્રમ્પે શોક વ્યક્ત કર્યો



**ઇટાલી , તા.07**

સીએનએન (CNN)ના સ્થાપક અને પરોપકારી ટેડ ટર્નરનું બુધવારે તેમના પરિવારની હાજરીમાં શાંતિપૂર્ણ રીતે નિધન થયું છે. 'ટર્નર એન્ટરપ્રાઈઝિસ' દ્વારા બહાર પાડવામાં આવેલી અખબારી યાદી મુજબ, તેઓ 87 વર્ષના હતા. ટેડ ટર્નરે 24 કલાક ન્યૂઝ નેટવર્કની સ્થાપના કરીને ટેલિવિઝન સમાચારની દુનિયામાં ક્રાંતિ લાવી હતી. ઓહાયોમાં જન્મેલા અને એટલાન્ટાને પોતાની કર્મભૂમિ બનાવનાર આ ઉદ્યોગપતિ તેમના સ્પષ્ટવક્તા સ્વભાવને કારણે "ધ માઉથ ઓફ ધ સાઉથ" તરીકે જાણીતા હતા. તેમણે એક વિશાળ મીડિયા સામ્રાજ્ય ઊભું કર્યું હતું, જેમાં કેબલની પ્રથમ સુપરસ્ટેશન અને ફિલ્મો તથા કાર્ટૂન માટેની લોકપ્રિય ચેનલોનો સમાવેશ થતો હતો. આ ઉપરાંત, તેઓ 'એટલાન્ટા બ્રેવ્સ' જેવી વ્યાવસાયિક સ્પોર્ટ્સ ટીમોના માલિક પણ હતા. તેઓ આંતરરાષ્ટ્રીય સ્તરે જાણીતા યાટમેન (નૌકા વિહારના શોખીન) હતા. તેઓ એક ઉમદા પરોપકારી હતા જેમણે યુનાઈટેડ નેશન ફાઉન્ડેશનની સ્થાપના કરી હતી. એક સક્રિય કાર્યકર્તા તરીકે તેમણે વિશ્વભરમાંથી પરમાણુ શસ્ત્રો નાબૂદ કરવાના પ્રયાસો કર્યા હતા. પર્યાવરણ પ્રેમી તરીકે તેઓ અમેરિકાના સૌથી મોટા જમીનમાલિકોમાંના એક બન્યા હતા. તેમણે અમેરિકન પશ્ચિમમાં બાયસન (જંગલી ભેંસ) ને ફરીથી વસાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. બાળકોને પર્યાવરણ વિશે શિક્ષિત કરવા માટે તેમણે 'કેપ્ટન પ્લેનેટ' કાર્ટૂન પાત્રનું પણ સર્જન કર્યું હતું.

# દિલ્હી-પટના ફ્લાઇટ ટર્બ્યુલન્સમાં ફસાઈ, લોકો ચીસો પાડવા લાગ્યા

## પટનામાં રાત્રે ભારે વરસાદ, ગરમીના કારણે જયપુરના રસ્તાઓ પર પાણીનો છંટકાવ

**ભોપાલ, તા.07**

ઉત્તર, મધ્ય અને દક્ષિણ ભારતમાં વરસાદનો દોર ચાલુ છે. ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, બિહાર, ઝારખંડ, છત્તીસગઢ, હરિયાણા, હિમાચલ પ્રદેશ, પશ્ચિમ બંગાળ અને આંધ્રપ્રદેશમાં બુધવારે વરસાદ થયો. જ્યારે બિહાર, હરિયાણા અને હિમાચલ પ્રદેશમાં કરા પણ પડ્યા.

બિહારના પટનામાં બુધવારે રાત્રે ભારે વરસાદ થયો. આ દરમિયાન ઈન્ડિગોની એક ફ્લાઇટ ટર્બ્યુલન્સમાં ફસાઈ ગઈ, જેના કારણે મુસાફરોમાં ચીસાચીસ મચી ગઈ. જોકે, બાદમાં તેને લખનઉ ડાયવર્ટ કરવામાં આવી. તમામ મુસાફરો સુરક્ષિત છે.

ઉત્તર પ્રદેશમાં તાપમાન 40C થી નીચે આવી ગયું છે. જોકે, આજે 44 જિલ્લાઓમાં વાવાઝોડા-વરસાદનું એલર્ટ છે. બિહારમાં વીજળી પડવાથી બે લોકોના મોત થયા.

ગુજરાતનું રાજકોટ દેશમાં સૌથી ગરમ રહ્યું. અહીંનું તાપમાન 42.9C નોંધાયું. જ્યારે, મહારાષ્ટ્રના વાશિમમાં તાપમાન 42.6C રહ્યું. રાજસ્થાનના ફલોદીમાં 42.8C તાપમાન નોંધાયું.

જયપુર સહિત ઘણા જિલ્લાઓમાં બુધવારે કાળઝાળ ગરમી રહી. જયપુરમાં રસ્તાઓ પર પાણીનો પણ છંટકાવ કરવામાં આવ્યો. હવામાન વિભાગે 8 મેથી હીટવેવની પણ ચેતવણી આપી છે.

ઉત્તરાખંડના કેદારનાથ ધામ સહિત ઊંચી પર્વતમાળાઓ પર સતત ચોથા દિવસે હિમવર્ષા થઈ.

**આગામી 2 દિવસના હવામાનની સ્થિતિ**

8 મે: આસામ, મેઘાલય અને અરુણાચલમાં વીજળી પડવા અને કેટલીક જગ્યાએ ભારે વરસાદનું એલર્ટ છે. યુપી, બિહાર, ઝારખંડ અને ઓડિશામાં વીજળી પડવાનો ખતરો રહેશે. મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને દક્ષિણ ભારતના ભાગોમાં તેજ પવન સાથે હળવો વરસાદ થઈ શકે છે.

9 મે: જમ્મુ-કાશ્મીર, હિમાચલ અને ઉત્તરાખંડમાં વરસાદ સાથે 30-50 કિમી/કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. પંજાબ, હરિયાણા, દિલ્હી, યુપી અને રાજસ્થાનમાં ભારે વાવાઝોડા-વરસાદનું એલર્ટ છે. બિહાર, ઝારખંડ, ઓડિશા અને પશ્ચિમ બંગાળમાં વરસાદ સાથે વીજળી પડવાનો ખતરો છે. દિલ્હીમાં મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ 13 મોબાઈલ હીટ રિલીફ યુનિટ લોન્ચ કર્યા છે. આ લોકોને લૂથી બચાવવા માટે ORS અને વોટર કુલર લગાવવામાં આવ્યા છે. અમદાવાદમાં જગન્નાથ મંદિરની બહાર, ગરમીથી રાહત આપવા માટે લક્ષ્મી હાથીને તેના કેર ટેકરે નવડાવ્યો. મહારાષ્ટ્રના નાગપુરમાં ભીષણ લૂના કારણે કન્હાન નદી સુકાઈ ગઈ છે. લોકો અહીં પગપાળા જ આવવા-જવા લાગ્યા છે.

**રાજ્યોમાંથી હવામાનના સમાચાર**

1. રાજસ્થાન: આગામી 2 દિવસમાં ગરમી વધશે, તાપમાન 47C પાર પહોંચી શકે છે, આજે 2 જિલ્લામાં વરસાદનું એલર્ટ



વાવાઝોડા-વરસાદ બાદ આજે ગરમી ફરી વધવા લાગી છે. બુધવારે રાજ્યના મોટાભાગના શહેરોમાં તાપમાનમાં 2 થી 3C સુધીનો વધારો થયો. ફલોદી અને જેસલમેરમાં પારો 42C થી વધુ રહ્યો. જયપુરમાં રસ્તાઓ પર પાણીનો છંટકાવ કરવામાં આવ્યો. હવામાન વિભાગ મુજબ ભરતપુર અને ધોલપુરમાં ભારે વરસાદ થઈ શકે છે.

2. મધ્યપ્રદેશ: ગ્વાલિયર સહિત 11 જિલ્લામાં વરસાદ, આગામી બે દિવસ વાવાઝોડાનું એલર્ટ; ભોપાલ, ઇન્દોર-ઉજ્જૈનમાં ગરમી

રાજ્યમાં છેલ્લા 7 દિવસથી વાવાઝોડા-વરસાદનો દોર ચાલી રહ્યો છે. બુધવારે ક્યાંક વરસાદ તો ક્યાંક વાવાઝોડું આવ્યું. ગુરુવાર માટે હવામાન વિભાગે ગ્વાલિયર સહિત 11 જિલ્લામાં એલર્ટ જાહેર કર્યું છે. રાજ્યના 44 જિલ્લામાં ગરમીની અસર પણ રહેશે. ઘણા શહેરોમાં દિવસનું તાપમાન 43 C સુધી પહોંચી શકે છે.

3. ઉત્તર પ્રદેશ: 10 શહેરોમાં વરસાદ, 44માં આજે પણ એલર્ટ, 70kmphની ઝડપે પવનો ફૂંકાશે

રાજ્યમાં છેલ્લા 7 દિવસથી હવામાન બગડેલું છે. પશ્ચિમી વિક્ષોભ અને પહાડો પર હિમવર્ષાને કારણે તાપમાન 40C થી નીચે આવી ગયું છે. જોકે, વાવાઝોડા અને વરસાદનો સિલસિલો ચાલુ છે. હવામાન વિભાગે ગુરુવારે 44 જિલ્લામાં વાવાઝોડા અને વરસાદ સાથે એલર્ટ જાહેર કર્યું છે. પવનની ગતિ 70kmph સુધી પહોંચી શકે છે.

4. છત્તીસગઢ: વાવાઝોડા-વરસાદથી આજથી રાહત, ફરી ગરમી તપાવશે, 4 C સુધી વધશે પારો

રાજ્યમાં આજથી વાવાઝોડા અને વરસાદ સંબંધિત ઘટનાઓ ઓછી થવા લાગશે. જોકે, કેટલાક વિસ્તારોમાં હળવો વરસાદ અને 50 કિમી પ્રતિ કલાકની ઝડપે તેજ પવનો ફૂંકાવાની શક્યતા છે. છેલ્લા 24 કલાક દરમિયાન રાજનાંદગાંવ 41 C સાથે સૌથી ગરમ અને અંબિકાપુર 18.2 C સાથે સૌથી ઠંડુ રહ્યું, હવે ગરમી ફરીથી વેગ પકડી શકે છે.

5. બિહાર: પટનામાં રાત્રે ભારે વરસાદ, લેન્ડિંગ પહેલા ટર્બ્યુલન્સમાં ફસાયેલી ફ્લાઇટ, લખનઉ ડાયવર્ટ

રાજ્યમાં વાવાઝોડા-વરસાદનો સિલસિલો ચાલુ છે. હવામાન વિભાગે આજે એટલે કે ગુરુવારે રાજ્યના 24 જિલ્લામાં વરસાદનું યલો એલર્ટ જાહેર કર્યું છે. પટનામાં મધ્યરાત્રિએ લગભગ દોઢ કલાક ભારે વરસાદ થયો, જેના કારણે ઘણી જગ્યાએ પાણી ભરાઈ ગયું. રસ્તો બેસી ગયો. આ તરફ, ઈન્ડિગોની ફ્લાઇટ 6E6497 પટનામાં લેન્ડિંગ પહેલાં ભયંકર ટર્બ્યુલન્સમાં ફસાઈ ગઈ. ફ્લાઇટને લખનૌ ડાયવર્ટ કરવામાં આવી.

6. પંજાબ: પંજાબ-ચંદીગઢમાં ACનું તાપમાન 24 થી 25 રાખવાની સૂચના

પંજાબના ત્રણ જિલ્લાઓ અને ચંદીગઢમાં આજે (7 મે) કેટલાક સ્થળોએ ગાજવીજ સાથે વાવાઝોડું અને વીજળી પડવાની સંભાવના છે. ચંદીગઢ પ્રશાસને વીજળીનો વપરાશ ઘટાડવા માટે નક્કી કર્યું છે કે સરકારી વિભાગો, શૈક્ષણિક સંસ્થાઓ, વ્યાવસાયિક ઈમારતો અને મોટા સંસ્થાનોમાં ACનું તાપમાન 24 થી 25 C રાખવામાં આવે.

7. ઉત્તરાખંડ: 3 જિલ્લામાં વરસાદ, પહાડોમાં કરા પડવાનું એલર્ટ, દેહરાદૂનમાં મે મહિનામાં ઠંડી, 9 વર્ષનો રેકોર્ડ તૂટ્યો

**1** અમદાવાદમાં જગન્નાથ મંદિરની બહાર, ગરમીથી રાહત આપવા માટે લક્ષ્મી હાથીને તેના કેર ટેકરે નવડાવ્યો.

**2** જયપુર સહિત ઘણા જિલ્લાઓમાં બુધવારે કાળઝાળ ગરમી રહી. જયપુરમાં રસ્તાઓ પર પાણીનો પણ છંટકાવ કરવામાં આવ્યો. હવામાન વિભાગે 8 મેથી હીટવેવની પણ ચેતવણી આપી છે.

## તંત્રી લેખ

# થલાપતિ વિજયનું CM બનવાનું નક્કી, માત્ર 11 ડગલાં દૂર

તમિલનાડુમાં થલાપતિ વિજયની પાર્ટી તમિલગા વેત્રી કળગમ (TVK) 108 બેઠકો જીતીને સૌથી મોટી પાર્ટી બની, પરંતુ હજુ પણ બહુમતીથી દૂર છે. સરકાર બનાવવા માટે 118 ધારાસભ્યોની જરૂર છે. વિજયે બે બેઠકો જીતી છે તેથી એક બેઠક ખાલી કરવી પડશે એટલે કે TVK પાસે 107 બેઠકો રહેશે. કુલ બેઠકો 233 થઈ જશે, પરંતુ બહુમતી સાબિત કરવાનો આંકડો 118 જ રહેશે. આવી સ્થિતિમાં TVKને વધુ 11 ધારાસભ્યો જોઈએ. TVK સૂત્રો કહે છે કે ગઠબંધન માટે અન્ય પક્ષો સાથે વાતચીત ચાલી રહી છે. 5 ધારાસભ્યો ધરાવતી કોંગ્રેસ સાથેની ડીલ લગભગ અંતિમ તબક્કામાં છે. બાકીના 5 ધારાસભ્યો માટે VCK, CPI અને CPM સાથે વાતચીત ચાલી રહી છે. ત્રણેય પક્ષો પાસે 2-2 ધારાસભ્યો છે. વિજયે 5 મેના રોજ પાર્ટીની કોર કમિટી સાથે એક દિવસની બેઠક યોજી હતી. તેમણે DMK ગઠબંધન તોડવાની જવાબદારી તેમના નજીકના સલાહકાર એસએ ચંદ્રાને સોંપી છે. સહાયક પક્ષોને ફાળવવામાં આવનારા વિભાગો અંગે પણ ચર્ચા ચાલી રહી છે. TVKના સૂત્રો સૂચવે છે કે કોંગ્રેસને બે મંત્રી પદ મળી શકે છે, જ્યારે બાકીના પક્ષોને ત્રણ કે ચાર મળી શકે છે. વિજય ગઠબંધન સરકાર ચલાવવા માટે સંમત છે તેથી કોઈ અવરોધો નહીં આવે. દરમિયાન, તમિલનાડુના કોંગ્રેસના એક નેતા કહે છે, અમે સમર્થન આપવાનું વચન આપ્યું છે. હાઈકમાન્ડ પહેલાથી જ વિજય સાથે ગઠબંધન ઈચ્છતો હતો. તો શું તેઓ DMK છોડી દેશે? કોંગ્રેસના નેતાઓ કહે છે, 'એ તો થવાનું જ હતું. સરકારમાં કોઈ ખામી રહી હશે જેના કારણે આટલો જનાદેશ મળ્યો.' વરિષ્ઠ પત્રકાર ડી. સુરેશ કુમાર કહે છે કે વિજયની પાર્ટીએ બે ગઠબંધનને હરાવ્યા, 35% મત મેળવ્યા. જો કોઈ પણ ગઠબંધન તેમને સત્તાથી દૂર રાખવાનો પ્રયાસ કરશે, તો ટીવીકેના સમર્થકો તેમને ઘેરી લેશે. તેથી કોઈ પણ પક્ષ આવી ભૂલ કરવા માંગશે નહીં. TVK ના સૂત્રો સૂચવે છે કે તેઓ કેટલાક પક્ષો પાસેથી બહારથી ટેકો મેળવવા માંગે છે. હજુ સુધી કંઈ નક્કી થયું નથી. જો રાજ્યપાલ સમર્થન પત્રો માંગે તો પણ કોઈ સમસ્યા નહીં હોય. TVK ના ધારાસભ્ય સંગોટે શ્રીનિવાસન પહેલા AIADMK માં હતા. તેમની નજીકના એક સ્ત્રોતનો દાવો છે કે તેઓ AIADMK ના નેતાઓ સાથે વાતચીત કરી રહ્યા છે. તેઓ પહેલા પાર્ટીના વડા પલાનીસ્વામીને મનાવી રહ્યા છે. જો તેઓ સંમત ન થાય તો તેઓ ધારાસભ્યો સાથે વાત કરશે. AIADMK માંથી ધારાસભ્યોને તોડવાનો પ્રયાસ પણ કરી શકાય છે. રાજકીય વિશ્લેષક રામ કુમાર માને છે કે AIADMK સાથે સરકાર બનાવવી એ વિજય માટે સૌથી સલામત અને સરળ વિકલ્પ છે. VCK, CPI અને CPM પાસે બે-બે બેઠકો છે, જ્યારે DMDK પાસે એક બેઠક છે. તે બધા DMK ના સાથી છે. તેથી તેઓ વિજય સાથે જોડાણ કરવાનું ટાળશે. તમિલનાડુના CM રહેલા સ્ટાલિન ચૂંટણી હારી ગયા છે. તેમના પુત્ર ઉદયનિધિ જીત્યા છે. ઉદયનિધિ તમિલ ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા રહ્યા છે, તેથી એવી અટકળો હતી કે તેઓ વિજયને સમર્થન આપી શકે છે. જોકે DMK ના સૂત્રો તેની શક્યતા નહિવત્ જણાવી રહ્યા છે.

# કઠ ઉપનિષદનો ઋષિ પુત્ર નચિકેતા આપણને ભોગ વિષય પાછળની દોડમાં થોભવા કહે છે!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. શાસ્ત્ર મુજબ હજી કળિયુગની પરાકાષ્ઠા નથી, અને છતાં આપણી માટે કળિયુગનાં પ્રભાવને વેઠવો અઘરો થતો જાય છે! હાં એ એક વાત જુદી છે કે, આપણે બધું જાણવાં છતાં જાગૃત રહી શકતાં નથી, અને એને કારણે માયાનાં પ્રપંચમાં સામે ચાલીને ઘેરાતાં જઈએ છીએ. અન્ય સંસ્કૃતિ વિશે તો બહુ ખબર નથી, પરંતુ ભારત પાસે તો આપણી એક એક સમસ્યાનો તોડ નીકળી શકે, એવાં શાસ્ત્રો પડ્યાં છે! અને એનો ઉપયોગ કે પ્રયોગ કરીને આપણે કળિયુગનાં પ્રભાવને આપણી અંદર પ્રવેશતાં રોકી શકીએ છીએ! વેદને કદાચ સૌકોઈ સમજી શકે નહીં, માટે આપણાં ઋષિમુનિઓએ એને સરળ બનાવવાં ઉપનિષદ ની રચના કરી છે. આવાં મુખ્ય ઉપનિષદ વિશે આપણે દર શુક્રવારે ચિંતન કરી રહ્યાં છીએ. ઈશ અને કેન ઉપનિષદ વિશે આપણે ચિંતન કરી ચૂક્યા છીએ, અને એ પછી આવે છે કઠ ઉપનિષદ, જેમાં એક સુંદર કથાનક દ્વારા આત્મજ્ઞાનને દર્શાવામાં આવ્યું છે, અને એને પ્રાથમિક ગુજરાતી પાઠ્યપુસ્તકમાં આપણે ભણી ચૂક્યા છીએ. કઠ ઉપનિષદમાં જ દરેકની ક્ષણેક્ષણની જાગૃતિ માટેનો એક શ્લોક છે, કે જેને સ્વામી વિવેકાનંદ યુવાનોને રાષ્ટ્રીય જાગૃતિ માટે આહવાન કરતાં હતાં.

* કઠ ઉપનિષદ*

ૐ ઉશન્ હ વૈ વાજશ્રવસઃ સર્વવેદસં દદૌ,

તસ્ય હ નચિકેતા નામ પુત્ર આસ. ૧|

કઠ ઉપનિષદનો આ પ્રથમ શ્લોક છે, અને

આ ઉપનિષદમાં એક વાજશ્રવસ નામનાં ઋષિએ એક મોટો યજ્ઞ કર્યો, અને પોતાની મોટાભાગની સંપત્તિ દાનમાં આપવાં નક્કી કર્યું! .પરંતુ એનાં દિકરા નચિકેતા એ જોયું કે એના પિતા ચાલાકી કરી રહ્યાં છે, અને જે દૂધ નહોતી આપતી અને બિમાર તેમજ દુબળી થઈ ગયેલી નકામી ગાયો હતી, એનું જ દાન કર્યું હતું. એમનો પુત્ર નચિકેતા સત્ય પ્રેમી અને ખૂબ જીજ્ઞાસુ હતો. એમણે એનાં પિતાને પુછ્યું કે પિતાજી આપ મને કોને દાનમાં આપશો? વારંવારનાં પુછવાથી ઋષિ એ જવાબમાં કહ્યું કે યમ રાજાને અને પછી શરૂ થાય છે, નચિકેતાની યમ પાસે જવાની યાત્રા, નચિકેતા ત્યાં ત્રણ દિવસ ભોજન પાણી વગર રોકાઈ રહ્યાં, અને અંતે યમ સાથે મુલાકાત થાય છે, અને ત્યાંથી શરૂ થાય છે તત્વ જ્ઞાનનો બોધ.

યમરાજ પાછાં આવ્યાં, તેઓ નચિકેતની ધીરજ જોઈને ખુશ થઈ ગયાં, અને નચિકેતાને ત્રણ વરદાન માંગવા કહ્યું. નચિકેતા એ પહેલાં વરદાન માં માગ્યું કે,મારા પિતા મારા પર ગુસ્સે રહે નહીં, અને મને પ્રેમથી સ્વીકારી લે.યમરાજે તથાસ્તુ કહી આ વરદાન આપી દીધું. નચિકેતા એ બીજા વરદાન મા માગ્યું કે "મને એવો યજ્ઞ શીખવો જે સ્વર્ગમાં લઈ જાય. યમરાજે તેને અગ્નિવિદ્યા શીખવી, જે વિધિને પછીથી "નચિકેત અગ્નિ" તરીકે ઓળખાય છે. નચિકેતા એ ત્રીજું વરદાન માંગ્યું, જે સૌથી મહત્વનું છે, મૃત્યુ પછી આત્માનું શું થાય છે? એ રહસ્ય મને કહો. યમરાજે વિચાર્યું કે આ પ્રશ્ન બહુ ઊંડો છે, તેથી તેમણે



નચિકેતને પરીક્ષા રુપે લલચાવવાનો પ્રયાસ કર્યો, અને કહ્યું કે તું ધન, રાજ્ય, લાંબુ આયુષ્ય, સુખ બધું માંગ પણ આ પ્રશ્ન પૂછ નહીં. પરંતુ નચિકેતા અડગ રહ્યો, અને કહ્યું કે હું જાણું છું, કે આ બધું ક્ષણિક છે. મને તો સત્ય જ જાણવું છે. નચિકેતની નિષ્ઠા જોઈને યમરાજે અંતે આત્મજ્ઞાન આપ્યું: આત્મા અમર છે, શરીર નાશવંત છે, અને સાચું સુખ તો આત્માને ઓળખવામાં છે.

કઠ ઉપનિષદનાં અમુક પ્રખ્યાત શ્લોકોને આધુનિક જીવનમાં કેવી રીતે લાગુ કરવો, તે સરળ રીતે સમજીએ. આ શ્લોક કઠ ઉપનિષદમાં યમરાજ દ્વારા નચિકેતાને અપાયેલ માર્ગદર્શન છે, પણ તેનો સંદેશ આજનાં જીવનમાં પણ ખૂબ જ પ્રાસંગિક છે.

**શ્રેયશ્ચ પ્રેયશ્ચ મનુષ્યમેતઃ

તૌ સમ્પરીત્ય વિવિનક્તિ ધીરઃ।

શ્રેયો હિ ધીરઃ અભિ પ્રેયસો વ્રુણીતે

પ્રેયો મંદો યોગક્ષેમાદ્ વ્રુણીતે ॥

ઈન્દ્રિય સુખ પ્રેય અને શ્રેય સાચું કલ્યાણ અલગ છે. જીવનનાં અમુક મુકામે દરેકને બે રસ્તા સામે આવે છે, એક પ્રેય એટલે કે આસાન અને સુખદાયક. બીજો શ્રેય એટલે કે સાચું અને કલ્યાણકારી. પણ આપણી જાગૃતિ ન્હોયને આપણી આળસુ પ્રકૃતિ આપણને પ્રેય આસાન અને સુખદાયી માર્ગ પસંદ કરવા કહે છે. પરંતુ

સમજદાર માણસ હંમેશા શ્રેયનો માર્ગ પસંદ કરે છે.

**ઉત્તિષ્ઠત જાગ્રત પ્રાપ્ય વરાન્નિબોધત।

ક્ષુરસ્ય ધારા નિશિતા દુર્ગત્યેહા દુર્ગં પથસ્તત્કવયો વદન્તિ ॥

નચિકેતએ જ્યારે ત્રીજા વર્દાનમાં આત્મા શું છે?" એવો ઊંડો પ્રશ્ન પૂછ્યો. તેનાં જવાબમાં યમરાજ આત્મજ્ઞાન, જીવનનો સત્ય માર્ગ અને મુક્તિ વિશે સમજાવે છે. જ્યાં યમરાજ આત્મસાક્ષાત્કાર માટે જાગૃતિ અને પ્રયત્નની જરૂરિયાત બતાવે છે. ઉઠો! જાગો! અને શ્રેષ્ઠ જ્ઞાની પુરુષો પાસે જઈને જ્ઞાન પ્રાપ્ત કરો. એમણે કહ્યું કે મહાન વિદ્વાનો કહે છે કે આ માર્ગ દુર્ગમ અને મુશ્કેલ છે, આ માર્ગ બહુ કઠિન છે, તીક્ષ્ણ છરીની ધાર જેવો. ઉત્તિષ્ઠત એટલે ઉઠો, આળસ છોડો, જીવનમાં સજાગ બનો, એટલે કે માત્ર ઉઠવું પર્યાપ્ત નથી. જાગૃત થઈ સંસાર અને મોહ માયા નાં અજ્ઞાનમાંથી બહાર આવો, વરાન્ પ્રાપ્ય, એટલે કે મહાન ગુરુઓને પ્રાપ્ત કરેલા સાચા માર્ગદર્શક પાસેથી આત્મજ્ઞાન પ્રાપ્ત કરો. ક્ષુરસ્ય ધારા, આત્મજ્ઞાનનો માર્ગ અત્યંત સૂક્ષ્મ અને મુશ્કેલ છે, એટલે કે, આત્મસાક્ષાત્કાર સહેલો નથી, તે માટે સંયમ, સમજ અને માર્ગદર્શન જરૂરી છે.આ શ્લોક ખૂબ પ્રેરણાદાયી છે. ઘણીવાર એવું થાય છે, કે અધ્યાત્મ વિશે જીજ્ઞાસા બહુ હોય, પરંતુ પૂરતી જાગૃતિ ન્હોય કે કોની પાસે જવું, અને આધ્યાત્મિક યાત્રા ઘણી લાંબી ચાલે પણ આત્મ શોધ મુશ્કેલ બને ત્યારે આ શ્લોક બહુ મદદ કરે છે.

**ન જાયતે મ્રિયતે વા વિપશ્ચિન્નાયં કુતશ્ચિત્ બભૂવ કશ્ચિત્।

અજો નિત્યઃ શાશ્વતોઽયં પુરાણો ન હન્યતે હન્યમાને શરીરે ॥

આ શ્લોક આત્માની અમરતાનો છે, અને એ આત્માની અજર અમર પ્રકૃતિ દર્શાવે છે, જે જન્મ અને મૃત્યુથી પર છે. એટલે કે જ્ઞાની આત્મા ક્યારેય જન્મતો નથી કે, ક્યારેય મરતો નથી. તે ક્યાંયથી ઉત્પન્ન થયો નથી, અને તેનાથી બીજું કઈ ઉત્પન્ન થયું નથી. આ આત્મા અજન્મા, નિત્ય, શાશ્વત અને છતાં પુરાણો પણ છે. શરીરનો નાશ થવા છતાં આત્માનો નાશ થતો નથી.

**આત્માનં રથિનં વિદ્ધિ શરીરં રથમેવ તુ।

બુદ્ધિં તુ સારથિં વિદ્ધિ મનઃ પ્રગ્રહમેવ ચ ॥

આ શ્લોક બુદ્ધિ દ્વારા મન અને ઈન્દ્રિયોને વશમાં રાખવાનું મહત્વ સમજાવે છે.આત્માને રથનો માલિક એટલે કે રથી જાણો, શરીરને રથ, બુદ્ધિને સારથિ અને મનને લગામ જાણવી. જેમ સારથિ લગામ દ્વારા ઘોડાને નિયંત્રણમાં રાખે છે, તેમ બુદ્ધિ દ્વારા મનનું નિયંત્રણ કરવું જોઈએ.

યેન કેન પ્રકારે હવે આત્મ તત્વ માટે જાગવું જરુરી છે! એટલે સંસાર છોડવાની કે સંન્યાસ લેવાની જરૂર નથી! પરંતુ સમયની સાથે સાથે આપણી માનસિકતા એકદમ ભોગી ની થતી જાય છે! અન્ય સંસ્કૃતિમાં તો મૃત્યુ પછીની કે મુક્તિની વાત ન્હોય, કે પછી અન્ય સૌમાં પરમાત્મા દર્શનની વાત ન્હોય, એમનું વિષયી રસમાં રચ્યાં પચ્યા રહેવું એ સ્વાભાવિક છે, પણ આપણે તો 'સીયારામ મય સબ જગ જાની' જેમ સૌમાં સીતારામ નાં દર્શન કરનારાં છીએ , અને છતાં સાંસારિક ભાવ વધારતી ભોગ અને વિષય પાછળની આ દોટ આપણને પતન તરફ દોરી રહી છે, પણ સ્વયં ને 'હવે બસ' એવું કહેવાં માટે પણ આપણું ઉઠવું અને પછી જાગવું આ બંને જરુરી છે! તો આવો કંઈક બોધ આપણે સૌ લઈ શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવાં ચિંતન મનન સાથે, તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

## ચાંદખેડા રોડ-સાબરમતી 'D' કેબિન નવી બ્રૉડ ગેજ

# Y-કનેક્ટિવિટી લાઇનનું CRS નિરીક્ષણ સફળતાપૂર્વક સંપન્ન





**પશ્ચિમ રેલવે, અમદાવાદ, તા. 07**

પશ્ચિમ સર્કલના રેલવે સંરક્ષા કમીશનર (CRS) શ્રી શ્રીનિવાસે આજે તારીખ 07 મે 2026 ના રોજ પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં ચાંદખેડા રોડ-સાબરમતી 'D' કેબિન (આશરે 1.00 કિ.મી.) ઈન્ટરસેક્શનની નવી બ્રૉડ ગેજ Y-કનેક્ટિવિટી લાઈનનું સંરક્ષા નિરીક્ષણ કર્યું. નિરીક્ષણ દરમિયાન તેમણે આ નવી લાઈન પર મોટર ટ્રૉલી દ્વારા વિગતવાર નિરીક્ષણ કર્યું તથા લાઈનની સંરક્ષા અને પરિચાલન ક્ષમતાની આકારણી કરી. આ ઉપરાંત આ સેક્શન પર સ્પીડ ટ્રાયલ પણ સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યું. આ નિરીક્ષણ દરમિયાન પ્રદીપ ગુપ્તા મુખ્ય વહીવટી અધિકારી (બાંધકામ), વેદ પ્રકાશ, મંડળ રેલવે મેનેજર, અમદાવાદ સહિત બાંધકામ અને ઓપન લાઈન વિભાગના સિનિયર અધિકારીઓ ઉપસ્થિત રહ્યા. સાબરમતી 'D' કેબિન બાયપાસનો સૌથી મોટો ફાયદો એ હશે કે ઉત્તર અને પૂર્વ ભારતથી આવનારી-જનારી ટ્રેનો, ખાસ કરીને સૌરાષ્ટ્ર વિસ્તારની ટ્રેનો, ને વ્યસ્ત સાબરમતી 'D' કેબિન ક્ષેત્રમાં પ્રવેશ કર્યા વગર વૈકલ્પિક માર્ગ ઉપલબ્ધ થઈ શકશે. આનાથી ટ્રેનોની અવરજવર વધુ ઝડપી અને નિર્વિરોધ રહેશે તથા યાત્રીઓના યાત્રા સમયમાં પણ ઘટાડો થશે. આ ઉપરાંત, લોકો રિવર્સલ નાબૂદ થવાથી, સાબરમતી લાઈન પર વધુ ટ્રેનો ચલાવવા માટે વધુ સુવિધાઓ ઉપલબ્ધ થશે.આ નિરીક્ષણ દરમિયાન પ્રદીપ ગુપ્તા મુખ્ય વહીવટી અધિકારી (બાંધકામ), વેદ પ્રકાશ, મંડળ રેલવે મેનેજર, અમદાવાદ સહિત બાંધકામ અને ઓપન લાઈન વિભાગના સિનિયર અધિકારીઓ ઉપસ્થિત રહ્યા. સાબરમતી 'D' કેબિન બાયપાસનો સૌથી મોટો ફાયદો એ હશે કે ઉત્તર અને પૂર્વ ભારતથી આવનારી-જનારી ટ્રેનો, ખાસ કરીને સૌરાષ્ટ્ર વિસ્તારની ટ્રેનો, ને વ્યસ્ત સાબરમતી 'D' કેબિન ક્ષેત્રમાં પ્રવેશ કર્યા વગર વૈકલ્પિક માર્ગ ઉપલબ્ધ થઈ શકશે. આનાથી ટ્રેનોની અવરજવર વધુ ઝડપી અને નિર્વિરોધ રહેશે તથા યાત્રીઓના યાત્રા સમયમાં પણ ઘટાડો થશે. આ ઉપરાંત, લોકો રિવર્સલ નાબૂદ થવાથી, સાબરમતી લાઈન પર વધુ ટ્રેનો ચલાવવા માટે વધુ સુવિધાઓ ઉપલબ્ધ થશે. ચાંદખેડા રોડ બાયપાસ મારફતે ટ્રેન ડાયવર્ટ થવાથી અમદાવાદ (કાલૂપુર) અને સાબરમતી સ્ટેશનો પર ટ્રેનોનું દબાણ ઓછું થશે, જેનાથી પરિચાલન કુશળતામાં વૃદ્ધિ થશે. આ નવી Y-કનેક્ટિવિટી ભવિષ્યમાં વધારે ટ્રેનોના સંચાલનમાં પણ સહાયક સિદ્ધ થશે. આ પરિયોજના પૂર્ણ થવાની સાથે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર વિસ્તારના યાત્રીઓને આધુનિક અને ઉત્તમ રેલવે સુવિધાઓ ઉપલબ્ધ થશે. ઉત્તમ રેલવે સંપર્કને કારણે ચાંદખેડા અને આસપાસના વિસ્તારોમાં વ્યવસાયિક પ્રવૃત્તિઓ તથા રિયલ એસ્ટેટ વિકાસને પણ પ્રોત્સાહન મળવાની સંભાવના છે. જેના કારણે અમદાવાદની આર્થિક પ્રગતિને નવી ગતિ મળશે. નવી લાઈન ભારતીય રેલવેને એક વૈકલ્પિક અને સુમગ પરિચાલન પૂરૂં પાડશે, જેનાથી પશ્ચિમ રેલવે નેટવર્કમાં યાત્રી સુવિધાઓ અને રેલવે સંચાલનની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો થશે.

# જીવનમાં પ્રતિકૂળતાનાતત્વો ચોક્કસપણે હોઇ શકે છે, પરંતુ જીવન પોતે ક્યારેય ખરાબ ન હોઇ શકે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

આ માનવ જીવન કિંમતી અને દુર્લભ બંને છે.જે દિવસે વ્યક્તિ ખરેખર જીવનની દુર્લભતાને સમજી લેશે,ત્યારે કોઈ પણ વ્યક્તિ તેને ક્યારેય બગાડી શકશે નહીં. માનવ જીવન એ પરમાત્મા દ્વારા આપણને મળેલી અમૂલ્ય ભેટ છે.જીવનમાં પ્રતિકૂળતાના તત્વો ચોક્કસપણે હોઈ શકે છે,પરંતુ જીવન પોતે ક્યારેય ખરાબ ન હોઈ શકે. જીવન એક તક છે ઉત્તમ બનવાની,ઉત્તમ કાર્ય કરવાની અને ઉત્તમ પ્રાપ્ત કરવાની તક. જીવન એક ફૂલ જેવું છે: જ્યારે તે કાંટાથી ભરેલું હોઈ શકે છે, ત્યારે તેમાં સુંદરતાનો પણ અભાવ નથી.જીવન ફક્ત તે લોકો દ્વારા 'ખરાબ' માનવામાં આવે છે જેમની નજર ફૂલો પર નહીં પણ ફક્ત કાંટા પર સ્થિર રહે છે. જીવનમાં,વ્યક્તિ કંઈ પણ મેળવી શકે છે;છતાં,જો કોઈ વ્યક્તિ બધું છોડી દે,તો પણ તે જીવનને પ્રાપ્ત કરી શકતો નથી.જીવનને ખરાબ ગણાવવાને બદલે,તેની અંદર રહેલી દુષ્ટતાઓને દૂર કરવાનો પ્રયાસ કરો;આ ખરેખર જ્ઞાની વ્યક્તિનું લક્ષણ છે.એક દિવસ એક જ્ઞાની ગુરુ પોતાના શિષ્યોને લઈ પ્રકૃતિના ખોળે નીકળ્યા. રસ્તો લીલીછમ હરિયાળીથી શોભતો હતો અને પંખીઓના કલરવથી વાતાવરણ મધુર બન્યું હતું.ચાલતાં ચાલતાં ગુરુજીએ શિષ્યોને જીવનનું અમૂલ્ય રહસ્ય સમજાવ્યું:'બાળકો, આપણે જેની સંગત કરીએ છીએ તે આપણા જીવન ને ઘડે છે.આપણો સ્વભાવ, વિચાર અને ચારિત્ર્ય સંપૂર્ણપણે સંગ પર આધારિત છે.'

શિષ્યો ધ્યાનથી સાંભળતા હતા, પણ મનમાં પ્રશ્ન હતો કે કોઈની સંગ આટલી ઊંડી અસર કેવી રીતે કરી શકે?ત્યાં જ ગુરુની નજર રસ્તાની બાજુમાં ખીલેલા ગુલાબના છોડ પર પડી.તેનાં ફૂલોની મહેક ચારેકોર પ્રસરી રહી હતી.ગુરુજીએ એક શિષ્ય ને કહ્યું,'જા,આ છોડ નીચેથી થોડી માટી લઈ આવ.'

શિષ્ય માટી લાવ્યો.ગુરુજી હસી ને બોલ્યા,'હવે આ માટીનેસૂંઘીને કહે,શું સુગંધ આવે છે?' શિષ્ય આશ્ચર્યથી બોલી ઊઠ્યો, 'ગુરુજી!આ તો ગુલાબ જેવી મીઠી સુગંધ આપે છે.'ત્યારે ગુરુએ બધા શિષ્યોને સમજાવ્યું,'આ જ સંગતનો પ્રભાવ છે. આ



સામાન્ય માટી છે,પણ દિવસરાત ગુલાબની પાંદડીઓ તેના પર ખરતી રહી. ગુલાબની નિકટતાએ માટીને પણ સુગંધિત બનાવી દીધી. એમ જ માનવી જેની સંગતમાં રહે છે તેના ગુણો તેનામાં આપો આપ આવી જાય છે.સારા,સદા ચારી અને સકારાત્મક લોકોની સંગત માણસને ઉન્નત બનાવે છે, જ્યારે ખરાબસંગતનકારાત્મકતા અને દુર્ગુણોના મૂળ નાખી દે છે.' *સંગત: માત્ર શારીરિક નિકટતા નહીં,આંતરિક પરિવર્તન શિષ્યો ને સમજાયું કે સંગત એટલે માત્ર સાથે રહેવું નહીં,પણ વ્યક્તિત્વ નું ઘડતર છે.ગુરુજીએ સારાંશ આપ્યો:'હંમેશા એવી સંગત પસંદ કરો જે તમને ઊંચાઈ પર લઈ જાય,સારા મૂલ્યો અને સકારાત્મકતા આપે. યોગ્ય સંગત જ જીવનને સફળ અને સુગંધિત બનાવે છે.' તે દિવસથી શિષ્યોએ સંકલ્પ કર્યો કે તેઓ હંમેશા સત્સંગમાં રહી પોતાના જીવનને ગુલાબની જેમ મહેકાવશે. રાસલીલા:આત્મા અને પરમાત્માનો અલૌકિક સંગ આ સંગતનું સર્વોચ્ચ ઉદાહરણ છે ગોપીઓની રાસલીલા. ગોપી ઓએ શરૂઆતમાં જ સ્પષ્ટ કર્યું કે, 'અમે વિષયો તો શું,સ્ત્રીત્વનો પણ ત્યાગ કરીને આવ્યા છીએ. 'આ ભાવ સ્મરણમાં રાખીને જ રાસલીલા નું રહસ્ય સમજાય. શ્રદ્ધાપૂર્વક રાસલીલાનું સ્મરણ કરવાથી ભગવાનના ચરણોમાં પરાભક્તિ પ્રાપ્ત થાય છે અને કામભાવ સદાને માટે નષ્ટ થાયછે રાસલીલાના પાંચ અધ્યાય પરમાત્માના પંચવિધ રમણ દર્શાવે છે:પહેલા અધ્યાયમાં આત્મા સાથે,બીજામાં હ્રદયસાથે ત્રીજામાં વાણી સાથે, ચોથામાં પ્રાણ સાથે અને પાંચમામાં બુદ્ધિ સાથે રમણ છે.આ સર્વાંગનું ઈશ્વર સાથે મિલન છે. ગોપીઓની માયાથી નિવૃત્તિ કેવી રીતે?પરીક્ષિત રાજાએશુકદેવજી ને પૂછ્યું કે ત્રણ ગુણના પ્રવાહ રૂપ સંસારથી ગોપીઓ કેવી રીતે મુક્ત થઈ?ત્યારે શુક દેવજી કહે છે,'જીવ ઈશ્વરનું સતત ચિંતન કરતાં ઈશ્વરરૂપ બની જાય છે. શિશુપાલ દ્વેષભાવથી પણ ચિંતન કરતાં ભગવાનનો પાર્ષદ બની ગયો, તો પ્રેમથી ચિંતન કરનારી ગોપીઓ શ્રીકૃષ્ણમય બની જાય તેમાં આશ્ચર્ય શું?'ગોપીઓની માયાથી નિવૃત્તિ કેવી રીતે?પરીક્ષિત રાજાએશુકદેવજી ને પૂછ્યું કે ત્રણ ગુણના પ્રવાહ રૂપ સંસારથી ગોપીઓ કેવી રીતે મુક્ત થઈ?ત્યારે શુક દેવજી કહે છે,'જીવ ઈશ્વરનું સતત ચિંતન કરતાં ઈશ્વરરૂપ બની જાય છે. શિશુપાલ દ્વેષભાવથી પણ ચિંતન કરતાં ભગવાનનો પાર્ષદ બની ગયો, તો પ્રેમથી ચિંતન કરનારી ગોપીઓ શ્રીકૃષ્ણમય બની જાય તેમાં આશ્ચર્ય શું?'

ભૌતિક નહીં,આધ્યાત્મિક મિલન હે રાજા!રાસમાં શ્રીકૃષ્ણનું ગોપી ઓના ભૌતિક શરીર સાથે રમણ નહોતું.ગોપી ઓનાં પંચ ભૌતિક શરીર તો તેમના ઘરે જ હતાં.આ તો ગોપીઓના આધિદૈવિક, આધ્યાત્મિક સ્વરૂપનું પરમાત્મા સાથે મિલન હતું. ઈશ્વરને મનથી મળવાનું છે.શરીર ગમે ત્યાં હોય ભાવના જ મહત્ત્વની છે.

ગોપી-કૃષ્ણની આ રાસલીલા બે-ચાર કલાક કે દિવસમાં પૂરી નથી થઈ, તે તો છ માસ ચાલી. છ માસ ગોપીઓ ઘરે ન આવે તો કેટલી ગરબડ થાય?આ સ્પષ્ટ કરે છે કે આ ભૌતિક મિલન નથી,પણ જીવ-ઈશ્વરનું આધ્યાત્મિક મિલન છે. બ્રહ્મનો બ્રહ્મ સાથે વિલાસએ જ રાસ છે

સમજવા માટે મનની શુદ્ધિજરૂરી પરમાત્માની લીલાનું રહસ્ય ઝટ સમજાતું નથી, કારણ કે ગળામાં કાચકી બાઝેલી છે. એટલે ગળું સાફ કરો,મન સાફ કરો,અંતરના પડદા દૂર કરો. પછી સમજાશે કે ભગવાન શ્રીકૃષ્ણ આત્મા છે, આત્માકાર વૃત્તિ તે રાધિકાજી છે અને બાકીની આત્માભિમુખ વૃત્તિઓ તે ગોપીઓ છે.ઈશ્વર સૌના સાક્ષી,પરમ પતિ છે.જેમ નાનો બાળક નિર્વિકાર ભાવે અરીસામાં પોતાના પ્રતિબિંબ સાથે ખેલે છે,તેમ આત્માનું આત્મા સાથેનું આ રમણ છે. આ અલૌકિક લીલા છે.જેમ ગુલાબની સંગતથી માટીસુગંધિત બને છે,તેમ પરમાત્માની સંગત થી જીવ દિવ્ય બને છે. તેથી જીવનમાં સત્સંગ પસંદ કરો, કારણ કે સંગત જ તમારું ભાવિ ઘડે છે.અસ્તુ. ગોપી-કૃષ્ણની આ રાસલીલા બે-ચાર કલાક કે દિવસમાં પૂરી નથી થઈ, તે તો છ માસ ચાલી. છ માસ ગોપીઓ ઘરે ન આવે તો કેટલી ગરબડ થાય?આ સ્પષ્ટ કરે છે કે આ ભૌતિક મિલન નથી,પણ જીવ-ઈશ્વરનું આધ્યાત્મિક મિલન છે. બ્રહ્મનો બ્રહ્મ સાથે વિલાસએ જ રાસ છે સમજવા માટે મનની શુદ્ધિજરૂરી પરમાત્માની લીલાનું રહસ્ય ઝટ સમજાતું નથી, કારણ કે ગળામાં કાચકી બાઝેલી છે.એટલે ગળું સાફ કરો,મન સાફ કરો,અંતરના પડદા દૂર કરો. પછી સમજાશે કે ભગવાન શ્રીકૃષ્ણ આત્મા છે, આત્માકાર વૃત્તિ તે રાધિકાજી છે અને બાકીની આત્માભિમુખ વૃત્તિઓ તે ગોપીઓ છે.ઈશ્વર સૌના સાક્ષી,પરમ પતિ છે.જેમ નાનો બાળક નિર્વિકાર ભાવે અરીસામાં પોતાના પ્રતિબિંબ સાથે ખેલે છે,તેમ આત્માનું આત્મા સાથેનું આ રમણ છે. આ અલૌકિક લીલા છે.જેમ ગુલાબની સંગતથી માટીસુગંધિત બને છે,તેમ પરમાત્માની સંગત થી જીવ દિવ્ય બને છે. તેથી જીવનમાં સત્સંગ પસંદ કરો, કારણ કે સંગત જ તમારું ભાવિ ઘડે છે. અસ્તુ.

# ઠાસરા, કપડવંજ, નડિયાદ, મહુધા અને માતર ખાતે પ્રાકૃતિક કૃષિ હાટ ભરાયા

ખેડા, તા. 07

ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના ઉપક્રમે દર ગુરુવારે ખેડા જિલ્લાના વિવિધ તાલુકામાં પ્રાકૃતિક ખેડૂત હાટ યોજાય છે. જે અંતર્ગત આજરોજ જિલ્લાના ઠાસરા,કપડવંજ, નડિયાદ,મહુધા અને માતર ખાતે પ્રાકૃતિક કૃષિ હાટ ભરાયા હતા. આજે પ્રાકૃતિક રીતે ઉછેરેલા શાકભાજી, ફળો, અનાજ, કઠોળ અને મરી મસાલાનું વેચાણ કરવામાં આવ્યું હતુ. સવારે ૧૦ થી ૧૨ વાગ્યા દરમિયાન યોજાએલા આ પ્રાકૃતિક ખેડૂત હાટ વેચાણ કેન્દ્રમાં પ્રાકૃતિક કૃષિ પ્રેમીઓએ વિવિધ શાકભાજી અને કઠોળ તેમજ અનાજની ખરીદી કરી હતી. ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના જિલ્લા પ્રોજેકટ મેનેજરશ્રી આરીફભાઈ શેખ જણાવે છે એમ," પ્રોજેક્ટ ડાયરેકટરશ્રી ચંદ્રકાંતભાઈ પટેલના માર્ગદર્શનમાં જિલ્લાના તાલુકા સ્તરે પ્રાકૃતિક ખેડૂત હાટ વેચાણ કેન્દ્રમાં પ્રાકૃતિક કૃષિના ઉત્પાદનો વેચાઈ રહયા છે તેમજ ખેડા જિલ્લાના લોકો પ્રાકૃતિક શાકભાજી અને અનાજ તેમજ કઠોળનું મહત્વ સમજીને અમારા સ્ટોલો પરથી શાકભાજી અને કઠોળ તેમજ અનાજનું અનાજની ખરીદારી કરી રહ્યા છે. આ હાટમાં નડિયાદ તાલુકાનાં તાલુકા પ્રોજેક્ટ મેનેજર પાર્થભાઈ પટેલ અને એગ્રી આસિસ્ટન્ટ જગદીશભાઇ સોઢા, મહુધા તાલુકામાં તાલુકા પ્રોજેક્ટ મેનેજર સલમાબેન, ઠાસરા તાલુકાના એગ્રી આસિસ્ટન્ટ દલપતભાઈ સોઢા, કપડવંજ તાલુકાના બાબુભાઈ બારૈયા,માતર તાલુકાના અગ્રીકલચર આસિસ્ટન્ટ કિરણભાઈ સોલંકી ખેડુતો સાથે હાજર રહ્યાં હતા... તેમજ ખેડા જિલ્લાના લોકો પ્રાકૃતિક શાકભાજી અને અનાજ તેમજ કઠોળનું મહત્વ સમજીને અમારા સ્ટોલો પરથી શાકભાજી અને કઠોળ તેમજ અનાજનું અનાજની ખરીદારી કરી રહ્યા છે. આ હાટમાં નડિયાદ તાલુકાનાં તાલુકા પ્રોજેક્ટ મેનેજર પાર્થભાઈ પટેલ અને એગ્રી આસિસ્ટન્ટ જગદીશભાઇ સોઢા, મહુધા તાલુકામાં તાલુકા પ્રોજેક્ટ મેનેજર સલમાબેન, ઠાસરા તાલુકાના એગ્રી આસિસ્ટન્ટ દલપતભાઈ સોઢા, કપડવંજ તાલુકાના બાબુભાઈ બારૈયા,માતર તાલુકાના અગ્રીકલચર આસિસ્ટન્ટ કિરણભાઈ સોલંકી ખેડુતો સાથે હાજર રહ્યાં હતા.

# વજન ઘટાડવા માટે ઉનાળો ઉત્તમ વધુ પાણી પીવાથી મેટાબોલિઝમ સુધરતા શરીરમાંથી ઝેરી તત્વો બહાર નીકળી જાય છે

**ઉનાળાની ઋતુમાં બજારમાં મળતા કોલ્ડ ડ્રિંક્સ, પેકેજ્ડ જ્યુસ કે એનર્જી ડ્રિંક્સમાં ખાંડનું પ્રમાણ ખૂબ વધારે હોય છે. જે ઝડપથી વજન વધારે છે. તેના બદલે લીંબુ પાણી, નાળિયેર પાણી, વરિયાળીનું શરબત કે ફુદીનાનું પાણી પીવું જોઈએ. આ પીણાં કુદરતી રીતે શરીરને ઠંડક આપે છે. વજન ઘટાડવું એ ધીરજ માંગતી પ્રક્રિયા છે.**

ખેડા, તા. 07

ઉનાળાની આકરી ગરમી અને વધતો તાપ આપણા સ્વાસ્થ્ય માટે અનેક પડકારો લાવે છે પરંતુ વજન ઘટાડવા માંગતા લોકો માટે ઉનાળાની ઋતુ આશીર્વાદ સમાન પણ સાબિત થઈ શકે છે. ઉનાળામાં સૂર્યના તાપને કારણે કુદરતી રીતે જ આપણી પાચનશક્તિમાં ફેરફાર થાય છે અને જઠરાગ્નિ થોડો મંદ પડતા આપણને ભારે આહાર લેવાની ઈચ્છા ઓછી થાય છે.

આ સમયગાળા દરમિયાન શરીરને ઠંડક આપવા માટે આપણે વધુ પ્રવાહી પદાર્થોનું સેવન કરીએ છીએ, જે શરીરને ડિટોક્સ કરવા અને વધારાની કેલરી બાળવામાં મદદરૂપ નીવડે છે. યોગ્ય આહાર, શારીરિક સક્રિયતા અને ઋતુ અનુસારની જીવન શૈલીનો સમન્વય સાધીને વધારાની ચરબી ઓગાળી શકાય છે. ગરમીમાં પરસેવાના લીધે શરીરમાંથી પાણી ઓછું થઈ જાય છે. આથી, દિવસમાં ઓછામાં ઓછું ૦૩થી ૦૪ લિટર પાણી પીવું જોઈએ. વધુ પાણી પીવાથી મેટાબોલિઝમ સુધરે છે અને શરીરમાંથી ઝેરી તત્વો બહાર નીકળી જાય છે. ઉનાળામાં પાણીથી ભરપૂર ફળો જેવા કે તરબૂચ, ટેટી, દ્રાક્ષ અને સંતરા પુષ્કળ પ્રમાણમાં મળે છે. આ ફળોમાં કેલરી ઓછી અને ફાઈબર વધુ હોય છે, જે પેટને લાંબો સમય સુધી ભરેલું રાખે છે. તે મીઠાઈ ખાવાની ઈચ્છાને પણ નિયંત્રિત કરે છે. ઉનાળામાં ભારે અને તળેલા આહારને બદલે બાફેલું કે શેકેલું ભોજન લેવું જોઈએ. બપોરના ભોજનમાં દહીં, છાશ કે રાયતાનો સમાવેશ ચોક્કસ કરવો જોઈએ. દહીં પ્રોબાયોટિક હોવાથી પાચન તંત્રને મજબૂત બનાવે છે અને ચરબી ઘટાડવામાં મદદરૂપ થાય છે. ઉનાળાની ઋતુમાં બજારમાં મળતા કોલ્ડ ડ્રિંક્સ, પેકેજ્ડ જ્યુસ કે એનર્જી ડ્રિંક્સમાં ખાંડનું પ્રમાણ ખૂબ વધારે હોય છે. જે ઝડપથી વજન વધારે છે. તેના બદલે લીંબુ પાણી, નાળિયેર પાણી, વરિયાળીનું શરબત કે ફુદીનાનું પાણી પીવું જોઈએ. આ પીણાં કુદરતી રીતે શરીરને ઠંડક આપે છે. વજન ઘટાડવું એ ધીરજ માંગતી પ્રક્રિયા છે. ઉનાળાની ઋતુમાં ખાવાની આદતો પર નિયંત્રણ રાખી અને સક્રિય રહીને ફિટનેસ લક્ષ્ય સુધી પહોંચી શકાય છે. જો કે કોઈપણ નવો ડાયટ પ્લાન કે ભારે કસરત શરૂ કરતાં પૂર્વે નિષ્ણાત ડોક્ટર કે ડાયેટિશિયનની સલાહ લેવી આવશ્યક છે. જેથી, શરીરની જરૂરિયાત મુજબ પરિણામ મેળવી શકાય. ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકાર દ્વારા સ્વસ્થ સમાજના નિર્માણ માટે 'મેદસ્વિતામુક્ત ગુજરાત' અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. જેનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકોમાં જનજાગૃતિ લાવીને જીવનશૈલીમાં સુધારો કરવાનો છે. આ અભિયાન થકી લોકોને યોગ, મિલેટ્સનો ઉપયોગ અને પૌષ્ટિક આહાર અંગે માર્ગદર્શન આપવામાં આવે છે...

# વિશ્વ રેડ ક્રોસ દિવસ : માનવતામાં એકતા સાથે ગુજરાત રેડ ક્રોસનો સેવા સંકલ્પ

## માનવતાના પથ પર ગુજરાત સરકાર અને રેડ ક્રોસ : મુખ્યમંત્રીશ્રીનું નેતૃત્વ અને સેવાકીય અભિગમ

અમદાવાદ, તા. 07

'માત્ર લોહીનો સંબંધ જ નહીં, પણ માનવતાનો સંબંધ સૌથી મોટો છે.' આ સૂત્રને સાર્થક કરવા માટે 'વિશ્વ રેડ ક્રોસ દિવસ' નિમિત્તે રેડ ક્રોસ સોસાયટી દ્વારા અનેક નવીન અને પ્રશંસનીય ઉપક્રમો હાથ ધરવામાં આવનાર છે. દર વર્ષની જેમ પરંપરાગત ઉજવણી કરવાને બદલે આ વર્ષે સંસ્થાએ છેવાડાના માનવી સુધી પહોંચવા માટે આધુનિક અભિગમ અપનાવ્યો છે. દર વર્ષે ૮ મેના રોજ સમગ્ર વિશ્વમાં વિશ્વ રેડ ક્રોસ દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસને હેનરી ડ્યુનાન્ટના જન્મદિવસ નિમિત્તે ઉજવાય છે. તેમની પ્રેરણાથી ઈન્ટરનેશનલ રેડ ક્રોસ અને રેડ ક્રીસેએન્ટમુવમેન્ટની સ્થાપના થઈ હતી, જે આજે વિશ્વના સૌથી મોટા માનવતાવાદી નેટવર્ક તરીકે ઓળખાય છે. આ વર્ષે વિશ્વ રેડ ક્રોસ દિવસની થીમ "United in Humanity" (માનવતામાં એકતા) છે, જે સમાજને એકતા અને સેવા માટે પ્રેરણા આપે છે. ભારતમાં ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા વિવિધ માનવતાવાદી સેવાઓ આપવામાં આવે છે. ગુજરાતમાં ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી-ગુજરાત રાજ્ય શાખા દ્વારા રાજ્યભરમાં આરોગ્ય, રક્તદાન અને આપત્તિ રાહત ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી થઈ રહી છે. જ્યારે પણ કુદરતી આફત કે આરોગ્યલક્ષી કટોકટી સર્જાય છે, ત્યારે સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓનું જોડાણ સામાન્ય નાગરિકો માટે આશીર્વાદરૂપ સાબિત થાય છે. આ જોડાણમાં ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી અને રાજ્ય સરકાર વચ્ચેનો સમન્વય હંમેશા પાયાનો રહ્યો છે. ખાસ કરીને રાજ્યના મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ રેડ ક્રોસની કામગીરીને નવી ઊંચાઈ અને ગતિ મળી છે. રેડ ક્રોસ સોસાયટી એ માત્ર એક સંસ્થા નથી, પણ માનવતાની સેવા માટેનું એક વૈશ્વિક પ્લેટફોર્મ છે. સરકારની આરોગ્ય નીતિઓ અને રેડ ક્રોસના પાયાના કાર્યકર્તાઓ જ્યારે સાથે મળીને કામ કરે છે, ત્યારે છેવાડાના માનવી સુધી સુવિધાઓ પહોંચે છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે રેડ ક્રોસની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે વિશેષ ભાર મૂક્યો છે. જેમાં મુખ્યમંત્રીશ્રીના આહવાન પર રાજ્યભરમાં રેડ ક્રોસ દ્વારા રક્તદાન શિબિરોનું આયોજન કરવામાં આવે છે.

# રાજ્યમંત્રીશ્રી સંજયસિંહ મહિડા અને શિવાજી ફાઉન્ડેશનના સંયુક્ત પ્રયાસો થી આ સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યુ





## તળપદા અને દેવીપૂજક સમાજની ૫૧ દિકરીઓને અપાયો સમૃદ્ધ કરીયાવર

## તમામ નવ વધુઓને અપાયો કુવંરબાઈનું મામેરુ અને સાત ફેરા સમૂહ લગ્ન યોજનાનો લાભ

## આડીનાર ચોકડી ખાતે તળપદા સમાજનો પ્રથમવાર યોજાયો ભવ્ય સમૂહલગ્ન કાર્યક્રમ

ખેડા, તા. 07

મહેસુલ, પંચાયત અને આપત્તિ વ્યવસ્થાપન વિભાગના રાજ્યમંત્રીશ્રી સંજયસિંહ મહિડાના પ્રબુદ્ધ માર્ગદર્શનમાં નડિયાદ-ડાકોર રોડ, આડીનાર ચોકડી ખાતે સમગ્ર ચરોતર પંથકના તળપદા અને દેવીપૂજક સમાજની ૫૧ દિકરીઓનો ભવ્ય સમૂહલગ્ન યોજાયો હતો. જેમાં, નવદંપતિઓને ઘર-ઘંટી, ફ્રીજ, કુલર, કબાટ, પલંગ, ખુરશી અને કિચન સેટ વગેરેની ઘરવખરી આપીને સન્માનભેર વિદાય અપાઈ હતી. સાથે જ તમામ નવ વધુઓને સરકારની કલ્યાણકારી યોજનાઓ પૈકી કુંવરબાઈનું મામેરુ અને સાત ફેરા સમૂહ લગ્ન યોજના અંતર્ગત કુલ રૂ. ૨૪૦૦૦ નો લાભ અપાયો હતો. આ તકે રાજ્યમંત્રી શ્રી સંજયસિંહ મહિડાએ જણાવ્યુ હતુ કે આજે સમગ્ર તળપદા અને દેવીપૂજક સમાજની એકતા, શક્તિ અને સંસ્કૃતિનો સુમેળ સંગમ આ સમૂહ લગ્ન કાર્યક્રમમાં પ્રતિબિંબિત થાય છે. મંત્રીશ્રીએ નવદંપતિઓને નવા જીવન માટે શુભકામનાઓ પાઠવી હતી અને ભવિષ્યનુ જીવન ખૂબ જ કુનેહપુર્વક અને હળીમળીને પસાર કરવા અપીલ કરી હતી. તેમણે જણાવ્યુ હતુ કે આજે સમાજના સતત સહકાર થી તેઓ ચોથો સમૂહ લગ્ન સફળતાપુર્વક કરી શક્યા છે જેનો અત્યાર સુધી ૫૫૦ જેટલી મા-બાપ વિહોણી અને જરૂરીયાતમંદ દિકરીઓએ લાભ લીધો છે. ત્યારે આ વ્યવસ્થામા સહભાગી થનાર તમામ લોકોનો મંત્રીશ્રીએ આભાર માન્યો હતો. આ તકે ખેડા સાંસદ શ્રી ડો. દેવુસિંહ ચૌહાણે બાળલગ્ન, કુપોષણ અને અંધશ્રદ્ધા જેવા કુરિવાજોમાંથી સત્વરે બહાર નિકળવા ઉપસ્થિત સૌને અપીલ કરી હતી. કન્યા કેળવણી ઉપર ભાર મુકતા તેમણે દેવીપુજક સમાજના વાલીઓને પોતાની દિકરીઓને ફરજીયાત અને ઓછામાં ઓછુ ધોરણ ૧૨ સુધી શિક્ષણ અપાવવા અનુરોધ કર્યો હતો. શિક્ષણનું મહત્વ સમજાવતા શ્રી દેવુસિંહે તળપદા સમાજના ભણી ગણીને ઉચ્ચ કારકીર્દી પ્રસ્થાપિત કરનારા લોકોનુ ઉદાહરણ આપ્યુ હતુ. મહેમદાવાદ ધારાસભ્યશ્રી અર્જુનસિંહ ચૌહાણે ખાસ કરીને ઉપસ્થિત યુવાઓને કોઈ પણ પ્રકારના વ્યસન થી દૂર રહેવા અપીલ કરી હતી અને આજના અવસરે જો કોઈને વ્યસન હોય તો તેને છોડવાનો શુભ સંકલ્પ લેવા પણ વિનંતી કરી હતી. સમૂહ લગ્ન અંતર્ગત સહાય આપનાર વિવિધ સમાજ અને સમુદાયના દાતાઓનું અભિવાદન કરવામાં આવ્યુ હતુ. તથા સમુહ લગ્નમાં પીવાનું પાણી, સ્પ્રિંક્લર, બેઠક, મોબાઈલ ટોયલેટ વગેરેની સુંદર વ્યવસ્થાઓ તૈયાર કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ખેડા સાંસદ શ્રી ડો. દેવુંસિંહ ચૌહાણ, મહેમદાવાદ ધારાસભ્ય શ્રી અર્જુનસિંહ ચૌહાણ અન્ય અગ્રણીશ્રીઓ, મહાનુભાવો, આગેવાનો, તળપદા અને દેવીપુજક સમાજના અગ્રણીઓ, દાતાઓ સહિત મોટી સંખ્યામાં જાનૈયાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાસાયણિક ખાતર અને દવાઓનો ખર્ચ ઘટતા ખેતી હવે "ઝીરો બજેટ ખેતી" તરફ આગળ વધી - ખેડુત ભેમાભાઈ પરમાર

ખેડા, તા. 07



પ્રાકૃતિક ખેતી ખેડૂતો માટે આશાનું નવું કિરણ બની રહી છે. ઉંદરા ગામના ખેડૂત આજે પ્રાકૃતિક ખેતી અપનાવી સફળતાની નવી દિશા તરફ આગળ વધી રહ્યા છે. ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ દ્વારા સમગ્ર રાજ્યમાં પ્રાકૃતિક કૃષિ જાગૃતિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. તેના ભાગરૂપે મહુધા તાલુકાના ઉંદરા ગામ ખાતે પ્રાકૃતિક કૃષિ જાગૃતિ શિબિર યોજાઈ હતી. આ શિબિરમાં ગામના અનેક ખેડૂતો તેમજ મહિલાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેનો મુખ્ય હેતુ ખેડૂતોને રાસાયણિક ખેતી છોડીને દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી તરફ પ્રેરિત કરવાનો હતો. આ શિબિરમાં ખેડૂતોને સણાલી ક્લસ્ટરના ઉંદરા ગામના પ્રગતિશીલ ખેડુત ભેમાભાઈ ફતાભાઈ પરમારના ખેતરની વિઝીટ કરાવવામાં આવી હતી. સૌને એક વીઘા જમીનમાં ઉનાળુ પ્રાકૃતિક બાજરીની ખેતીની મુલાકાત કરાવી સૌને રાસાયણિક ખેતી અને પ્રાકૃતિક ખેતીનો તફાવત સમજાવ્યો હતો. આ શિબિરમાં કુલદીપસિંહ ડાભી, સલમાબેન ચુવાણ, બળવંતભાઈ અને શિલ્પાબેન દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે ઓછા ખર્ચે ખેતી કઈ રીતે કરી શકાય તે માહિતી આપી હતી. ખેડુત ભેમાભાઈ ફતાભાઈ પરમારે પોતાના અનુભવો રજૂ કરતાં જણાવ્યું કે," તેઓ મે-૨૦૧૯થી પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે. શરૂઆતમાં મુશ્કેલીઓ આવી હતી, પરંતુ ધીમે ધીમે જમીનમાં સકારાત્મક ફેરફારો જોવા મળ્યા. જમીનમાં પોચારો વધ્યો, ભેજ વધુ સમય સુધી ટકવા લાગ્યો અને જમીનની ફળદ્રુપતા સુધરવા લાગી. જમીનમાં સૂક્ષ્મજીવો અને અળસિયાઓની સંખ્યા પણ વધી, જેના કારણે પાક વધુ તંદુરસ્ત બન્યો. સૌથી મહત્વની બાબત એ રહી કે રાસાયણિક ખાતર અને દવાઓનો ખર્ચ ઘટતા ખેતી હવે "ઝીરો બજેટ ખેતી" તરફ આગળ વધી રહી છે.તેમનું સમાજીક અને આર્થિક જીવનમાં સુધારો થઈ રહ્યો છે. સ્વાસ્થ્યમાં પણ બદલાવ આવી રહ્યા છે. પ્રાકૃતિક ખેતીથી કરેલા શાકભાજી અને અનાજ તેમના પરિવારને પણ સ્વસ્થતા તરફ લઈ જઈ રહ્યા છે.... ઉંદરા ગામના આ ખેડુતથી સમજી શકાય છે કે જો ખેડૂત પ્રાકૃતિક ખેતી અપનાવે તો ઓછા ખર્ચે વધુ નફાકારક ખેતી શક્ય બની શકે છે. આજે ઉંદરા ગામના આ ખેડૂત અન્ય ખેડૂતો માટે પ્રેરણાસ્ત્રોત બની રહ્યા છે. પ્રાકૃતિક ખેતી માત્ર જમીનને જ નહીં, પરંતુ ખેડૂતના જીવનને પણ નવી દિશા આપે છે..

# રાજ્યપાલશ્રીના હસ્તે રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગના અધ્યક્ષ કિશોર મકવાણાને 'ડૉ. બાબાસાહેબ આંબેડકર સમરસતા પુરસ્કાર' એનાયત

## રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનો ૧૧મો પદવીદાન સમારોહ સંપન્ન રાજ્યપાલશ્રી

ગાંધીનગર, તા. 07

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનો ૧૧મો પદવીદાન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ કહ્યું કે, આ સંસ્થા એવા વિદ્યાર્થીઓ માટે આશાનું કિરણ છે, જેઓ વિષમ પરિસ્થિતિઓને કારણે શિક્ષણથી વંચિત રહી ગયા હોય. આ માટે તેમણે કુલપતિ ડૉ. અમી ઉપાધ્યાય અને તેમની ટીમને યુનિવર્સિટીના સફળ સંચાલન અને સંસ્થાની પ્રગતિ માટે અભિનંદન પાઠવ્યા હતા. શ્રી આચાર્ય દેવવ્રતજીએ ડૉ. બાબાસાહેબ આંબેડકરના સંઘર્ષોને યાદ કરતાં સામાજિક સમાનતા પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે, વેદો અને શાસ્ત્રોમાં ક્યાંય જાતિવાદ કે ભેદભાવનો ઉલ્લેખ નથી, પરંતુ મધ્યકાળમાં ખોટી વ્યાખ્યાઓ દ્વારા સમાજમાં દીવાલો ઊભી કરવામાં આવી હતી. તેમણે જણાવ્યું કે, સાચો મનુષ્ય એ જ છે જે બીજાના દુઃખને સમજી શકે. રાજ્યપાલશ્રીએ અનુસૂચિત જાતિ અને જનજાતિના પરિવારો સાથે ભોજન લઈને સામાજિક સમરસતા વધારવાના પોતાના અનુભવો વિશે પણ વિગતવાર વાત કરી હતી. યુવાનોને પ્રેરણા આપતા તેમણે જણાવ્યું કે, માત્ર ડિગ્રી મેળવવી એ જ પૂરતું નથી, પરંતુ સમાજ પ્રત્યેની જવાબદારી નિભાવવી પણ અનિવાર્ય છે. તેમણે વિદ્યાર્થીઓને પર્યાવરણ રક્ષણ, જળ સંરક્ષણ, ગૌ-સેવા અને પ્રાકૃતિક ખેતી જેવાં અભિયાનોમાં જોડાવા અનુરોધ કર્યો હતો. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'વિકસિત ભારત'ના સંકલ્પને સાકાર કરવા માટે યુવાનોને નવાં સંશોધનો અને સ્ટાર્ટઅપ દ્વારા રાષ્ટ્રના વિકાસમાં યોગદાન આપવા પ્રેરિત કર્યા હતા. તેમણે ઉમેર્યું કે, ગાર્ગી, મૈત્રેયી, લોપામુદ્રા જેવી વિદ્વાન નારીઓ આપણા દેશમાં જન્મી હોવા છતાં, મધ્યકાલીન સમયમાં ખોટી વ્યાખ્યાઓના કારણે આપણા દેશમાં સ્ત્રીશિક્ષણનો વિરોધ પણ થયો હતો. પરંતુ, આજે દેશ સમરસતા અને સમાનતાની દિશામાં નવા આયામો સર્જી રહ્યો છે. ત્યારે શિક્ષણ સહિતનાં વિવિધ ક્ષેત્રે દીકરીઓ તમામ રેકોર્ડ તોડી રહી છે, જે સ્ત્રી સશક્તીકરણનું ઉત્તમ ઉદાહરણ છે. ન્યાયતંત્રથી લઈને સંરક્ષણ ક્ષેત્ર સુધી દીકરીઓ પોતાની પ્રતિભા સાબિત કરી રહી છે. અંતમાં, તેમણે તમામ પદવીધારકોને દેશની એકતા અને અખંડિતતા માટે કામ કરવા અને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આ અવસરે રાજ્યપાલશ્રીના હસ્તે રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગના અધ્યક્ષ શ્રી કિશોર મકવાણાને 'ડૉ. બાબાસાહેબ આંબેડકર સમરસતા પુરસ્કાર'થી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત યુનિવર્સિટીના નવા અભ્યાસક્રમો અને 'પદ્મ' પોડકાસ્ટનું લોકાર્પણ પણ કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગના અધ્યક્ષ શ્રી કિશોર મકવાણાએ ગૌરવભેર જણાવ્યું કે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી એ તેમના માટે પોતાના ઘરઆંગણા જેવી સંસ્થા છે, જ્યાં સન્માનિત થયાનું ગૌરવ વ્યક્ત કર્યું હતું. તેમણે રાજ્યપાલશ્રીના હસ્તે આ સન્માન મેળવવા અંગે કહ્યુ કે જેમનુ સમગ્ર જીવન સમરસતાનું અનેરું ઉદાહરણ છે, તેમના હાથે આ ગૌરવ પ્રાપ્ત કરવું એ વિશિષ્ટ ક્ષણ છે. વધુમાં, તેમણે ડૉ. આંબેડકરે વર્ષ-૧૯૫૩માં રાજ્યસભામાં કરેલા ઉદ્બોધનનો અંશ ટાંકીને રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગનો હેતુ સ્પષ્ટ કરતાં કહ્યું કે ન્યાય, અધિકાર અને સમતા એ જ આ આયોગનો પથ છે. પૂ. ઠક્કરબાપા અને ડૉ. આંબેડકર વચ્ચેના પત્રાચારમાં પણ સમાજમાં બંધુત્વ અને ભ્રાતૃભાવ માટે કાયદા કરતાં પ્રેમ અને આત્મીયતાને જ મહત્ત્વના ગણાવાયા છે તેમ તેમણે ઉમેર્યું હતું.આ તકે સર્વોચ્ચ ન્યાયાલયના પૂર્વ ન્યાયાધીશ સુશ્રી બેલા ત્રિવેદીએ જણાવ્યું કે, આજના પદવીદાન સમારોહમાં મને ઉપસ્થિત રહેવાનો અવસર મળ્યો તે આનંદ અને ગૌરવપૂર્ણ ક્ષણ છે. તેમણે ઉપસ્થિત સૌ વિદ્યાર્થીઓને અભિનંદન સહ ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવી હતી. આ ઉપરાંત વિદ્યાર્થીઓની આંતરિક શક્તિને ખીલવાની તક આપી યુનિવર્સિટીની સમગ્ર ટીમને પણ અભિનંદન આપ્યા હતા. તેમણે ડૉ. બાબાસાહેબ આંબેડકરને યાદ કરતાં કહ્યું કે, તેઓ એક એવા પ્રખર શિક્ષણવિદ હતા. તેમના નામે ઓપન યુનિવર્સિટી શરૂ કરી રાજ્ય સરકારે ખરા અર્થમાં તેમને સ્મરણાંજલિ અર્પી છે. તેમણે માહિતી અને શિક્ષણ વચ્ચેની ભેદરેખા સમજાવતા વિદ્યાર્થીએ માહિતીનો ભંડાર નહીં, પણ વિચારશીલ નાગરિક બનવા પર ભાર મૂક્યો હતો. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિ પ્રા. અમી ઉપાધ્યાયે સ્વાગત પ્રવચન કરી સૌને આવકાર્યા હતા. આ ઉપરાંત, યુનિવર્સિટી દ્વારા થતી શૈક્ષણિક પ્રવૃતિઓ અને ઉપલબ્ધિઓ વિશે માહિતગાર કર્યા હતા. ૧૧મા પદવીદાન સમારોહમાં કુલ ૨૨,૭૭૦ વિદ્યાર્થીઓને વિવિધ પદવીઓ એનાયત કરવામાં આવી હતી. જેમાં Ph.D. પદવી ઉપરાંત ૧૨,૦૦૮ સ્નાતક, ૫૬૩૬ અનુસ્નાતક, ૩૦ પીજી ડિપ્લોમા, ૧૦૪૧ ડિપ્લોમા અને ૪૦૫૪ સર્ટિફિકેટ અભ્યાસક્રમના વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, યુનિવર્સિટીમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા, જેમાં ૩૭ સુવર્ણ ચંદ્રક, ૪૦ રજત ચંદ્રક અને ૪૧ સર્ટિફિકેટ મળીને કુલ ૧૧૮ પુરસ્કારનો સમાવેશ થાય છે. આ પદવીદાન સમારોહમાં વિવિધ યુનિવર્સિટીના કુલપતિઓ, પ્રાધ્યાપકો, પદવી મેળવનારા વિદ્યાર્થીઓ અને તેમના પરિવારજનો સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.





# લગ્નના 10 વર્ષ પછી સૂર્યકુમાર યાદવ પિતા બન્યો : પત્ની દેવિશાએ દીકરીને જન્મ આપ્યો; RCB સામેની મેચમાં રમવાનું નક્કી નથી

**દેવિશા સાથે લગ્ન કર્યા પછી સૂર્યકુમાર યાદવનું નસીબ બદલાઈ ગયું. તેણે ESPN ક્રિકઈન્ફોને આપેલા એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે- '2018 સુધી જ્યારે મારી પસંદગી ભારતીય ટીમમાં ન થઈ, ત્યારે હું ખૂબ પરેશાન રહેવા લાગ્યો. ત્યારે દેવિશાએ મને સંભાળ્યો. તેનું કહેવું હતું કે તું આ બધી વાતો પર ધ્યાન ન આપ, બસ તારા પર ધ્યાન કેન્દ્રિત કર. ધીમે ધીમે બધું સારું થશે.**

મુંબઈ, તા. 07

ભારતીય T-20 ટીમના કેપ્ટન સૂર્યકુમાર યાદવ પિતા બની ગયા છે. તેમની પત્ની દેવિશાએ દીકરીને જન્મ આપ્યો છે. માર્ચમાં દેવિશાના બેબી શાવરનો વીડિયો વાઇરલ થયો હતો. 35 વર્ષના સૂર્યકુમાર યાદવે 2016માં દેવિશા શેટ્ટી સાથે લવ મેરેજ કર્યા હતા. કોલેજના દિવસોમાં એક ડાન્સ પરફોર્મન્સ દરમિયાન સૂર્યાએ દેવિશાને જોઈ હતી અને તેને પસંદ કરવા લાગ્યો હતો.સૂર્યા IPLમાં મુંબઈ ઈન્ડિયન્સ તરફથી રમી રહ્યો છે, જેનો આગામી મુકાબલો 10 મેના રોજ રાયપુરમાં થવાનો છે. સૂર્યાનું રમવું નિશ્ચિત નથી. રિપોર્ટ્સ અનુસાર, સૂર્યા ટીમ સાથે રાયપુર ગયો નથી. દેવિશા સાથે લગ્ન કર્યા પછી સૂર્યકુમાર યાદવનું નસીબ બદલાઈ ગયું. તેણે ESPN ક્રિકઈન્ફોને આપેલા એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે- '2018 સુધી જ્યારે મારી પસંદગી ભારતીય ટીમમાં ન થઈ, ત્યારે હું ખૂબ પરેશાન રહેવા લાગ્યો. ત્યારે દેવિશાએ મને સંભાળ્યો. તેનું કહેવું હતું કે તું આ બધી વાતો પર ધ્યાન ન આપ, બસ તારા પર ધ્યાન કેન્દ્રિત કર. ધીમે ધીમે બધું સારું થશે. તેણે મને ક્યારેય નિરાશ થવા દીધો નથી. સૌથી સારી વાત એ હતી કે અમે સમસ્યાઓ નહીં, પરંતુ હું કેવી રીતે વધુ સારું કરી શકું તેના ઉકેલો શોધતા હતા. તે મને ફક્ત મારા ભવિષ્ય પર ધ્યાન કેન્દ્રિત કરવા અને તેને સુધારવા પર ભાર મૂકવા કહેતી હતી. જ્યારે પણ હું ઘરે રહેતો હતો, ત્યારે હું ક્યારેય નિરાશ થયો નહોતો.' સૂર્યાએ કહ્યું હતું- 'મારી અસલી કોચ મારી પત્ની છે, જો તે ન હોત તો કદાચ હું અહીં સુધી ન પહોંચત. સૂર્યાએ આગળ કહ્યું કે મને લગ્ન પહેલાં સુધી ખબર જ નહોતી કે સાચી ડાયટ શું હોય છે. મને જે ગમતું તે હું ખાતો હતો. ભલે તે બિરયાની હોય કે પછી આઈસ્ક્રીમ, પરંતુ 2018 થી મેં આ તરફ ધ્યાન આપવાનું શરૂ કર્યું અને તેનો બધો શ્રેય મારી પત્નીને જાય છે. જ્યારે ડાયટ ન કરવાથી મારા શરીર પર અસર થવા લાગી ત્યારે મારી વાત દેવિશા સાથે થઈ. તેણે મને સમજાવ્યું કે પ્રોપર ડાયટ ફોલો કરીને જોઈએ. તે પછી બધું બરાબર થઈ ગયું. 2020 આવતા-આવતા મારું શરીર સંપૂર્ણપણે ફિટ થઈ ગયું હતું અને તેની સકારાત્મક અસર મારા ક્રિકેટ પર પણ દેખાવા લાગી. જ્યારે ડાયટ ન કરવાથી મારા શરીર પર અસર થવા લાગી ત્યારે મારી વાત દેવિશા સાથે થઈ. તેણે મને સમજાવ્યું કે પ્રોપર ડાયટ ફોલો કરીને જોઈએ. તે પછી બધું બરાબર થઈ ગયું. 2020 આવતા-આવતા મારું શરીર સંપૂર્ણપણે ફિટ થઈ ગયું હતું અને તેની સકારાત્મક અસર મારા ક્રિકેટ પર પણ દેખાવા લાગી. સૂર્યકુમાર યાદવે 3 દિવસ પહેલા 4 મેના રોજ મુંબઈ ઈન્ડિયન્સને પોતાની કપ્તાનીમાં લખનઉ સામે જીત અપાવી હતી. ટીમે સતત 3 હાર પછી જીતનો સ્વાદ ચાખ્યો હતો. તેમનું 10 મેના રોજ રાયપુરમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે થનારી મેચમાં રમવું નિશ્ચિત નથી. એવું કહેવાય છે કે તે દીકરીના જન્મના કારણે ટીમ સાથે રાયપુર ગયો નથી. તેની ટીમ સિઝનમાં ખરાબ ફોર્મથી ઝઝૂમી રહી છે. ટીમે 10માંથી ફક્ત 3 મેચ જ જીતી છે. પ્લેઓફની રેસમાં ટકી રહેવા માટે મુંબઈને પોતાની બધી મેચ જીતવી અત્યંત જરૂરી છે. આવી સ્થિતિમાં સૂર્યાની ગેરહાજરી ટીમ માટે એક મોટો ઝટકો હોઈ શકે છે.

## ચતુર ચહલની મુર્ખાઈ, ફ્લાઈટમાં ઈ-સિગારેટ પીતા ઝડપાયો! : હવામાં નિયમોનો ધુમાડો ઉડાવો મોંઘો પડશે, 'નો ફ્લાય લિસ્ટ'નું જોખમ; અગાઉ પરાગનો વારો પડી ગયો હતો

દિલ્હી, તા. 07

પંજાબ કિંગ્સના અનુભવી લેગ સ્પિનર યુઝવેન્દ્ર ચહલ એક નવા વિવાદમાં ફસાયો છે. સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા એક વીડિયોમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે હૈદરાબાદની ટૂર દરમિયાન તે ફ્લાઈટની અંદર ઈ-સિગારેટ (વેપ) પી રહ્યો હતો. વીડિયોમાં ચહલ તેને છુપાવવાનો પ્રયાસ કરતો પણ જોવા મળે છે. જોકે, આ વાયરલ વીડિયોની પ્રામાણિકતાની હજુ સુધી સત્તાવાર પુષ્ટિ થઈ નથી. કેટલાક અહેવાલોમાં લખવામાં આવ્યું છે કે પંજાબ કિંગ્સે ટીમના ટૂરનો વીડિયો પોસ્ટ કર્યો હતો, જેમાં ચહલના ઈ-સિગારેટ પીવાનો ભાગ હતો. સોશિયલ મીડિયામાં વાઈરલ થયા બાદ પંજાબે આ વીડિયો ડિલીટ કરી દીધો છે. IPLની વર્તમાન સિઝનમાં ઈ-સિગારેટ સાથે જોડાયેલો આ બીજો વિવાદ છે.

## પાકિસ્તાન સાથે બાઈલેટરલ સિરીઝ પર પ્રતિબંધ યથાવત : ભારત સરકારે કહ્યું- ન અમારી ટીમ ત્યાં જશે, ન તેમને અહીં બોલાવીશું

- **ભારત અને પાકિસ્તાન વચ્ચે છેલ્લી દ્વિપક્ષીય શ્રેણી 2012-13માં થઈ હતી, જ્યારે પાકિસ્તાનની ટીમ ભારત આવી હતી**




દિલ્હી, તા. 07

રમતગમત મંત્રાલયે બુધવારે સ્પષ્ટ કર્યું છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચેના દ્વિપક્ષીય રમત સંબંધો સ્થગિત જ રહેશે. સરકારે એક સત્તાવાર મેમોરેન્ડમ બહાર પાડીને કહ્યું છે કે ભારતની રમતગમત નીતિ તેની રાજદ્વારી નીતિ અનુસાર જ ચાલશે. આ અંતર્ગત ભારતીય ટીમો બાઈલેટરલ સિરીઝ રમવા પાકિસ્તાન નહીં જાય અને પાકિસ્તાની ટીમને ભારતમાં રમવાની મંજૂરી પણ આપવામાં આવશે નહીં. જોકે, વર્લ્ડકપ કે ઓલિમ્પિક જેવી મલ્ટીલેટરલ ઈવેન્ટ્સમાં બંને દેશો એકબીજા સામે રમી શકશે. યુવા બાબતો અને રમતગમત મંત્રાલયે આ નિર્દેશ ભારતીય ઓલિમ્પિક સંઘ (IOA), ભારતીય રમતગમત પ્રાધિકરણ (SAI) અને તમામ નેશનલ સ્પોર્ટ્સ ફેડરેશનોને મોકલી આપ્યો છે. મંત્રાલયે સ્પષ્ટ કર્યું કે પાકિસ્તાનના મામલે ભારતનું વલણ બિલકુલ સ્પષ્ટ છે. આ નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે 7 મેના રોજ 'ઓપરેશન સિંદૂર'ની વર્ષગાંઠ છે, જે ગયા વર્ષે પહેલગામ આતંકી હુમલાના જવાબમાં શરૂ કરવામાં આવ્યું હતું. તે હુમલામાં 26 નાગરિકોના જીવ ગયા હતા. સરકારના આ વલણની સૌથી વધુ અસર ક્રિકેટ પર પડી છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે છેલ્લી દ્વિપક્ષીય શ્રેણી 2012-13માં થઈ હતી, જ્યારે પાકિસ્તાનની ટીમ ભારત આવી હતી. ત્યારથી બંને ટીમો ફક્ત એશિયા કપ અને ICC ટુર્નામેન્ટ્સમાં જ એકબીજા સામે આવી છે. તાજેતરમાં ચેમ્પિયન્સ ટ્રોફી 2025ને લઈને પણ ઘણી ચર્ચા હતી.

## IPLનું ગણિત : હૈદરાબાદ નંબર-1, પંજાબ બીજા સ્થાને સરકી : આજે બેંગલુરુ પાસે ટેબલ ટોપર બનવાની તક, લખનઉ હારશે તો બહાર

**IPLની વર્તમાન સિઝનમાં શાનદાર શરૂઆત કરનાર પંજાબ કિંગ્સે સતત ત્રીજી મેચ ગુમાવી છે. જ્યારે હૈદરાબાદે સિઝનમાં 7મી જીત મેળવી છે**



દિલ્હી, તા. 07

સનરાઈઝર્સ હૈદરાબાદ IPL 2026 પોઈન્ટ્સ ટેબલમાં ટોચ પર આવી ગયું છે. તેણે બુધવારે પોતાના ઘરઆંગણે પંજાબ કિંગ્સને 33 રનથી હરાવ્યું. જ્યારે, પંજાબની ટીમ બીજા સ્થાને સરકી ગઈ છે. રાજીવ ગાંધી ઉપ્પલ સ્ટેડિયમમાં 236 રનનો પીછો કરી રહેલી પંજાબની ટીમ 20 ઓવરમાં 7 વિકેટે 202 રન સુધી જ પહોંચી શકી. IPLની વર્તમાન સિઝનમાં શાનદાર શરૂઆત કરનાર પંજાબ કિંગ્સે સતત ત્રીજી મેચ ગુમાવી છે. જ્યારે હૈદરાબાદે સિઝનમાં 7મી જીત મેળવી છે. શ્રેયસ અય્યરની ટીમ પાસે 10 મેચમાં 13 પોઈન્ટ્સ છે. ટીમે 6 જીત મેળવી છે, જ્યારે એક મેચ નો રિઝલ્ટ રહી છે. હજુ પંજાબને પ્લેઓફમાં પહોંચવા માટે આગામી 4 માંથી ઓછામાં ઓછી 2 મેચ જીતવી પડશે. પેટ કમિન્સની ટીમે 11 માંથી 7 મેચ જીતી લીધી છે. ટીમ પાસે 14 પોઈન્ટ્સ છે. એક વધુ જીત પ્લેઓફમાં તેની જગ્યા લગભગ પાક્કી કરી દેશે. ટીમને ગુજરાત, ચેન્નઈ અને બેંગલુરુ સાથે પોતાની બાકીની મેચ રમવાની છે. લખનઉનો માર્ગ કઠિન, હારી તો બહાર લખનઉ સિઝનમાં 10મી મેચ રમવા જઈ રહી છે. ટીમ પાસે 9 મેચ પછી માત્ર 4 પોઈન્ટ્સ જ છે.

## નોરા ફતેહીએ અશ્લીલ ગીત પર માફી માંગી

### મહિલા આયોગને કહ્યું- હવે આવા આઈટમ સોંગ નહીં કરું; અશ્લીલતા ફેલાવવાનો ઈરાદો નહોતો

મુંબઈ, તા. 07

ફિલ્મ 'KD ધ ડેવિલ'ના ગીત 'સરકે ચુનર'માં અશ્લીલતા ફેલાવવાના મામલે ગુરુવારે બોલિવૂડ એક્ટ્રેસ નોરા ફતેહી રાષ્ટ્રીય મહિલા આયોગ (NCW) સમક્ષ હાજર થઈ હતી. નોરાએ આયોગને લેખિત માફીપત્ર સુપરત કર્યું અને સ્પષ્ટ કર્યું કે તેનો ઈરાદો કોઈની ભાવનાઓને ઠેસ પહોંચાડવાનો ન હતો. નોરાએ મહિલા આયોગને જણાવ્યું કે ભવિષ્યમાં તે આવા આઈટમ સોંગ્સ નહીં કરે જેનાથી મહિલાઓના સન્માનને ઠેસ પહોંચે અથવા સમાજમાં મહિલાઓ પ્રત્યે ખોટો સંદેશ જાય. આ સાથે નોરાએ અનાથ બાળકીઓના શિક્ષણનો ખર્ચ ઉઠાવવાની જવાબદારી પણ લીધી છે. 'મને હિન્દી વર્ઝનની જાણકારી નહોતી' દિલ્હીમાં મહિલા આયોગના ચેરપર્સન વિજયા રહાટકર સમક્ષ હાજર થયા બાદ નોરાએ મીડિયા સાથે વાત કરી. તેણે કહ્યું- 'મેં લેખિતમાં માફી માંગી લીધી છે. એક કલાકાર તરીકે હું મારી જવાબદારી સમજું છું. મારો ઈરાદો કોઈને દુઃખ પહોંચાડવાનો નહોતો, પરંતુ આ એક એવી પરિસ્થિતિ હતી જેમાં મને મૂકી દેવામાં આવી હતી.' આ પહેલા નોરાએ દાવો કર્યો હતો કે તેણે ફક્ત કન્નડ વર્ઝન માટે શૂટિંગ કર્યું હતું અને તેની સંમતિ વિના તેને હિન્દીમાં ડબ કરવામાં આવ્યું હતું. અનાથ છોકરીઓના ભણતરનો ખર્ચ ઉઠાવશે માફી માંગવાની સાથે જ નોરાએ જાહેરાત કરી કે તે અનાથ છોકરીઓના શિક્ષણને સ્પોન્સર કરશે. નોરાએ કહ્યું- 'સમાજને પાછું આપવું ખૂબ જ જરૂરી છે. તેથી મેં નક્કી કર્યું છે કે હું કેટલીક અનાથ બાળકીઓના ભણતરનો ખર્ચ ઉઠાવીશ.' સંજય દત્ત પણ માફી માંગી ચૂક્યો છે ગયા મહિને આ જ ગીતને લઈને એક્ટર સંજય દત્ત પણ NCW સમક્ષ હાજર થયો હતો. તેણે પણ લેખિત માફીનામું આપીને ખેદ વ્યક્ત કર્યો હતો. સુધારાત્મક પગલાં તરીકે સંજય દત્તે 50 આદિવાસી બાળકીઓના શિક્ષણનો ખર્ચ ઉઠાવવાનું વચન આપ્યું હતું. આયોગે ગીતમાં ઉપયોગમાં લેવાયેલા શબ્દો અને મહિલાઓના ચિત્રણ પર સખત વાંધો ઉઠાવ્યો હતો. 'સરકે ચુનર' વિવાદ શું છે? આ વિવાદ 15 માર્ચે ફિલ્મના હિન્દી વર્ઝનનું ગીત રિલીઝ થયા બાદ શરૂ થયો હતો. ગીતના બોલને લઈને સોશિયલ મીડિયા પર ઘણો ગુસ્સો જોવા મળ્યો હતો. લોકોએ તેને મહિલાઓનું અપમાન અને અત્યંત અશ્લીલ ગણાવ્યું હતું. વિવાદ વધતો જોઈને મેકર્સે યુટ્યુબ પરથી ગીત હટાવી લીધું હતું. આ ગીતની ટીકા રવિ કિશન, કંગના રનૌત અને સિંગર અરમાન મલિક જેવા ઘણા સેલેબ્સે પણ કરી હતી. ગયા મહિને મહિલા આયોગે મીડિયા રિપોર્ટ્સના આધારે આ ગીત પર સ્વતઃ સંજ્ઞાન લીધું હતું. આયોગનું કહેવું હતું કે ગીતના બોલ અને કોરિયોગ્રાફી પ્રથમ દૃષ્ટિએ જાતીય સંકેત આપનારા અને વાંધાજનક છે.



**આયોગનું કહેવું હતું કે ગીતના બોલ અને કોરિયોગ્રાફી પ્રથમ દૃષ્ટિએ જાતીય સંકેત આપનારા અને વાંધાજનક છે.**

## રસ્તા પર બનાવેલા ટેન્ટમાં ગ્લેમરનો ભપકો!, 83 લાખની ટિકિટ, કરોડોના કોસ્ચ્યુમ્સ પહેરી સેલેબ્સે રસ્તા પર વૉક કર્યું



મુંબઈ, તા. 07

ફેશન જગતની સૌથી મોટી ઈવેન્ટ એટલે કે 'મેટ ગાલા' 2026નું તાજેતરમાં જ આયોજન થયું હતું. મે મહિનાના પહેલા સોમવારે યોજાયેલા આ ગ્રાન્ડ ઈવેન્ટમાં વિશ્વભરમાંથી આવેલા ગ્લોબલ સ્ટાર્સે મેટ્રોપોલિટન મ્યુઝિયમ ઓફ આર્ટ (MET)ના રેડ કાર્પેટ પર ચાલીને 'ફેશનનો ઓસ્કર' મળ્યો હોય તેવું અનુભવ્યું હતું. જોકે, કરોડોના ડ્રેસિસ અને લાખોની ટિકિટો વચ્ચે સેલેબ્સે રસ્તા પર બનેલા કામચલાઉ ટેન્ટમાં વોક કર્યું હોવાનો ખુલાસો થયો છે. વાસ્તવમાં આ ઈવેન્ટ બાદ ન્યુયોર્કવાસીઓએ કેટલાક વીડિયો શેર કર્યા છે, જેમાં આ 'લક્ઝરી' પાછળની વાસ્તવિકતાની પોલ ખોલી નાખી છે. મેટ ગાલામાં સેલેબ્સની એક ઝલક મેળવવા માટે ચાહકો રાહ જોતા હોય છે. ત્યારે આવા ભવ્યાતીભવ્ય ઈન્વાઈટ ઓન્લી મેટ ગાલાનો નજારો ન્યુયોર્કના રહેવાસીઓએ મફતમાં માણ્યો હતો. વાસ્તવમાં ઈવેન્ટ દરમિયાન ન્યુયોર્કના કેટલાક સ્થાનિક લોકો મેટ્રોપોલિટન મ્યુઝિયમ ઓફ આર્ટની બહારથી નીકળા હતા. મેટ ગાલાની ઝાકમઝાળથી ભરેલી દુનિયાના બિહાઈન્ડ ધ સીન (BTS)ને તેમણે પોતાના કેમેરામાં કેદ કરી લીધા હતા. આ પહેલીવાર હતું જ્યારે આ લક્ઝરી દુનિયાની પાછળનો ચહેરો સામાન્ય લોકોની સામે આવ્યો હતો. મેટ ગાલા દર વર્ષે ન્યુયોર્ક સિટીમાં પ્રખ્યાત મેટ્રોપોલિટન મ્યુઝિયમ ઓફ આર્ટ ખાતે યોજાય છે. મેનહટનના ફિફ્થ એવન્યુ પર મ્યુઝિયમની સીડીઓ પર પ્રખ્યાત રેડ કાર્પેટ અરાઈવલ્સ થાય છે. વાયરલ થયેલા વીડિયોમાં જોવા મળી રહ્યુ છે કે, મ્યુઝિયમની બહાર આવેલા રસ્તા પર એક કામ ચલાઉ ટેન્ટ ઊભો કરવામાં આવ્યો છે. આ રસ્તા પર બનેલા વિશાળ કામચલાઉ ટેન્ટમાં વિશ્વની સૌથી મોંઘી અને પ્રતિષ્ઠિત બ્રાન્ડ્સના કરોડોના કોસ્ચ્યુમ્સ પહેરીને આવેલા સેલેબ્સે વોક કર્યું હતું.

## 'લોર્ડ બોબી' હૃતિકની ગર્લફ્રેન્ડ સાથે રોમાન્સ કરશે!

### 'બંદર'માં સ્ટારડમ ગુમાવનાર એક્ટરની રહસ્યમય વાર્તા; સત્યઘટનાથી પ્રેરિત ફિલ્મનું ટીઝર રિલીઝ

મુંબઈ, તા. 07



બોબી દેઓલની અપકમિંગ ફિલ્મ 'બંદર'નું ટીઝર રિલીઝ થઈ ગયું છે. 1 મિનિટ 29 સેકન્ડના ટીઝરમાં બોબી દેઓલ સમર નામના એક એવા એક્ટરના પાત્રમાં જોવા મળી રહ્યો છે, જે પોતાની ઓળખ ગુમાવી રહ્યો છે અને જેનું જીવન એક કેસથી હંમેશા માટે બદલાઈ જાય છે. ટીઝરની શરૂઆત 80ના દાયકાના ડિસ્કો અવતારમાંથી રિ-ઈમેજિન કરાયેલા રેટ્રો સ્ટાઈલ ગીત 'કમ ઓન બેબી, દિલ કિસકો દેગી'થી થાય છે. આ પછી બોબી દેઓલના પાત્રનો પરિચય થાય છે. બોબીએ સમર નામના એક એવા એક્ટરનું પાત્ર ભજવ્યું છે, જે એક સમયે સ્ટાર હતો અને હવે પોતાની ઓળખ જાળવી રાખવા માટે સંઘર્ષ કરી રહ્યો છે. બદલાતા સમયમાં હવે સમર લગ્નોમાં પરફોર્મ કરે છે, જેના પછી એક પછી એક ફિલ્મના અન્ય પાત્રોનો પરિચય થાય છે. હૃતિક રોશનની ગર્લફ્રેન્ડ સબા આઝાદે ફિલ્મમાં બોબી દેઓલની ડેટનો રોલ ભજવ્યો છે. સપના પબ્બી તેની એક્સ ગર્લફ્રેન્ડની ભૂમિકા ભજવી રહી છે. ટીઝરમાં ટ્વિસ્ટ ત્યારે આવે છે, જ્યારે એક દિવસ અચાનક સમરની ધરપકડ થાય છે. ટીઝરમાં કેટલાક જેલ સીન અને કોર્ટના સીન પણ સામેલ કરવામાં આવ્યા છે. ફિલ્મની વાર્તા સમરની આસપાસ ફરે છે, જે ગંભીર આરોપો લાગ્યા પછી પોતાને નિર્દોષ સાબિત કરવા માટે સંઘર્ષ કરે છે. અહીંથી જે સામે આવે છે, તે એ વાર્તાની ઝલક છે, જે શરૂઆતમાં દેખાતી વસ્તુઓ કરતાં ક્યાંય વધુ મોટી અને ગૂંચવણભરી છે. આ ફિલ્મને 'દેવ ડી', 'બ્લેક ફ્રાઈડે', 'અગ્લી' અને 'ગેંગ્સ ઓફ વાસેપુર' જેવી ફિલ્મો બનાવી ચૂકેલા અનુરાગ કશ્યપે ડિરેક્ટ કરી છે. આ બોબી અને અનુરાગની પહેલી ફિલ્મ છે. ફિલ્મમાં બોબી દેઓલ, સપના પબ્બી, સબા આઝાદ ઉપરાંત સાન્યા મલ્હોત્રા, રાજ બી શેટ્ટી અને રિદ્ધિ સેન જેવા કલાકારો છે. ફિલ્મ 'બંદર' ભારતમાં બનેલી એક વાસ્તવિક ઘટના પર આધારિત છે. ફિલ્મનું લેખન સુદીપ શર્મા અને અભિષેક બેનર્જીએ સાથે મળીને કર્યું છે, જે 'પાતાલ લોક', 'કોહરા' અને 'ઉડતા પંજાબ' જેવી શ્રેષ્ઠ વાર્તાઓ પાછળની પ્રખ્યાત જોડી છે. અનુરાગ કશ્યપના ડિરેક્શન અને નિખિલ દ્વિવેદીના 'સેફ્રોન મેજિકવર્ક્સ'ના પ્રોડક્શન હેઠળ બનેલી આ ફિલ્મ ઝી સ્ટુડિયોઝના સમર્થન સાથે 5 જૂન 2026ના રોજ વિશ્વભરના સિનેમાઘરોમાં રિલીઝ થશે.

## ફિલ્મના વેન્ડર્સનો એક્તા કપૂર પર નોન-પેમેન્ટનો આરોપ

- **232 કરોડની કમાણી છતાં 'ભૂતબંગલા'ના મેકર્સની 48 લાખ ચૂકવવામાં પાછીપાની**



મુંબઈ, તા. 07

અક્ષય કુમારની 'ભૂત બંગલા' ફિલ્મ હાલમાં ચર્ચામાં છે. ફિલ્મે 200 કરોડથી પણ વધુની કમાણી કરી લીધી છે. મેકર્સ હાલમાં ફિલ્મની સફળતાની ઉજવણી કરી રહ્યા છે, તેવામાં ફિલ્મના કેટલાક વિક્રેતાઓ (વેન્ડર્સ)એ એક્તા કપૂરના પ્રોડક્શન હાઉસ બાલાજી ટેલિફિલ્મ્સ પર 48 લાખની ચુકવણી ન કરી હોવાનો આરોપ લગાવ્યો છે. 'મિડ ડે'ના રિપોર્ટ અનુસાર, ભૂત બંગલામાં કામ કરતા વિક્રેતાઓએ કહ્યું છે કે, 'ચુકવણી ઘણા મહિનાઓથી અટવાયેલી છે. એકવાર ફિલ્મ રિલીઝ થઈ જાય પછી પૈસા મળવા મુશ્કેલ હોય છે. 90 દિવસમાં ચુકવણી ક્લિયર થવી, હવે જૂની વાત થઈ ગઈ છે.' રિપોર્ટ અનુસાર, બાલાજી ટેલિફિલ્મ્સે બે વેન્ડર્સની પેમેન્ટ કરી નથી. પ્રોડક્શન હાઉસે એક વેન્ડરને 30 લાખ અને બીજા વેન્ડરને 18 લાખ રૂપિયા આપવાના છે. કેટલાક મહિનાઓથી પોતાના 18 લાખની રાહ જોઈ રહેલા એક વેન્ડરે નારાજગી વ્યક્ત કરતા કહ્યું છે કે, 'આવી મોટા બજેટની ફિલ્મોમાં આવું થવું સ્થિતિ વધુ ખરાબ થવાનો સંકેત છે.' વેન્ડર્સ ઉપરાંત ફિલ્મના રાઈટર પ્રાંજલ કૃપલાણીએ પણ પ્રોડ્યુસર આલોક કુમાર ચૌબે અને સંજય ગુપ્તાને 50 હજાર રૂપિયાની પેમેન્ટ રોકવા બદલ લીગલ નોટિસ મોકલી હતી. પોર્ટલ સાથે વાત કરતા એક ક્રૂ મેમ્બરે એમ પણ કહ્યું છે કે, 'જાન્યુઆરીમાં ભોપાલમાં થયેલા શૂટિંગ સમયે પ્રોડ્યુસર પાસે ફંડ ઓછું પડી ગયું હતું.

## આ વર્ષે સોનું ₹21 હજાર મોંઘું થયું, અત્યારે 10 ગ્રામનો ભાવ ₹1.51 લાખે પહોંચ્યો

# ચાંદી ₹2318 વધીને ₹2.51 લાખ પ્રતિ કિલો પર પહોંચી

### 2026માં સોનું અત્યાર સુધીમાં 18 હજાર રૂપિયા મોંઘું થયું છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનું 1.33 લાખ રૂપિયા પર હતું

**નવી દિલ્હી, તા. 07**

આજે એટલે કે 7 મેના રોજ સોના-ચાંદીના ભાવમાં વધારો થયો છે. 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 377 રૂપિયા વધીને 1.51 લાખ રૂપિયાને પાર પહોંચી ગયો છે. જ્યારે ચાંદી 2318 રૂપિયા વધીને 2.51 લાખ રૂપિયા પ્રતિ કિલોગ્રામ પર પહોંચી ગઈ છે. આ વર્ષે સોનું 18 હજાર અને ચાંદી 21 હજાર રૂપિયા મોંઘી થઈ, 2026માં સોનું અત્યાર સુધીમાં 18 હજાર રૂપિયા મોંઘું થયું છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનું 1.33 લાખ રૂપિયા પર હતું, 7 મેના રોજ સોના-ચાંદીના ભાવમાં વધારો થયો છે. 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 377 રૂપિયા વધીને 1.51 લાખ રૂપિયાને પાર પહોંચી ગયો છે. જ્યારે ચાંદી 2318 રૂપિયા વધીને 2.51 લાખ રૂપિયા પ્રતિ કિલોગ્રામ પર પહોંચી ગઈ છે. આ વર્ષે સોનું 18 હજાર અને ચાંદી 21 હજાર રૂપિયા મોંઘી થઈ, 2026માં સોનું અત્યાર સુધીમાં 18 હજાર રૂપિયા મોંઘું થયું છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનું 1.33 લાખ રૂપિયા પર હતું, જે હવે 1.51 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે. આ વર્ષે ચાંદી 19 હજાર રૂપિયા મોંઘી થઈ છે. 31 ડિસેમ્બર 2025ના રોજ ચાંદી 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે વધીને 2.51 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. જ્વેલર્સ પાસેથી સોનું ખરીદતી વખતે આ 2 બાબતોનું ધ્યાન રાખો 1. સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક લગાવેલું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યૂમેરિક એટલે કે કંઈક આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે. 2. કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદવાના દિવસે તેની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) થી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટના હિસાબે અલગ-અલગ હોય છે.જ્વેલર્સ પાસેથી સોનું ખરીદતી વખતે આ 2 બાબતોનું ધ્યાન રાખો 1. સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક લગાવેલું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યૂમેરિક એટલે કે કંઈક આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે. 2. કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદવાના દિવસે તેની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) થી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટના હિસાબે અલગ-અલગ હોય છે.

અસલી ચાંદીની ઓળખ કરવાના 4 રીત

મેગ્નેટ ટેસ્ટ: અસલી ચાંદી ચુંબકને ચોંટતી નથી. જો ચોંટી જાય તો નકલી છે.

આઈસ ટેસ્ટ: ચાંદી પર બરફ મૂકો. અસલી ચાંદી પર બરફ ઝડપથી પીગળે છે.

સ્મેલ ટેસ્ટ: અસલી ચાંદીમાં ગંધ હોતી નથી. નકલીમાં કોપર જેવી ગંધ આવે છે.

ક્લોથ ટેસ્ટ: ચાંદીને સફેદ કપડાથી ઘસો. જો કાળો નિશાન આવે તો અસલી છે.



## સેન્સેક્સ 114 અંક ઘટીને 77,845 પર બંધ

### નિફ્ટી 4 અંક નીચે 24,327 પર આવ્યો; ઓટો શેર્સમાં ખરીદી, FMCGમાં વેચવાલી




**નવી દિલ્હી, તા. 07**

સેન્સેક્સ આજે એટલે કે ગુરુવાર, 7 મેના રોજ 114 અંક (0.15%)ના ઘટાડા સાથે 77,845 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 4 અંક (0.02%)નો ઘટાડો રહ્યો, તે 24,327 પર આવી ગયો. આજના કારોબારમાં ઓટો અને રિયલ્ટી શેરોમાં ખરીદી રહી, જ્યારે FMCGમાં સૌથી વધુ વેચવાલી જોવા મળી. ગઈકાલે સેન્સેક્સ 941 પોઈન્ટ વધીને બંધ થયો હતો, આ પહેલા ગઈકાલે એટલે કે 6 મેના રોજ શેરબજારમાં તેજી જોવા મળી હતી. સેન્સેક્સ 941 પોઈન્ટના ઉછાળા સાથે 77,959 ના સ્તરે બંધ થયો હતો. નિફ્ટીમાં પણ 298 પોઈન્ટનો ઉછાળો રહ્યો, તે 24,331 પર બંધ થયો હતો.

## દર મહિને 55 રૂપિયાના રોકાણ પર ₹3,000 પેન્શન મળશે

### સરકારની પ્રધાનમંત્રી શ્રમ યોગી માનધન યોજના, જાણો તેનાથી જોડાયેલી ખાસ વાતો

**નવી દિલ્હી, તા. 07**

કેન્દ્ર સરકાર દેશના અસંગઠિત ક્ષેત્રના શ્રમિકોને આર્થિક સુરક્ષા આપવા માટે 'પ્રધાનમંત્રી શ્રમ યોગી માન-ધન યોજના' ચલાવી રહી છે. આ સ્કીમમાં 60 વર્ષ પછી દર મહિને 3000 રૂપિયા પેન્શન મળે છે. તેના દ્વારા ઘડપણમાં માસિક આવકનો સ્ત્રોત બની શકે છે. દર મહિને 3 હજાર રૂપિયાના પેન્શનનો લાભ, આ સ્કીમમાં મજૂરોને દર મહિને 3000 રૂપિયાના પેન્શનનો લાભ મળે છે. તેમાં લારી-ગલ્લાવાળા, રિક્ષાચાલકો, કન્સ્ટ્રક્શન ક્ષેત્ર અને આવા જ અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા મજૂરોનો સમાવેશ થાય છે. જો તમે પણ અસંગઠિત ક્ષેત્રમાં કામ કરો છો અને અત્યાર સુધી કોઈ પેન્શન પ્લાન લીધો નથી, તો પ્રધાનમંત્રી શ્રમ યોગી માનધન યોજનાનો પ્લાન લઈ શકો છો. આ યોજના હેઠળ કોને પેન્શન મળશે? આ યોજના અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા મજૂરો માટે છે. તેમાં ઘરમાં કામ કરનારા, લારી-ગલ્લાવાળા દુકાનદારો, ડ્રાઈવર, પ્લમ્બર, દરજી, મિડ-ડે મીલ વર્કર, રિક્ષાચાલક, બાંધકામ કામદારો, કચરો વીણનારા, બીડી બનાવનારા, હાથવણાટ, કૃષિ કામદારો, મોચી, ધોબી, ચામડાના કામદારોનો સમાવેશ થાય છે. શું છે નિયમો: યોજના માટે અસંગઠિત ક્ષેત્રના મજૂરની આવક 15,000 રૂપિયાથી વધુ ન હોવી જોઈએ. સેવિંગ્સ બેંક એકાઉન્ટ અથવા જન-ધન એકાઉન્ટનો પાસપોર્ટ



અને આધાર નંબર હોવો જોઈએ. ઉંમર 18 વર્ષથી ઓછી અને 40 વર્ષથી વધુ ન હોવી જોઈએ. પહેલેથી કેન્દ્ર સરકારની અન્ય કોઈ પેન્શન યોજનાનો લાભ લઈ રહ્યો ન હોવો જોઈએ.

શું છે શરતો?

પોતાના હિસ્સાનું યોગદાન (હપ્તો) કરવામાં ચૂક થવા પર, પાત્ર સભ્ય વ્યાજ સાથે બાકી રકમ ચૂકવીને યોગદાન ફરી શરૂ કરી શકશે.

## એપલ, ગૂગલ અને જેબીએલનો માસ્ટર સ્ટ્રોક

**નવી દિલ્હી, તા. 07**

નવા યુગના હેડફોન્સ ઝડપથી પર્સનલ આસિસ્ટન્ટમાં બદલાઈ રહ્યા છે. તે તમારી આસપાસના વાતાવરણને સમજે છે, વાતચીતને પ્રોસેસ કરે છે, સ્વાસ્થ્ય સંબંધિત સંકેતો પકડે છે અને રિયલ ટાઈમમાં નિર્ણયો લે છે. પહેલા હેડફોનનું કામ સાઉન્ડ આઉટપુટ આપવાનું હતું. હવે તેમાં AI, સેન્સર અને મશીન લર્નિંગ જોડાઈ ગયા છે. એડેપ્ટિવ નોઈઝ કેન્સલેશન, વોઈસ કમાન્ડ અને લાઈવ ટ્રાન્સક્રિપ્શન, હાર્ટ રેટ, બોડી ટેમ્પરેચર ટ્રેકિંગ અને લોકેશન તથા એક્ટિવિટી મોનિટરિંગ જેવી સુવિધાઓ આવી ગઈ છે. AI હેડફોન્સમાં લાગેલા માઈક્રોફોન, સેન્સર અને AI સિસ્ટમ તમારી આસપાસની માહિતી સમજતા રહે છે. જેમ કે તમે શું સાંભળી રહ્યા છો, કોની સાથે વાત કરી રહ્યા છો, આસપાસ કેટલો અવાજ છે અથવા તમે ક્યાં હાજર છો. આ ડેટા તરત જ પ્રોસેસ થાય છે. નાના અને ઝડપી નિર્ણયો, જેમ કે અવાજ ઓછો-વધતો કરવો અથવા બેકગ્રાઉન્ડ નોઈઝ દૂર કરવો, AI પોતે લે છે. એપલ એરપોડ્સ પ્રો - આ ટ્રાન્સપરન્સી અને નોઈઝને પોતે જ બેલેન્સ કરે છે. જેમ જ બોલવાનું શરૂ કરો છો, મ્યુઝિક ધીમું થઈ જાય છે. કિંમત - રૂ. 25900.

## ટાટા સન્સના લિસ્ટિંગ પર ટાટા ટ્રસ્ટ્સમાં મતભેદ : નોએલ ટાટા IPOની વિરુદ્ધ, બે ટ્રસ્ટીઓ લિસ્ટિંગની તરફેણમાં; 8 મેના રોજ નિર્ણય થઈ શકે છે

**નવી દિલ્હી, તા. 07**

ટાટા ગ્રુપની પેરન્ટ કંપની 'ટાટા સન્સ'ને શેરબજારમાં લિસ્ટ કરવાના મુદ્દે ગ્રુપના ટોચના મેનેજમેન્ટમાં મતભેદ ઊંડા થયા છે. ટાટા ટ્રસ્ટના ચેરમેન નોએલ ટાટા આ લિસ્ટિંગની વિરુદ્ધ છે, જ્યારે ટ્રસ્ટના બે મોટા સભ્યો આરબીઆઈના નિયમોનો હવાલો આપતા આઈપીઓ લાવવાના પક્ષમાં છે.

આ સમગ્ર વિવાદ અને તેની અસરને સમજવા માટે વાંચો આ Q&A:

1. ટાટા ગ્રુપમાં વિવાદનું મુખ્ય કારણ શું છે?

ટાટા ટ્રસ્ટ પાસે ટાટા સન્સની બે-તૃતીયાંશ હિસ્સેદારી છે. વિવાદનું મૂળ 'ટાટા સન્સ'નો IPO છે. ટાટા ટ્રસ્ટના બે ટ્રસ્ટી વેણુ શ્રીનિવાસન અને વિજય સિંહ ઈચ્છે છે કે ટાટા સન્સને શેરબજારમાં લિસ્ટ કરવામાં આવે. તેમનું માનવું છે કે તેનાથી કંપનીમાં પારદર્શિતા આવશે. જ્યારે, નોએલ ટાટા હજુ પણ ટાટા સન્સને 'ક્લોઝલી હેલ્ડ' એટલે કે ખાનગી કંપની જ જાળવી રાખવા માંગે છે.



2. લિસ્ટિંગને લઈને RBIનો નવો નિયમ શું કહે છે?

RBI ના નવા નિયમો અનુસાર, 1 જુલાઈ 2026 થી ટાટા સન્સને 'વ્યવસ્થિત રીતે મહત્વપૂર્ણ' શેડો બેંક (NBFC) ગણવામાં આવશે. નિયમ એ છે કે જો કોઈ શેડો બેંકની એસેટ સાઈઝ 1 લાખ કરોડ રૂપિયાથી વધુ હોય, તો તેને શેરબજારમાં લિસ્ટ થવું ફરજિયાત છે. ટાટા સન્સ આ દાયરામાં આવે છે.

3. શું ટાટા ગ્રુપે અગાઉ પણ લિસ્ટિંગ ટાળવાનો પ્રયાસ કર્યો છે?

હા, આ પહેલીવાર નથી. 2022 માં પણ RBI એ ટાટા સન્સને 'અપર-લેયર' NBFC ની શ્રેણીમાં રાખ્યું હતું અને ત્રણ વર્ષનો સમય આપ્યો હતો. ત્યારે ગ્રુપે પોતાનું દેવું રીસ્ટ્રક્ચર કરીને અને પોતાને 'નોન-સિસ્ટમેટિક' ગણાવીને લિસ્ટિંગ ટાળી દીધું હતું. પરંતુ હવે RBI એ તે રસ્તાઓ બંધ કરી દીધા છે.

4. 8 મેની બોર્ડ મીટિંગમાં શું થવાની અપેક્ષા છે?

8 મેના રોજ ટાટા ટ્રસ્ટ્સની એક મહત્વપૂર્ણ મીટિંગ યોજાવાની છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, વેણુ શ્રીનિવાસન અને વિજય સિંહ આ મીટિંગમાં સત્તાવાર રીતે લિસ્ટિંગની તૈયારી શરૂ કરવાનો પ્રસ્તાવ મૂકી શકે છે. આ ઉપરાંત, ટાટા સન્સના બોર્ડમાં નવા ટ્રસ્ટી નોમિની પસંદ કરવા પર પણ ચર્ચા થશે.

## સ્કાયરૂટ એરોસ્પેસ બની દેશની પ્રથમ સ્પેસટેક યુનિકોર્ન

## ₹500 કરોડના ભંડોળ પછી ₹10 હજાર કરોડનું મૂલ્યાંકન થયું; વિક્રમ-1 રોકેટ લોન્ચ કરવાની તૈયારી તેજ

એફોર્ડેબલ હોમ લોન - ઘરની માલિકીની એક્સેસનો વિસ્તાર કરવો, સંભવ હોમ લોન સાથે સમાવિષ્ટ હોમઓનરશિપને સહાયતા આપવી

**હૈદરાબાદ તા. 07**

હૈદરાબાદ સ્થિત સ્કાયરૂટ એરોસ્પેસે 60 મિલિયન ડોલર એટલે કે લગભગ 500 કરોડનું ભંડોળ એકત્ર કર્યું છે. આ રોકાણ પછી કંપનીનું મૂલ્યાંકન 1.1 બિલિયન ડોલર એટલે કે લગભગ 10 હજાર કરોડ પર પહોંચી ગયું છે. આ યુનિકોર્ન ક્લબમાં સામેલ થનાર દેશનું પ્રથમ સ્પેસ સ્ટાર્ટઅપ છે. CEO પવન કુમાર ચંદાનાએ જણાવ્યું કે ભંડોળનો ઉપયોગ ત્રણ કાર્યો માટે થશે.

પહેલું, વિક્રમ-1 ના નિયમિત લોન્ચની વ્યવસ્થા કરવી. એટલે કે દર થોડા મહિને એક રોકેટ લોન્ચ થઈ શકે, ગ્રાહકોના સેટેલાઈટ અવકાશમાં છોડીને કંપનીનો રેવન્યુ ફ્લો શરૂ થાય.

બીજું, મેન્યુફેક્ચરિંગ ક્ષમતા વધારવી જેથી એક સાથે ઘણા રોકેટ બનાવી શકાય. મોટા પાયે ઉત્પાદનથી રોકેટની કિંમત ઓછી થશે અને સ્કાયરૂટ બીજી કંપનીઓને ટક્કર આપી શકશે.

ત્રીજું, વિક્રમ-2 રોકેટ વિકસાવવું. આ રોકેટ અવકાશમાં 1,000 કિલો સુધીનું વજન લઈ જવામાં સક્ષમ હશે. તેમાં એડવાન્સ ક્રાયોજેનિક સ્ટેજનો ઉપયોગ કરવામાં આવશે.

ગૂગલના શરૂઆતના રોકાણકાર રામ શ્રીરામ બોર્ડમાં સામેલ થશે

આ ફંડિંગ રાઉન્ડનું નેતૃત્વ ગ્લોબલ ઈન્સ્ટિટ્યુશનલ ઈન્વેસ્ટર શેરપાલો વેન્ચર્સ અને GIC દ્વારા કરવામાં આવ્યું છે. તેમાં ગ્રીનકો ગ્રુપના ફાઉન્ડર્સ અને અર્કામ વેન્ચર્સ જેવા હાલના રોકાણકારોએ પણ ભાગ લીધો હતો. ગૂગલના શરૂઆતી રોકાણકાર રામ શ્રીરામ હવે સ્કાયરૂટના બોર્ડમાં સામેલ થશે. આ ઉપરાંત, બ્લેકરોક, પ્લેબુક પાર્ટનર્સ અને સાંઘવી ફેમિલી ઓફિસે પણ રોકાણ કર્યું છે.

### મેન્યુફેક્ચરિંગ અને વિક્રમ-2 રોકેટનો વિકાસ ઝડપી બનશે

આ ફંડિંગ એવા સમયે આવ્યું છે જ્યારે કંપની તેના પહેલા પ્રાઈવેટ ઓર્બિટલ રોકેટ 'વિક્રમ-1'ની પ્રથમ ઉડાનની તૈયારી કરી રહી છે. સ્કાયરૂટે તાજેતરમાં હૈદરાબાદ સ્થિત તેની મેન્યુફેક્ચરિંગ ફેસિલિટીમાંથી રોકેટના મહત્વપૂર્ણ પાર્ટ્સને આંધ્ર પ્રદેશના શ્રીહરિકોટા મોકલી દીધા છે.કંપની આગામી કેટલાક અઠવાડિયામાં તેના લોન્ચિંગની યોજના બનાવી રહી છે. સ્ટાર્ટઅપનો દાવો છે કે સેટેલાઈટ્સને તેમની કક્ષામાં મોકલવા માટે તેમની સેવાઓ દુનિયામાં સૌથી સસ્તી હશે. ગૂગલના શરૂઆતના રોકાણકાર રામ શ્રીરામ બોર્ડમાં સામેલ થશે, આ ફંડિંગ રાઉન્ડનું નેતૃત્વ ગ્લોબલ ઈન્સ્ટિટ્યુશનલ ઈન્વેસ્ટર શેરપાલો વેન્ચર્સ અને GIC દ્વારા કરવામાં આવ્યું છે. તેમાં ગ્રીનકો ગ્રુપના ફાઉન્ડર્સ અને અર્કામ વેન્ચર્સ જેવા હાલના રોકાણકારોએ પણ ભાગ લીધો હતો. ગૂગલના શરૂઆતી રોકાણકાર રામ શ્રીરામ હવે સ્કાયરૂટના બોર્ડમાં સામેલ થશે. આ ઉપરાંત, બ્લેકરોક, પ્લેબુક પાર્ટનર્સ અને સાંઘવી ફેમિલી ઓફિસે પણ રોકાણ કર્યું છે.




## બુધ્ધં શરણમ્ ગચ્છામિ... રોબોટે સંન્યાસનો માર્ગ અપનાવ્યો!

**નવી દિલ્હી, તા. 07**

સાઉથ કોરિયાએ પોતાનો પહેલો હ્યુમનૉઈડ રોબોટ રજૂ કર્યો છે. તેનું નામ 'ગાબી' રાખવામાં આવ્યું છે અને તે દુનિયાનો પહેલો હ્યુમનૉઈડ રોબોટ ભિક્ષુ છે. રાજધાની સિઓલના જોગ્યે મંદિરમાં એક દીક્ષા સમારોહમાં આ રોબોટને ઔપચારિક રીતે બૌદ્ધ ધર્મના શિષ્ય તરીકે સામેલ કરવામાં આવ્યો. AI અને ધર્મના આ મેળાપનો વીડિયો વાઈરલ થઈ રહ્યો છે. વીડિયોમાં રોબોટ ટ્રેડિશનલ પહેરવેશ પહેરીને સ્ટેજ સામે આવે છે, જ્યાં તેને માળા પહેરાવીને દીક્ષા માટે શિષ્ય બનાવવાની શરૂઆત કરવામાં આવી. રોબોટને બુદ્ધ પૂર્ણિમાના ઉત્સવમાં પણ રજૂ કરવામાં આવશે. ચીનના Unitree G1 હ્યુમનૉઈડ પ્લેટફોર્મ પર આધારિત 'ગાબી'નું શરીર મનુષ્યો જેવું છે. તે સરળતાથી ચાલી શકે છે અને ઈશારામાં વાત કરી શકે છે. તે મંત્રોચ્ચાર કરવા અને વિધિઓમાં નમીને પ્રણામ કરવામાં પણ સક્ષમ છે. ગાબીને દક્ષિણ કોરિયાના સૌથી મોટા બૌદ્ધ સંપ્રદાય 'જોગ્યે ઓર્ડર' દ્વારા વિકસાવવામાં આવ્યું છે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય ડિજિટલ યુગમાં બૌદ્ધ ધર્મને આધુનિક બનાવવાનો અને યુવા પેઢીને ધર્મ સાથે જોડવાનો છે. 130 સેન્ટિમીટર લાંબા રોબોટે ભિક્ષુઓ દ્વારા પહેરવામાં આવતો પરંપરાગત ગ્રે અને ભૂરા રંગનો પહેરવેશ પહેર્યો હતો. જ્યારે એક વરિષ્ઠ ભિક્ષુએ ગાબીને પૂછ્યું કે શું તે પોતાને બૌદ્ધ ધર્મ માટે સમર્પિત કરશે, ત્યારે રોબોટે જવાબ આપ્યો, 'હા, હું પોતાને સમર્પિત કરીશ.' આ પછી રોબોટે હાથ જોડીને બધાની સામે માથું નમાવ્યું અને વરિષ્ઠ ભિક્ષુઓએ તેના ગળામાં 108 મોતીની માળા પહેરાવી.

## ફર્સ્ટ ક્લાસ યાત્રાને અલ્ટ્રા લક્ઝરી બનાવવાની તૈયારી : પ્રાઈવેટ જેટ જેવો અનુભવ થશે

**લંડન, તા. 07**

એવિએશન વર્લ્ડમાં 'ફર્સ્ટ ક્લાસ' હવે આલીશાન 'પ્રાઈવેટ સ્યુટ'નું રૂપ લઈ ચૂક્યો છે. ભવિષ્યની ડિઝાઈનમાં ફ્લોરથી છત સુધીના દરવાજા, અલગથી સૂવા માટે ફુલ-સાઈઝ બેડ અને અહીં સુધી કે ખાનગી બાથરૂમ ઉમેરવામાં આવી રહ્યા છે. એન્જિનિયરિંગના પડકારો છતાં, એરલાઈન્સ વજન અને ઈંધણ કાર્યક્ષમતા સાથે સમાધાન કરીને મુસાફરોને 'અલ્ટ્રા-લક્ઝરી' અનુભવ આપવાની સ્પર્ધામાં છે.



નિષ્ણાતોના મતે એરલાઈન્સ હવે કોમર્શિયલ ફ્લાઈટ્સમાં પ્રાઈવેટ જેટ જેવો અનુભવ આપવા માંગે છે જેથી હાઈ-નેટ-વર્થ મુસાફરો તેમની તરફ આકર્ષિત થાય. એરલાઈન્સ વજન અને ઈંધણ કાર્યક્ષમતા સાથે સમાધાન કરીને મુસાફરોને 'અલ્ટ્રા-લક્ઝરી' અનુભવ આપવાની સ્પર્ધામાં છે. એરલાઈન્સ કોમર્શિયલ ફ્લાઈટ્સમાં પ્રાઈવેટ જેટ જેવો અનુભવ આપવા માંગે છે જેથી હાઈ-નેટ-વર્થ મુસાફરો આવે

ગોપનીયતા અને સ્યુટનું નવું ધોરણ

એમિરેટ્સે બોઈંગ 777 સ્યુટ્સમાં ફ્લોર-ટુ-સીલિંગ દરવાજા અને વર્ચ્યુઅલ વિન્ડોઝ રજૂ કરી છે, જે હાઈ-ડેફિનેશન કેમેરા ટેક્નોલોજીનો ઉપયોગ કરે છે.

## વીવો 'X300 FE' અને 'X300-અલ્ટ્રા' લોન્ચ : અલ્ટ્રા મોડેલમાં 200MP કેમેરા અને ZEISS ટેલિફોટો લેન્સ

**મુંબઈ, તા. 07**

ટેક કંપની વિવોએ 6 મેના રોજ ભારતમાં તેની પ્રીમિયમ સ્માર્ટફોન સિરીઝ 'X300'ના બે નવા સ્માર્ટફોન, વિવો X300 અલ્ટ્રા અને વિવો X300 FE લોન્ચ કર્યા છે. આમાં સૌથી ખાસ 'અલ્ટ્રા' મોડેલ છે, જેને સૌથી પાવરફુલ કેમેરા સ્માર્ટફોનમાંથી એક માનવામાં આવી રહ્યુ છે. આમાં કંપની ZEISS ટેક્નોલોજી સાથે એડવાન્સ ટેલિફોટો લેન્સ સાથે માર્કેટમાં ઉતાર્યો છે. 14 મેથી બંને ફોનનું ઓનલાઈન અને ઓફલાઈન વેચાણ શરૂ થશે.

કિંમત: 60 હજારથી શરૂ થઈ શકે છે રેન્જ

વીવો X300 અલ્ટ્રા: આ ફ્લેગશિપ ફોનમાં 16GB + 512GB વેરિઅન્ટની કિંમત 1,59,999 રૂપિયા છે. તે વિક્ટરી ગ્રીન અને એક્લિપ્સ બ્લેક કલર્સમાં ઉપલબ્ધ છે. વીવો X300 FE: આ મૉડેલની 12GB + 256GB વેરિઅન્ટની કિંમત 79,999 રૂપિયા છે, જ્યારે 12GB + 512GB ની કિંમત 89,999 રૂપિયા છે. તે અર્બન ઓલિવ, પર્પલ અને નોઈર બ્લેક કલરમાં આવશે.

ડિઝાઈન અને બિલ્ડ: પ્રીમિયમ લુક સાથે મળશે ડસ્ટ-વોટર સેફ્ટી

બિલ્ડ: ફોનમાં મેટલ ફ્રેમ સાથે ગ્લાસ બેકનો ઉપયોગ કરવામાં આવ્યો છે. બેક પેનલ પર ખાસ ટેક્સચર આપવામાં આવ્યું છે, જે હાથમાં સારી પકડ આપે છે. ડિસ્પ્લે અને બેઝલ્સ: ફ્રન્ટમાં કર્વ્ડ ડિસ્પ્લે સાથે ખૂબ જ પાતળા બેઝલ્સ આપવામાં આવ્યા છે. સેલ્ફી કેમેરા માટે સેન્ટર પંચ-હોલ ડિઝાઈન મળે છે. પોર્ટ્સ: ફોનના નીચેના ભાગમાં USB ટાઈપ-સી પોર્ટ, સિમ ટ્રે અને સ્પીકર ગ્રિલ હાજર છે. વોલ્યુમ અને પાવર બટન જમણી બાજુએ આપવામાં આવ્યા છે. સેફ્ટી: પાણી અને ધૂળથી બચાવવા માટે આ ફોન્સને હાઈ IP રેટિંગ આપવામાં આવી છે, જેનાથી ખરાબ હવામાનમાં પણ ફોન સુરક્ષિત રહે છે.

કેમેરા: 200 મેગાપિક્સલનો મુખ્ય સેન્સર અને અલ્ટ્રા ઝૂમ

ફોટોગ્રાફીના શોખીનો માટે 'X300 અલ્ટ્રા'માં ટ્રિપલ રિયર કેમેરા સેટઅપ આપવામાં આવ્યું છે.

મુખ્ય કેમેરા: તેમાં 200 મેગાપિક્સલનો મુખ્ય સેન્સર છે. તેની સાથે 50 મેગાપિક્સલનો અલ્ટ્રા-વાઈડ એંગલ લેન્સ અને 50 મેગાપિક્સલનો પેરિસ્કોપ લેન્સ મળે છે.

સેલ્ફી: વીડિયો કોલિંગ અને સેલ્ફી માટે ફ્રન્ટમાં 50 મેગાપિક્સલનો કેમેરા છે. વધારાની સુવિધાઓ: તેમાં 'ZEISS ટેલિફોટો એક્સટેન્ડર' અને 'ઈમેજિંગ ગ્રિપ કિટ'નો સપોર્ટ પણ મળશે, જે મોબાઈલને પ્રોફેશનલ કેમેરાની જેમ ઉપયોગ કરવાની સુવિધા આપે છે. જ્યારે, 'X300 FE'માં 50 મેગાપિક્સલનો સોની OIS પ્રાઈમરી સેન્સર, 50 મેગાપિક્સલનો ટેલિફોટો લેન્સ અને 8 મેગાપિક્સલનો અલ્ટ્રા-વાઈડ લેન્સ આપવામાં આવ્યો છે. તેમાં વીવોની સિગ્નેચર 'ઓરા લાઈટ' પણ હાજર છે.

સ્પેસિફિકેશન: સ્નેપડ્રેગન 8 એલાઈટ જનરલ 5 અને દમદાર ડિસ્પ્લે

પ્રોસેસર: અલ્ટ્રા મૉડેલમાં ક્વોલકોમનો લેટેસ્ટ સ્નેપડ્રેગન 8 એલાઈટ જનરલ 5 પ્રોસેસર આપવામાં આવ્યો છે, જે 3 નેનોમીટર ફેબ્રિકેશન પર બનેલો છે. જ્યારે FE મૉડેલ સ્નેપડ્રેગન 8 જનરલ 5 સાથે આવશે.

### સૌરાષ્ટ્ર અને વડોદરા જિલ્લાના પદાધિકારીઓની પસંદગી હાલ મોકૂફ, 11 મે બાદ નામ જાહેર કરાશે

# મહેસૂલ વિભાગની ચિંતન શિબિર : CSR ગુજરાત બહાર કેમ ખર્ચાય? હર્ષ સંઘવીએ કલેક્ટરોને જવાબદારી યાદ અપાવી

- "કલેક્ટર ઓફિસના ટોઈલેટ પણ પ્રાઈવેટ પ્રિમાઈસીસ કરતા વધુ સાફ હોવા જોઈએ"
- કલેક્ટર ઈચ્છે તો ત્રણ વર્ષના સમયગાળામાં હજારો યુવાનોને સ્પોર્ટ્સ તરફ વાળી શકે
- પાસા અને તડીપારની ફાઈલોમાં ગંભીરતા રાખવા સૂચના



**ગાંધીનગર, તા.07**

ગાંધીનગર ખાતે યોજાયેલી મહેસૂલ વિભાગની ચિંતન શિબિરના સમાપન પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી એ કલેક્ટરો અને અધિકારીઓને સંબોધતા સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, "કલેક્ટર માત્ર લેન્ડ ગવર્નન્સ કે જમીન સુધારણા સુધી સીમિત નથી. કલેક્ટર એટલે પોતાના જિલ્લાના સાચા અર્થમાં વડા." તેમણે કહ્યું કે, હવે સમય આવી ગયો છે કે અધિકારીઓ માત્ર ઓફિસ અને પ્રોટોકોલ સુધી મર્યાદિત ન રહે, પરંતુ જિલ્લાની દરેક વ્યવસ્થા, વિકાસ અને નાગરિકોના જીવનમાં સીધો ફેરફાર લાવવાની દિશામાં કામ કરે. હર્ષ સંઘવીએ જણાવ્યું કે, "સિસ્ટમમાં બદલાવ કરવાથી પૂરતું નથી, એ બદલાવનો સીધો લાભ નાગરિકોને મળવો જોઈએ. રાજ્યના નાગરિકો સુધી સુવિધા પહોંચે તે જ સાચા અર્થમાં ગવર્નન્સ છે." તેમણે કલેક્ટરોને સૂચન કર્યું કે, જિલ્લામાં સૌથી વધુ લોકો જ્યાં સુધી પહોંચતા હોય તે ગ્રાઉન્ડ લેવલ સુધી કેવી રીતે પહોંચવું તે માટે પ્લાનિંગ કરવું જોઈએ. તેમણે અધિકારીઓને પ્રેરિત કરતાં કહ્યું કે, "લાખો લોકોએ પરીક્ષા આપી અને તમે પાસ થયા છો, એટલે તમારી જવાબદારી છે કે તમે તમારી જાતને અને તમારી કામગીરીને ન્યાય આપો. માત્ર નોર્મ્સ મુજબ કામ કરવું પૂરતું નથી, પરંતુ તમારા સમયગાળા દરમિયાન એવું કંઈક કામ કરો જે આજ સુધી કોઈએ કર્યું ન હોય." તેમણે કહ્યું કે, કલેક્ટર ઈચ્છે તો ત્રણ વર્ષના સમયગાળામાં હજારો યુવાનોને સ્પોર્ટ્સ તરફ વાળી શકે છે. "શું ક્યારેય વિચાર્યું છે કે તમારા જિલ્લાના યુવાનોને રમતગમત તરફ આકર્ષવા માટે શું કરી શકાય?" એવો સવાલ પણ તેમણે ઉઠાવ્યો. હર્ષ સંઘવીએ સ્પષ્ટ કર્યું કે, કલેક્ટરની જવાબદારી માત્ર રેવન્યુ બેઠક, સંકલન કે વીઆઈપી-વીવીઆઈપી પ્રોટોકોલ સુધી સીમિત નથી. દરેક કલેક્ટરે વિચારવું જોઈએ કે પોતાના જિલ્લામાં ટુરિઝમ કેવી રીતે વધારી શકાય.

**"CSRનો લાભ ગુજરાતને જ મળવો જોઈએ"**

નાયબ મુખ્યમંત્રીએ ઉદ્યોગોની CSR નીતિ અંગે પણ ચિંતા વ્યક્ત કરી. તેમણે કહ્યું કે, "ગુજરાતની સૌથી મોટી ઈન્ડસ્ટ્રીઝની CSRની રકમ જો બીજા રાજ્યોમાં ખર્ચાતી હોય તો તે યોગ્ય નથી. કલેક્ટરોએ સુનિશ્ચિત કરવું જોઈએ કે તેનો સૌથી મોટો લાભ પોતાના જિલ્લાને મળે."

**"રેવન્યુ વિભાગ માટે એક જ એપ્લિકેશન હોવી જોઈએ"**

ડિજિટલ ગવર્નન્સ અંગે તેમણે કહ્યું કે, અલગ-અલગ એપ્લિકેશન બનાવવાથી રાજ્યનું ફંડ, સમય અને સંસાધનોનો બગાડ થાય છે. "રેવન્યુ વિભાગ માટે એક જ એપ્લિકેશન હોવી જોઈએ જેથી રાજ્યના તમામ નાગરિકોને એક જ પ્લેટફોર્મ પરથી સુવિધા મળી રહે," એમ તેમણે જણાવ્યું.

**"ઝડપી નિર્ણય લો, નહીં તો ખેડૂત કોર્ટના ધક્કા ખાશે" :** નાયબ મુખ્યમંત્રીએ અધિકારીઓને ઝડપી નિર્ણય લેવા સૂચન કરતાં કહ્યું કે, "કોઈ નિર્ણય લેવામાં ભૂલ થાય તો ખેડૂતને કોર્ટના ધક્કા ખાવા પડે છે." તેમણે અધિકારીઓની પ્રશંસા કરતાં કહ્યું કે, ગુજરાતમાં મોટા ભાગના જિલ્લામાં ફાઈલોના ઝડપી નિકાલ અને ખેડૂતોને ન્યાય આપવાની કામગીરી સારી રીતે થઈ રહી છે.

# દંપતી ધાબા પર સુવા ગયું ને તસ્કરો ત્રાટક્યા

## 95 હજારના મુદ્દામાલ સાથે આખું લોકર ઉપાડી ગયા, કલોલના રકનપુરમાં મકાનમાંથી ચોરી

**ગાંધીનગર, તા.07**



કલોલના રકનપુર ગામની સોપાન રીટ્રીટ સોસાયટીમાં બનેલી ઘરફોડ ચોરીની ઘટનામાં પરિવારની ગંભીર બેદરકારી સામે આવી છે. ઘરમાં લાખોની રોકડ અને કિંમતી દસ્તાવેજો હોવા છતાં સલામતીના પૂરતા આયોજન વિના આખું ઘર ભગવાન ભરોસે છોડી દંપતી ધાબા પર સુવા ગયું હતું, જેનો લાભ લઈ તસ્કરો ઘરમાં ઘુસી 95 હજારની મત્તા ભરેલું લોકર ઉપાડી ગયાં હોવાની ફરિયાદ સાંતેજ પોલીસ મથકના ચોપડે નોંધાઈ છે.

**દંપતી ધાબા પર સુવા ગયું ને તસ્કરો ત્રાટક્યા**

સોપાન રીટ્રીટ સોસાયટીમાં ધર્મેશકુમાર પટેલ અને તેમના પત્ની બીજી મેના રોજ રાત્રે સાડા બાર વાગ્યે ઘરના ધાબા પર સુવા ચાલ્યા ગયા હતા. જોકે તેમના બંને પુત્રો પ્રથમ માળે હાજર હતા. આ દરમિયાન તસ્કરોએ નીચેના માળે હોલની બારી તોડીને આસાનીથી અંદર પ્રવેશ કર્યો હતો. જો પરિવારે સુરક્ષા પ્રત્યે સતર્કતા દાખવી હોત તો કદાચ તસ્કરો આટલી હિંમત કરી શક્યા ન હોત.

**લોકર લઈને ચાર શખસો ફરાર થઈ ગયા**

ઘરમાં રાત્રે 3.15 વાગ્યે ચાર શખસો ઘૂસ્યા અને માત્ર 10 મિનિટના ટૂંકા ગાળામાં એટલે કે 3.25 વાગ્યે આખેઆખું લોકર લઈને સોસાયટીની દીવાલ કૂદીને પલાયન થઈ ગયા હતા. નોંધનીય છે કે રાત્રે ત્રણ વાગ્યાની આસપાસ નીચેના માળે કંઈક તોડાવાનો અવાજ આવતા પુત્ર નિલય જાગી ગયો હતો.

**પુત્ર નીલયને શંકા જતા પોલીસને જાણ કરી**

જેણે તુરંત પોતાનો રૂમ અંદરથી બંધ કરી 112 નંબર પર પોલીસને જાણ કરી દીધી હતી. બાદમાં પોલીસની ગાડી આવતા જ નિલયે બૂમ પાડી પરિવારને જગાડ્યો હતો. પોલીસ સાથે જ્યારે પરિવાર નીચે આવ્યો ત્યારે રૂમનો સામાન વેરવિખેર હતો અને લોકર ગાયબ જણાયું હતું. બાદમાં ઘરના સીસીટીવી ફૂટેજ તપાસતા મોઢે રૂમાલ બાંધી અને હાથમાં ગ્લોઝ પહેરીને ચાર શખસો હોલની બારી તોડી અંદર ઘૂસ્યા હતા. આશરે 10 મિનિટમાં તસ્કરો બેડરૂમનું લોકર લઈને સોસાયટીની દીવાલ કૂદીને નાસી છૂટ્યા હતા.

જે લોકરમાં રૂ. 85,000ની રોકડ, રૂ. 10,000ની બે કાંડા ઘડિયાળ અને દંપતીના જૂના નવા કુલ ચાર પાસપોર્ટ મળી કુલ 95,000ના મુદ્દામાલની ચોરી કરી ગયા હતા. જોકે બનાવના દિવસે જ ફરિયાદીના ભાભીનું અવસાન થયું હોવાથી પરિવારને તાત્કાલિક ભાઈના ઘરે જવું પડ્યું હતું.

જેના કારણે ફરિયાદ નોંધાવવામાં બે દિવસનો વિલંબ થયો હતો. આ અંગે સાંતેજ પોલીસે હાલ અજાણ્યા શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ચર,જિ.પં. અને ન.પા.ના પ્રમુખો નક્કી કરવા બેઠક મળી

## ગાંધીનગરમાં ભાજપનું મેરેથોન મંથન, 124 પદો માટે નિર્ણાયક ચર્ચા કરાઈ

**ગાંધીનગર, તા.07**

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી નિવાસ સ્થાને ભાજપ પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠકનો આજે બીજો દિવસ છે. રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ બાદ ચૂંટાયેલી પાંખના વડાઓની પસંદગી માટે શરૂ થયેલી આ બેઠકમાં ત્રણ દિવસ સુધી સતત મંથન પ્રક્રિયા ચાલશે. પાર્ટી દ્વારા સુચારુ સંકલન અને અંતિમ નિર્ણય પ્રક્રિયાને વધુ અસરકારક બનાવવા માટે તમામ પાર્લામેન્ટ્રી બોર્ડના સભ્યો સાથે જિલ્લા અને શહેર પ્રમુખોને પણ બેઠકમાં હાજર રહેવા ખાસ સૂચના આપવામાં આવી છે. બેઠકના પ્રથમ દિવસે તાલુકા પંચાયતના કુલ 230 પ્રમુખોના નામ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. વિવિધ જિલ્લાઓમાંથી મળેલ ફીડબેક અને સંગઠનના સૂચનોને ધ્યાનમાં રાખીને ઉમેદવારોની પસંદગી માટે ગહન વિચારણા કરવામાં આવી હતી. આજે બીજા દિવસે બેઠક વધુ મહત્વપૂર્ણ બનશે, જેમાં 33 જિલ્લા પંચાયત પ્રમુખ, 15 મહાનગરપાલિકાના મેયર,76 નગરપાલિકા પ્રમુખ મળીને કુલ 124 પદો માટે ચર્ચા અને નામોને અંતિમ સ્વરૂપ આપવા મથામણ ચાલી રહી છે.સૂત્રો મુજબ, ઉમેદવારોની પસંદગીમાં સંગઠન પ્રત્યેની વફાદારી, કાર્યક્ષમતા, સ્થાનિક સમીકરણો અને જીતની ક્ષમતા જેવા માપદંડોને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે.

# ગુજરાત બનશે સેમિકન્ડક્ટર સુપરહબ : સાણંદમાં માઈક્રોનની પાર્ટનર 'હોતાયી'નું ₹700 કરોડનું રોકાણ

**ગાંધીનગર, તા.07**



ગુજરાતે દેશના સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં વધુ એક મોટી સિદ્ધિ મેળવી છે. મલેશિયા સ્થિત અગ્રણી કંપની હોતાયી ઈલેક્ટ્રોનિક્સ (Hotayi Electronics) હવે સાણંદ GIDC ખાતે એડવાન્સ સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી સ્થાપશે. કંપની આગામી 10 વર્ષમાં અંદાજે 700 કરોડનું રોકાણ કરશે. આ પ્રોજેક્ટ માટે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે કંપનીને ઓફર કમ એલોટમેન્ટ (OCA) પત્ર એનાયત કરવામાં આવ્યો હતો.

**ગુજરાતમાં હાઈ-ટેક મેન્યુફેક્ચરિંગને નવી દિશા મળશે**

રાજ્ય સરકાર દ્વારા સાણંદ-II GIDC ખાતે કંપનીને 5 હેક્ટર જમીનની ફાળવણી કરવામાં આવી છે. ખાસ વાત એ છે કે, હોતાયી ઈલેક્ટ્રોનિક્સ વૈશ્વિક સેમિકન્ડક્ટર દિગ્ગજ કંપની માઈક્રોનની મુખ્ય સપ્લાય ચેઈન પાર્ટનર માનવામાં આવે છે. જેના કારણે ગુજરાતનું વૈશ્વિક ટેક ઈન્ડસ્ટ્રીમાં મહત્વ વધુ મજબૂત બનશે. આ અત્યાધુનિક ફેસિલિટીમાં DRAM મેમરી મોડ્યુલ્સ, SSDs, સર્વર અને ડેટા સેન્ટર મેમરી મોડ્યુલ્સ ઉપરાંત ઓટોમોટિવ ઈલેક્ટ્રોનિક્સ જેવા કે LED લાઈટિંગ અને ઈન્ફોટેનમેન્ટ મોડ્યુલ્સનું ઉત્પાદન કરવામાં આવશે. સ્માર્ટ મેન્યુફેક્ચરિંગ અને AI આધારિત ઓટોમેશન ટેક્નોલોજીનો ઉપયોગ થવાને કારણે ગુજરાતમાં હાઈ-ટેક મેન્યુફેક્ચરિંગને નવી દિશા મળશે.

**મોટા પાયે રોજગારીની તકો ઊભી કરશે**

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, ગુજરાત આજે પોતાની વિશ્વસ્તરીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓ, ઝડપી નીતિગત નિર્ણયો અને ઉદ્યોગ સાનુકૂળ વાતાવરણને કારણે વૈશ્વિક ટેક કંપનીઓ માટે પ્રથમ પસંદગી બની રહ્યું છે. હોતાયીનું આ રોકાણ રાજ્યમાં સેમિકન્ડક્ટર અને ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ ઈકોસિસ્ટમને વધુ મજબૂત બનાવશે અને મોટા પાયે રોજગારીની તકો ઊભી કરશે. તેમણે વધુમાં ઉમેર્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'આત્મનિર્ભર ભારત' અને 'મેક ઈન ઈન્ડિયા' વિઝનને સાકાર કરવામાં ગુજરાત ભૂમિકા ભજવી રહ્યું છે. સાણંદ હવે માત્ર ઓટોમોબાઈલ નહીં પરંતુ સેમિકન્ડક્ટર અને હાઈ-ટેક ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગનું પણ મુખ્ય કેન્દ્ર બની રહ્યું છે.

# ગાંધીનગર મનપાના ડે.એન્જિનિયરે સમજાવી આખી સિસ્ટમ, જ્યાં લાંબી કતાર હોય ત્યાં આપો આપ સિગ્નલ ગ્રીન

**ગાંધીનગર, તા.07**

ગાંધીનગરના આઈકોનિક રોડ પર ગુજરાતનું સૌ પ્રથમ AI આધારિત ટ્રાફિક સિગ્નલ કાર્યરત કરવામાં આવ્યું છે. આ નવી ટેકનોલોજી કેવી રીતે કામ કરે છે અને તેનાથી વાહનચાલકોને શું ફાયદો થશે, તે અંગે ગાંધીનગર મહાનગર પાલિકાના ડેપ્યુટી ઈજનેર મહર્ષિ રાવલે ખાસ ડિજિટલ માટે સ્થળ પરથી વિસ્તૃત એક્સપ્લેનર આપ્યું હતું. ડેપ્યુટી એન્જિનિયર મહર્ષિ રાવલના જણાવ્યા અનુસાર, કોઈ એક તરફ વાહનોની લાઈન લાંબી હોય, તો AI સિસ્ટમ આપોઆપ તે બાજુનું સિગ્નલ જલ્દી 'ગ્રીન' કરી દેશે. જે તરફ ટ્રાફિક ઓછો હશે ત્યાં સમય ઘટાડી દેવામાં આવશે. રાત્રિના સમયે અથવા જ્યારે



રસ્તો ખાલી હોય, ત્યારે વાહનચાલકે ખોટી રીતે સિગ્નલ પર ઉભા રહેવું નહીં પડે. સેન્સર વાહનની હાજરી ઓળખીને તરત રસ્તો ક્લિયર કરી આપશે. ગાંધીનગરના આઈકોનિક રોડને સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ કરવામાં આવી રહ્યો છે. આ AI સિગ્નલથી માત્ર ટ્રાફિક જ નહીં, પણ ઈંધણની બચત થશે અને પ્રદૂષણમાં પણ ઘટાડો જોવા મળશે. મહર્ષિ રાવલે ઉમેર્યું હતું કે, આ પ્રોજેક્ટની સફળતા બાદ શહેરના અન્ય વ્યસ્ત સર્કલો પર પણ આ સિસ્ટમ અમલી બનાવવાનું આયોજન થઈ શકે છે. આ સિસ્ટમ કાર્યરત થવાથી પીક અવર્સ (ટ્રાફિકના સમયે) વાહનોનો ભરાવો ઓછો થશે. વાહનચાલકોએ હવે લાંબા ટાઈમરની રાહ જોવાને બદલે સિસ્ટમના ઓટોમેટિક રિસ્પોન્સ પર નિર્ભર રહેવાનું રહેશે, જે માનવ રહિત રીતે ટ્રાફિક મેનેજમેન્ટ કરશે. આના માટે આગામી ટૂંક સમયમાં અત્રેના રોડ પર હાઈટેક કન્ટ્રોલ રૂમ પણ બનાવામાં આવશે. જ્યાં થી સમગ્ર સિસ્ટમનું મોનીટરીંગ અને સંચાલન થશે.

# મહારાષ્ટ્રમાં બર્ડફ્લૂની એન્ટ્રીથી ગાંધીનગર હાઈએલર્ટ મોડ પર, ગુજરાત સરકારનું પશુપાલન વિભાગ સફાળું જાગ્યું

**ગાંધીધામ, તા.07**

મહારાષ્ટ્રના પુના જિલ્લાના બારામતીમાં પેરાગ્રીન ફાલ્કન પક્ષીઓમાં બર્ડફ્લૂની પુષ્ટિ થતાની સાથે જ ગુજરાત સરકારનું પશુપાલન વિભાગ સફાળું જાગ્યું છે. મહારાષ્ટ્રમાં આ વાયરસને કારણે પક્ષીઓના મોતના અહેવાલો બાદ ગાંધીનગર જિલ્લામાં સંક્રમણ અટકાવવા વહીવટી તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે 18 ટીમોને એક્ટિવ કરી સઘન સર્વેલન્સ કરવા સૂચના આપી દેવાઈ છે. મહારાષ્ટ્રના પુના જિલ્લાના બારામતી વિસ્તારમાં પેરાગ્રીન ફાલ્કન પક્ષીમાં બર્ડફ્લૂ વાયરસ જોવા મળ્યો છે અને ત્યાં પક્ષીઓના મરણ પણ નોંધાયા છે. આ પરિસ્થિતિને ગંભીરતાથી લઈને ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આગોતરા સાવચેતીના પગલાં લેવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે. જિલ્લા વિકાસ અધિકારી બી.જે. પટેલે સ્થિતિની ગંભીરતા પારખીને જિલ્લા પશુપાલન અધિકારીને તાત્કાલિક સુરક્ષાત્મક પગલાં લેવા આદેશ આપ્યા છે. જેના પગલે જિલ્લા પશુપાલન અધિકારી ડૉ. એસ.આઈ. પટેલે તમામ પશુચિકિત્સા અધિકારીઓને રોગચાળો અટકાવવા માટેના પ્રોટોકોલ સાથે સત્તાવાર આદેશો આપી દેવાયા છે.


**ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત આપે છે તક...**

**બનો સોશિયલ જર્નાલિસ્ટ**

આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.

**વોટ્સએપ નંબર - 8980070599**